gujaratvandan.com



‘એનિમલ’ ફિલ્મના પગલે તૃપ્તિના ફેન્સની સંખ્યામાં મોટો ઉછાળો
પેજ 11


નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 10 ડિસેમ્બર 2023

કારતક વદ-13, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 31 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


**સુવિચાર**
તમારા સ્વભાવને હંમેશા સૂર્ય જેવો રાખો, ઉગતી વખતે અભિમાન નહીં...અને આથવાનો ડર નહીં...

## ISISના કાવતરાંનો પર્દાફાશ

### મહારાષ્ટ્ર અને કર્ણાટક સહિત અન્યત્ર 44 સ્થળોએ મોટી કાર્યવાહીના પગલે હલચલ

# આતંકવાદ સામે NIA દ્વારા દેશવ્યાપી દરોડા

ગુજરાત | વંદન

દેશની પ્રિમિયર તપાસ એજન્સી એનઆઈએ (નેશનલ ઈન્ટેલિજન્સ એજન્સી) દ્વારા આજે એક સાથે બે રાજ્યો મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં એક સાથે દેશ વ્યાપી વ્યાપક દરોડા પાડીને આતંકી સંગઠન આઈએસઆઈએસ સાથે જોડાયેલા 13 લોકોની ધરપકડ કરતા હલચલ મચી હતી. એક સાથે 13 લોકોની ધરપકડ અને 2 રાજ્યોમાં 44 સ્થળો પર દરોડાની કાર્યવાહી કદાચ પહેલી વાર હાથ ધરવામાં આવી હતી. ધરપકડ કરાયેલા લોકો ISISની વિચારધારા ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનો દાવો તપાસ એજન્સી દ્વારા કરવામાં આવ્યો હતો. તપાસની કામગીરી હજુ જારી છે અને 2 રાજ્યો ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ તેના તાર જોડાયેલા હોવાનું મનાય છે. એનઆઈએ દ્વારા આ રાજ્યોના એકમોને અલર્ટ કરવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળે છે. નોધનીય છે કે આ આતંકી સંગઠન દેશ વિરોધી પ્રવૃતિઓ ભાંગફોડને અંજામ આપે છે.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ આતંકવાદી સંગઠન ISISના ષડયંત્ર વિરુદ્ધ મોટી કાર્યવાહી કરતા દેશભરમાં અલગ-અલગ 44થી વધુ સ્થળો પર એક સાથે મોટા દરોડા પાડ્યા છે. મહારાષ્ટ્રમાં મોટાભાગના સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે જેમાં થાણે ગ્રામીણ, થાણે શહેર, પુણે-મીરા ભાયંદરનો સમાવેશ થાય છે. આ સિવાય કર્ણાટકમાં પણ એક જગ્યાએ દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. આ દરોડામાં સૌથી મોટી વાત એ છે કે દરોડા થાણેના ગ્રામીણ વિસ્તારોમાં થઈ રહ્યા છે.

NIAના દરોડા દરમિયાન આતંકવાદીઓના આંતરરાષ્ટ્રીય જોડાણો અને વિદેશી-આધારિત ISIS હેન્ડલર્સની સંડોવણી સાથેના મોટા ષડયંત્રનો પણ પર્દાફાશ કર્યો છે. NIAના આ સર્ચ ઓપરેશનમાં ભારતમાં ISISની આતંકવાદી વિચારધારાનો પ્રચાર કરવા માટે પ્રતિબદ્ધ લોકોના જટિલ નેટવર્કનો પણ ખુલાસો થયો છે. આ નેટવર્કે ISISના સ્વ-ઘોષિત નેતા પ્રત્યે વફાદારી લીધી હતી

...અનુસંધાન પેજ નં. 6 પર



**NIAની તપાસનો ધમધમાટ** | મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ દરોડા ISIS આતંકવાદીઓ સાથે કનેક્શનની આશંકાથી પાડવામાં આવી રહ્યા છે. NIAની ટીમો મહારાષ્ટ્રના થાણે, પુણે અને મીરા ભાયંદર પહોંચી હતી. NIAની એક બીજી ટીમ કર્ણાટકમાં પહોંચી ગઈ હતી . NIAની ટીમો સાથે સ્થાનિક પોલીસની ટીમો પણ હતી. કર્ણાટકમાં 1, પુણેમાં 2, થાણે ગ્રામીણમાં 31, થાણે શહેરમાં 9 અને ભાયંદરમાં એક સ્થળે દરોડા પડાવામાં આવ્યા હતા.

### શું છે પુણે ISIS મોડ્યુલ કેસ?

આ વર્ષે 18 જુલાઈના રોજ, પૂણે પોલીસે શાહનવાઝ અને મધ્યપ્રદેશના બે લોકો - મોહમ્મદ ઈમરાન ખાન અને મોહમ્મદ સાકીની પુણેમાં ટુ-વ્હીલરની ચોરીના સંબંધમાં ધરપકડ કરી હતી. જ્યારે પોલીસ તેને પૂછપરછ માટે તેના ઠેકાણા પર લઈ જઈ રહી હતી ત્યારે શાહનવાઝ પોલીસની કારમાંથી કૂદીને નાસી છૂટ્યો હતો. મોહમ્મદ ઈમરાન ખાન અને મોહમ્મદ સાકીની પૂછપરછ દરમિયાન પોલીસને ખબર પડી કે બંને સુફા આતંકવાદી ગેંગમાં સામેલ છે. એપ્રિલ 2022માં રાજસ્થાનમાં એક કારમાંથી વિસ્ફોટક મળી આવવાના કેસમાં ત્યાંની પોલીસ તેને શોધી રહી છે. ત્યારબાદ પોલીસે આ કેસને પુણે ISIS મોડ્યુલ કેસ નામ આપ્યું.

## ■ ચૂંટણી પંચ દ્વારા ચાર રાજ્યોમાં મતગણતરી સ્થળે કડક બંદોબસ્ત, EVM બોલશે

### બલદેવ સાહુ એન્ડ ગ્રુપ ઈન્કમટેક્સના સકંજામાં...

## કોંગ્રેસના એક સાંસદના ઘરમાંથી અધધ.. 300 કરોડ રોકડા મળી આવ્યાં

ગુજરાત | વંદન

ઈન્કમટેક્સ વિભાગને અત્યાર સુધીમાં ત્રણ રાજ્યો ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસના સાંસદ ધીરજ સાહુ અને તેમના સંબંધીઓ અને મિત્રોના 10 સ્થળો પરથી 300 કરોડ રૂપિયાથી વધુની રોકડ મળી છે. બે દિવસથી ચાલી રહેલા આ ઓપરેશનમાં પહેલાં 200 કરોડ મળ્યા હતા. તેમાં વધુ 100 કરોડ રોકડા મળી આવતાં આંકડો 300 કરોડે પહોંચ્યો છે.

આ દરોડો બલદેવ સાહુ એન્ડ ગ્રુપ સાથે સંબંધિત છે. નિર્દેશકોના નામમાં અમિત સાહુ, રિતેશ સાહુ



અને ઉદય શંકર પ્રસાદનો સમાવેશ થાય છે. શુક્રવારે ત્રીજા દિવસે 6 મોટા અને 6 નાના મશીનોમાંથી જપ્ત કરાયેલા નાણાની ગણતરી કરવામાં આવી હતી. આ હજુ પણ ચાલુ છે. સ્ટેટ બેંકની બોલાંગીર અને સંબલપુર શાખાઓમાં 300 કરોડ રૂપિયાથી વધુની ગણતરી પૂર્ણ થઈ ગઈ છે.

તેમજ, ટિટલાગઢમાં દારૂનો ધંધો સંભાળતા સંજય સાહુ અને દીપક સાહુના ઘરેથી 8 કરોડ રૂપિયા રિકવર કરવામાં આવ્યા છે. રાઈસ મિલર અને ટ્રાન્સપોર્ટર રાજકિશોર જયસ્વાલના પરિસરમાંથી પણ મોટી રકમ જપ્ત કરવામાં આવી હતી. આવકવેરા વિભાગના મહાનિર્દેશક સંજય બહાદુરે દિલ્હી જતા સમયે ભુવનેશ્વર એરપોર્ટ પર મીડિયાને જણાવ્યું હતું કે રોકડની રકમ એટલી મોટી છે કે તેને ગણતરીમાં હજુ બે દિવસ લાગશે. બુદ્ધ જિલ્લામાં રાઈસ મિલ અને બૌદ્ધ ડિસ્ટિલરી પ્રાઈવેટ

...અનુસંધાન પેજ નં. 6 પર

## ન્યૂઝ બ્રિફ

### 2 વર્ષમાં 260 કરોડ લોકોનો પર્સનલ ડેટા લીક થવાનો એપલનો ધડાકો

આઈફોન નિર્માતા એપલે એક આશ્ચર્યજનક અહેવાલ પ્રકાશિત કર્યો છે. કંપનીએ મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના પ્રોફેસર ડો. સ્ટુઅર્ટ મેડનિક દ્વારા હાથ ધરાયેલ એક સ્વતંત્ર અભ્યાસ પ્રકાશિત કર્યો, જેમાં જણાવાયું છે કે ડેટા ભંગ એ એક રોગચાળો બની ગયો છે જે વિશ્વભરના વપરાશકર્તાઓને અસર કરી રહ્યો છે. કહેવાનો અર્થ એ છે કે આનાથી કોઈ બચ્યું નથી અને હેકર્સ દરેકનો ડેટા ચોરી રહ્યા છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે 2013 અને 2022 ની વચ્ચે ડેટા ભંગની કુલ સંખ્યા ત્રણ ગણીથી વધુ થઈ ગઈ છે, માત્ર છેલ્લા બે વર્ષમાં 2.6 બિલિયન વ્યક્તિગત રેકોર્ડ્સ સામે આવ્યા છે.

### રિપોર્ટ: ભારતમાં હાર્ટ એટેકથી મરનારાઓની સંખ્યામાં 12%નો વધારો



નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો' (NCRB) ના નવા રિપોર્ટ અનુસાર, 2021ની સરખામણીમાં 2022માં હાર્ટ અટેકથી મૃત્યુ પામનારાઓની સંખ્યામાં 12.5 ટકાનો વધારો થયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે 2022 માં હાર્ટ અટેકના કારણે 32,457 લોકોના મોત થયા હતા, જે ગયા વર્ષે નોંધાયેલા 28,413 મૃત્યુ કરતા ઘણા વધારે છે. રિપોર્ટમાં એ પણ ખુલાસો થયો છે કે કોવિડ-19 પછી હાર્ટ અટેકના કારણે મૃત્યુની સંખ્યા સતત વધી રહી છે. ઘણા સંશોધનોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે કોરોના વાયરસને કારણે હાર્ટના ફંક્શનને ખૂબ અસર થઈ છે. માહિતી અનુસાર, વર્ષ 2022માં અચાનક મૃત્યુનો દર પણ વધ્યો છે. વર્ષ 2022માં અચાનક મૃત્યુનો કુલ આંકડો ઘણો આશ્ચર્યજનક છે. અચાનક મૃત્યુની સંખ્યા 56,450 છે, જે છેલ્લા ત્રણ વર્ષમાં ચિંતાજનક રીતે વધી રહેલા વલણને દર્શાવે છે.

### આજે ભારત-સાઉથ આફ્રિકા વચ્ચે પ્રથમ ટી-20 મેચ

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ત્રણ મેચની T20I



સિરીઝની પ્રથમ મેચ આવતીકાલે ડરબનમાં રમાનાર છે. તે પછીની બંને મેચો 12 અને 14 ડિસેમ્બરના રોજ જોહાનસબર્ગમાં રમાશે. ત્રણ T20I મેચ રમ્યા બાદ 17થી 21 ડિસેમ્બર સુધી બંને ટીમો વચ્ચે ત્રણ ODI મેચ રમાશે અને તે પછી બંને ટીમો 26 ડિસેમ્બરથી 2 ટેસ્ટ મેચની સિરીઝમાં આમને-સામને થશે. ભારત સામે રમાનાર T20I સિરીઝ માંથી લુંગી એનગિડીના બહાર થયા બાદ બ્યુરોન હેન્ડ્રીક્સને બે વર્ષ બાદ પુનરાગમન કરવાની તક મળી છે. બ્યુરોન હેન્ડ્રીક્સ છેલ્લે આફ્રિકા તરફથી વર્ષ 2021માં રમ્યો હતો.

### પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટથી આગ લાગવાનું કારણ બહાર આવ્યું

## ઈરાક: યુનિ. હોસ્ટેલમાં ભયંકર આગ લાગતા 14 વિદ્યાર્થીઓના મોત, 18 ઘાયલ

ગુજરાત | વંદન

ઈરાકના ઉત્તરે આવેલા ઈરબિલ શહેરમાં એક યુનિવર્સિટીના હોસ્ટેલમાં આગ લાગતાં ઓછામાં ઓછા 14 લોકોના મોતના અહેવાલ મળી રહ્યા છે. જ્યારે 18થી વધુ ઘાયલ થયા હતા જેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ઘટના શુક્રવારે સાંજે બની હતી.

સોરનના સ્વાસ્થ્ય નિર્દેશાલયના પ્રમુખ કામરામ મુલ્લા મોહમ્મદે કહ્યું કે ઈરબિલના પૂર્વમાં એક નાનકડા શહેર સોરનમાં એક હોસ્ટેલમાં આગની ઘટના બની હતી. સરકારી મીડિયાએ મૃતકોની સંખ્યાની પુષ્ટી કરી હતી.

સ્થાનિક સમાચાર એજન્સી રુદાવે



જણાવ્યું કે આગ પર મોડી રાત સુધીમાં કાબૂ મેળવી લેવાયો હતો. શરૂઆતની તપાસમાં જાણ થઈ કે આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હતું. આ વિસ્તાર કુર્દિસ્તાન પ્રાંતમાં આવે છે. કુર્દિસ્તાનના વડાપ્રધાન મસરૌર બરજાનીએ આ ઘટના અંગે એક તપાસ સમિતિની રચના કરી હતી.

## કરણી સેનાના વધુ એક નેતાને જાનથી મારી નાખવાની ધમકી

■ ‘તુને લોરેન્સ કો ગાલી દે કર ગલતી કર દી, અબ તેરી બારી ‘RIP IN ADVANCE’

ગુજરાત | વંદન

શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના અધ્યક્ષ સુખદેવસિંહ ગોગામેડીની હત્યા બાદ પોલીસ એક્શનમાં આવી ગઈ છે. હત્યારાઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. પોલીસ હત્યારાઓને પકડવા માટે રાજસ્થાનના ગામડાઓ ખૂંદી રહી છે. આ વચ્ચે હવે કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સૂરજપાલ અમ્મૂને ધમકી મળી છે. કથિત રીતે લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા સોશિયલ



મીડિયા પર આ ધમકી આપવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, ‘તુને લોરેન્સ કો ગાલી દે કર ગલતી કર દી. અબ તેરી બારી ‘RIP IN ADVANCE’. તાઉ તુઝે કબ ઉઠા લેંગે, પતા નહીં ચલેગા.’

આ ધમકી પર સૂરજપાલ અમ્મૂએ આકરો જવાબ આપતા કહ્યું કે, ‘હું માં કરણીનો વંશજ છું, હું આવી ધમકીઓથી ડરતો નથી. અમે દેશમાંથી મુઘલો અને અંગ્રેજોને ભગાડ્યા છે. અમે અલાઉદ્દીન ખિલજીના દાંત ખાટ્ટા કર્યા છે.’ આ સાથે જ તેમણે ચેતવણી આપતા કહ્યું કે, ‘તાઉ નહીં, થારા ફૂફા હું, ડરને વાલા નહીં.’

સૂરજપાલ અમ્મૂએ કહ્યું કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આવા તમામ ગેંગસ્ટર્સ વિરુદ્ધ સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. NIA સતત દરોડા પાડીને આવા ગુનેગારો પર કાર્યવાહી કરવામાં વ્યસ્ત છે. સુખદેવસિંહ ગોગામેડીની હત્યાને લઈને તેમણે કહ્યું કે, આ આશ્ચર્યજનક વાત છે કે પંજાબ સરકારે પહેલા જ રાજસ્થાન સરકારને પત્ર લખીને ચેતવણી આપી હતી. છતાં પણ સુખદેવસિંહને સુરક્ષા ન આપવી એ

...અનુસંધાન પેજ નં. 6 પર

## રાજસ્થાનમાં રાજકીય ઉથલપાથલ, બાલનાથ CMની રેસમાંથી આઉટ?

ગુજરાત | વંદન

રાજસ્થાનમાં આવતીકાલે યોજાનારી બીજેપી ધારાસભ્ય દળની બેઠક પહેલા સીએમ પદના મુખ્ય દાવેદાર મહંત બાલકનાથના નિવેદનથી રાજકીય હલચલ વધી થઈ ગઈ છે. બાલકનાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું કે, “પાર્ટી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જનતા જનાર્દને પ્રથમ વખત સાંસદ અને ધારાસભ્ય બનાવીને દેશની સેવા કરવાની તક આપી. ચૂંટણી પરિણામો આવ્યા પછી મીડિયા અને સોશિયલ મીડિયામાં ચાલી રહેલી ચર્ચાઓને અવગણો. મારે હજુ પણ વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ અનુભવ મેળવવો છે.”

રાજસ્થાનની રાજનીતિ પર ઊંડી પકડ ધરાવતા રાજકીય નિષ્ણાત બાલકનાથના ટ્વીટ અલગ-અલગ અર્થ આપી રહ્યા છે. કેટલાક લોકોનું કહેવું છે કે યોગી બાલકનાથ સીએમ ચહેરાની રેસમાંથી બહાર છે. એટલા માટે આ ટ્વીટ કરવામાં આવ્યું છે. જ્યારે કેટલાક લોકોનું કહેવું છે કે ધારાસભ્ય દળની બેઠક બાદ જ ખબર પડશે કે કોણ બનશે સીએમ. હાલમાં બાલકનાથના ટ્વીટને કારણે રાજસ્થાનમાં રાજકીય તાપમાન ગરમાયું છે.

રાજકીય વિશ્લેષકોનું કહેવું છે કે BGPના નવા સીએમ લોકસભા ચૂંટણીને અનુલક્ષીને બનાવવામાં આવશે. આવી સ્થિતિમાં ભાજપ મહંત બાલકનાથ પર દાવ રમતા ખચકાય છે.

## સોમવાર સુધી નક્કી થશે ભાજપના ત્રણ નવા મુખ્યમંત્રીઓ

■ પાર્ટી દ્વારા નિયુક્ત નિરીક્ષકો જે તે રાજ્યની મુલાકાતે, કાર્યકરોને મળશે

ગુજરાત | વંદન

દેશના ત્રણ રાજ્યોમાં ભાજપની જીત બાદ હવે મુખ્યમંત્રી પદને લઈ કોકડું ગૂંચવાયું છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢના ચૂંટણી પરિણામો આવ્યાને છ દિવસ વીતી ગયા છે, પરંતુ મુખ્યમંત્રી પદ માટેના ચહેરાની પુષ્ટિ થઈ નથી. જોકે ત્રણેય રાજ્યો માટે નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી છે, જેઓ અહીંના ધારાસભ્યોના અભિપ્રાય લીધા બાદ મુખ્યમંત્રીના ચહેરાને અંતિમ રૂપ આપશે. દરમિયાન ઘણા નામો જે પહેલા આગળ હતા હવે પાછળના ભાગમાં ઉલ્લેખ કરવામાં આવ્યા છે. CMની રેસમાં નવા નામો આગળ આવવાની અફવા દિલ્હીથી ભોપાલ, જયપુર, રાયપુર સુધી શરૂ થઈ ગઈ છે. હવે માત્ર રવિવાર અને સોમવારની રાહ જોવાય છે.

વાત જાણે એમ છે કે, એવી ચર્ચા



છે કે, મુખ્યમંત્રી પદની રેસમાં સામેલ જૂના ચહેરાઓ વિદાય લઈ શકે છે. ત્રણ રાજ્યોમાંથી એકમાં મહિલા મુખ્યમંત્રીનું નામ આપવામાં આવી શકે છે. આદિવાસી અથવા ઓબીસી મુખ્યમંત્રીના નામની પણ જાહેરાત થઈ શકે છે. આ સિવાય સાંસદ બનેલા ધારાસભ્ય પણ મુખ્યમંત્રી બની શકે છે. સાથે જ ચૂંટણીલક્ષી મહેનતના આધારે કોઈ બિન-ધારાસભ્ય મુખ્યમંત્રીની ખુરશી પર બેસે તો નવાઈ પામવાની જરૂર નથી.

હવે રાજસ્થાનમાં CM પદની રેસમાં કિરોરી લાલ મીણાનું નામ પણ જોડાઈ ગયું છે. મધ્યપ્રદેશની આ રેસમાં જ્યોતિરાદિત્ય સિંધિયા પણ સામેલ હોવાનું કહેવાય છે. જ્યોતિરાદિત્ય સિંધિયા કેટલાક ખાસ

...અનુસંધાન પેજ નં. 6 પર

## તેલંગાણામાં ભાજપના ધારાસભ્યોની ચીમકી, AIMIM નેતા ઓવૈસી પ્રોટેમ સ્પીકર બનશે તો શપથ નહી લઈએ

ગુજરાત | વંદન

તેલંગાણામાં, AIMIM નેતા અકબરુદ્દીન ઓવૈસીને રાજ્ય વિધાનસભાના પ્રથમ સત્ર માટે પ્રો-ટેમ સ્પીકર નિયુક્ત કરવામાં આવ્યા હતા. AIMIM ધારાસભ્ય અકબરુદ્દીન ઓવૈસીએ રાજ્યપાલ તમિલિસાઈ સૌંદરરાજન દ્વારા તેમની નિમણૂક બાદ શનિવારે વિધાનસભાના પ્રોટેમ સ્પીકર તરીકે શપથ લીધા હતા. ભાજપના ધારાસભ્ય ટી રાજા સિંહ આ શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યા ન હતા. ગોશામહલથી ભાજપના ચૂંટાયેલા ધારાસભ્ય ટી રાજા સિંહ ધારાસભ્ય તરીકે શપથ લેશે નહીં. તેમણે અકબરુદ્દીન ઓવૈસીના કારણે શપથનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. બંધારણની કલમ 188 હેઠળ, ચૂંટાયેલા સભ્યો

...અનુસંધાન પેજ નં. 6 પર

## ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેંગના બે શાર્પ શૂટર્સની દિલ્હીમાં ધરપકડ

ગુજરાત | વંદન

દિલ્હીના VVIP વિસ્તારમાં દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલ અને ગેંગસ્ટરો વચ્ચે એન્કાઉન્ટર થયું હતું જેમાં પોલીસે લોરેન્સ બિશ્નોઈ ગેંગના બે શૂટરોની ધરપકડ કરી હતી અને બાદમાં તેમને દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચમાં લઈ જવાયા હતા જ્યાં બંનેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

માહિતી મુજબ રાજધાની દિલ્હીના VVIP વસંત કુંજ વિસ્તારમાં લોરેન્સ ગેંગના બે શાર્પ શુટર છે તેવી માહિતી પોલીસને મળતા દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે તેમને પકડવા માટે આ

...અનુસંધાન પેજ નં. 6 પર

## વિદેશમાં છેલ્લા પાંચ વર્ષમાં 400 કરતાં વધુ ભારતીય છાત્રોના મોત થયા

■ રાજ્યસભામાં અપાઈ માહિતી, સૌથી વધુ 91 વિધાર્થીઓ કેનેડામાં માર્યા ગયા

ગુજરાત | વંદન

5ઉચ્ચ શિક્ષણ માટે અમેરિકા, કેનેડા સહિતના દેશોમાં એક નવી જીંદગી જીવવા માટે ભણવા જતા ભારતીય યુવાનોને ત્યાં કેવી મુશ્કેલીઓ પડે છે. કેવુ જીવન જીવે છે અને ગન કલ્ચર કે ધિક્કારની લાગણીનો શિકાર બનીને જાન ગુમાવવાનો વારો આવે છે. રાજ્યસભામાં અપાયેલી સત્તાવાર માહિતી અનુસાર વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ગયેલા ભારતના વિધાર્થીઓમાંથી 400 કરતા વધુ વિધાર્થીઓના મોત છેલ્લા પાંચ વર્ષમાં થયા છે. આ આંકડા ચોંકાવનારા અને એક રીતે ડરામળા કહી શકાય કેમ કે માતા-પિતા કે વાલીઓ પોતાના સંતાનને જેમ-તેમ કરીને ઉચ્ચ અભ્યાસ માટે વિદેશમાં એટલા માટે મોકલતા હોય છે કે જેથી તેમનું સંતાન વિદેશમાં ભણીને ડોલર કમાય અને બે પાંદડે થઈ શકે અલબત જે 400 કરતા વધુ યુવાનોના મોત થયા તેમના પરિવારનું આવી અપેક્ષા પૂર્ણ થઈ શકે નથી તે પણ એક કરવું સત્ય છે.

ભારતમાં રહેતા ઘણા વિદ્યાર્થીઓ



ઉચ્ચ શિક્ષણ મેળવવાના ઈરાદે વિદેશમાં જાય છે. જેમાં ખાસ કરીને આ વિદ્યાર્થીઓ અમેરિકા, ઈંગ્લેન્ડ, રશિયા અને કેનેડા, ઓસ્ટ્રેલિયા જેવા દેશોની પસંદગી કરે છે. આ દરમિયાન ભારત સરકારે એક અહેવાલ બહાર પાડ્યો હતો જેમાં 2018 થી વિદેશોમાં વિવિધ કારણોસર 403 ભારતીય

વિદ્યાર્થીઓના મૃત્યુ થયાનો ઉલ્લેખ કરાયો છે. આ રિપોર્ટ અનુસાર, વિશ્વના 34 દેશોમાં કેનેડામાં સૌથી વધુ 91 મૃત્યુ થયા છે.

વિદેશ રાજ્યમંત્રી વી મુરલીધરને રાજ્યસભામાં માહિતી આપી હતી કે મંત્રાલય પાસે ઉપલબ્ધ માહિતી અનુસાર, 2018થી વિદેશમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓના મૃત્યુની 403 ઘટનાઓ સામે આવી છે. ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ કેનેડામાં 2018થી અત્યાર સુધીમાં 91 ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. ત્યારબાદ બ્રિટન(48), રશિયા (40), અમેરિકા (36), ઓસ્ટ્રેલિયા(35), યુક્રેન (21), જર્મની- સાયપ્રસ (14), ઈટાલી અને ફિલિપાઈન્સ (10) નો નંબર આવે છે. વિદેશ રાજ્ય મંત્રી વી મુરલીધરને કહ્યું કે વિદેશમાં ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષા એ ભારત સરકારની સૌથી મહત્વપૂર્ણ પ્રાથમિકતાઓમાંની એક છે. તેના માટે મિશન/પોસ્ટના વડાઓ અને વરિષ્ઠ અધિકારીઓ ભારતીય વિદ્યાર્થીઓ અને તેમના સંગઠનો સાથે નિયમિત વાર્તાલાપ કરવા યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લે છે. તેમણે કહ્યું કે આ માટે ભારતીય મિશન અને પોસ્ટ્ સતર્ક રહે છે અને

...અનુસંધાન પેજ નં. 6 પર

### અમેરિકામાં ગુજરાતી પર 2.20 કરોડ ડોલરની છેતરપિંડીનો આરોપ

ગુજરાત | વંદન

અમેરિકાની એક ફૂટબોલ ટીમના ગુજરાતી મૂળના પૂર્વ ફાઈનાન્સિયલ મેનેજર પર પોતાની ખર્ચાળ જીવનશૈલી માટે ફ્રેન્ચાઈઝીથી બે કરોડ ૨૦ લાખ અમેરિકન ડોલરથી વધુની રકમની છેતરપિંડી કરવાનો આરોપ મૂક્યો છે. અમિત પટેલે ૨૦૧૮થી પાંચ વર્ષ સુધી જૈકસનવિલે જગુઆર માટે કાર્ય કર્યુ હતું. જેકસનવિલેના અમેરિકા જિલ્લા કોર્ટમાં દાખલ દસ્તાવેજ અનુસાર પટેલ પર ઓનલાઈન છેતરપિંડી કરી છે.

### વાંકી નજરે...

સૌજન્યથી...



ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ગાંધીનગરને ફરી 'ગ્રીન સીટી' બનાવવા 3 વર્ષમાં 14 લાખ વૃક્ષો વવાયા


**■ આરક્ષિત વિસ્તારોના જતન સાથે આગામી પાંચ વર્ષમાં ૩૦ લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક**

ગુજરાત | વંદન

વિકાસ અને નવી નવી યોજનાઓને કારણે એક સમયના સૌથી હરિયાળા શહેર ગાંધીનગરને ફરીથી હરિયાળુ બનાવવાના વન વિભાગે પ્રયાસ શરૂ કર્યા છે. એકતરફ સરકારના વિભાગો પ્રોજેક્ટ્સ પાર પાડવા માટે આડેધડ વૃક્ષો કાપી રહ્યાં છે ત્યારે આ વિભાગે ત્રણ વર્ષમાં ૧૪ લાખ વૃક્ષો વાવીને ઉચિત કામગીરી કરી છે.

૩૦ વર્ષ પહેલાં ગાંધીનગરને ગ્રીન સિટીનું બિરૂદ મળ્યું હતું. પરંતુ સરકારના વિભાગો દ્વારા સિમેન્ટ-કોંક્રિટના જંગલો ઉભા કરવા ગ્રીનરીને ખતમ કરી દેવામાં આવી હતી. માર્ગો પહોળા કરવા, પીવાના પાણી, વરસાદી પાણી અને ગટરની લાઈનો નાંખવા તેમજ સરકારી ઈમારતો ઉભી કરવા માર્ગ-મકાન સહિત સંલગ્ન વિભાગોએ વૃક્ષોનું નિકંદન કાઢી નાખ્યું છે.

સરકારી આંકડા પ્રમાણે સરકારના વિભાગોએ શહેરમાંથી છેલ્લા પાંચ વર્ષમાં ૩૦ હજારથી વધુ વૃક્ષો કાપી નાંખ્યા છે. હવે શહેરને હરિયાળું બનાવવા માટે વન વિભાગે ફરીથી વૃક્ષો વાવવાની ઝૂંબેશ શરૂ કરી ત્રણ વર્ષમાં ૧૫૦૦ હેક્ટર વિસ્તારમાં ૧૪ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કર્યું છે.



ગ્રીન સિટીનો ગુમાવેલો દરજ્જો પાછો લેવા માટે વન વિભાગે આ પ્રયાસ શરૂ કર્યો છે. ગાંધીનગરના નાયબ વન સંરક્ષક ડો. સાન્દ્રેએ જણાવ્યું હતું કે ૨૦૨-૨૨માં ૩૯૦ હેક્ટરમાં ૪.૩૬ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું, એ ઉપરાંત ૨૦૨૨-૨૩માં ૩૬૭ હેક્ટરમાં ૩.૫૦ લાખ વૃક્ષો વાવવામાં આવ્યા છે, જ્યારે ૨૦૨૩-૨૪માં અત્યાર સુધીમાં ૭૩૩ હેક્ટર જમીનમાં ૫.૭૭ લાખ વૃક્ષો રોપવામાં આવ્યા છે.

પાટનગરને હરિયાળુ બનાવવા માટે જંગલ વિભાગે આરક્ષિત વિસ્તારોના જતન સાથે આગામી પાંચ વર્ષમાં ૩૦ લાખ જેટલા વૃક્ષો વાવવાનું નક્કી કર્યું છે. આ વૃક્ષોનું વાવેતર ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર ઉપરાંત ન્યૂ ગાંધીનગર એટલે શહેરી વિકાસ સત્તામંડળની ખુલ્લી સરકારી જમીન પર કરવામાં આવશે. એટલે કે બીજી ૩૦૦૦ હેક્ટર જમીન આવરી લેવાશે.

### ગાંધીનગરમાં યોજાયેલા સ્ટાર્ટઅપ કોન્ક્લેવમાં કેન્દ્રીયમંત્રીનો આશાવાદ

# આગામી પાંચેક વર્ષમાં એપલની ચીપ કે ડિઝાઈન ભારતમાં તૈયાર થઈ શકે

**■ કેપિટલ માર્કેટ, રીયલ એસ્ટેટ પછી હવે આઈડિયામાં રોકાણ કરવાનો સુવર્ણ યુગ આવ્યો**

ગુજરાત | વંદન

ગાંધીનગરમાં યોજાયેલા સ્ટાર્ટઅપ કોન્ક્લેવમાં કેન્દ્રીય રાજ્ય કક્ષાના આઈટી મંત્રી રાજીવ ચંદ્રશેખરે કહ્યું હતું કે એક સમયે કન્ઝ્યુમર તરીકેની ઓળખ ધરાવતા ભારત દેશે છેલ્લા ૯ વર્ષમાં પ્રોડ્યુસર તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી છે. દેશનો આગામી ડિકેડ એ ટેકેડ તરીકે ઓળખાશે અને ભારતમાં ટેકનોલોજી ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ ક્રાંતિ લાવશે. તેમાં યુવા ભારતીયોનો રોલ મહત્ત્વનો રહેશે. અઢળક તકોને જોતા ભારતના વિકાસમાં સ્ટાર્ટઅપનો રોલ મુખ્ય હશે. વર્ષ-૨૦૨૬ સુધીમાં ભારતની જીડીપીનો પાંચમો હિસ્સો ડિજિટલ અર્થ વ્યવસ્થાનો હશે તેમ પણ જણાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટાર્ટઅપ કોન્ક્લેવ ઈનોવેટિવ આઈડિયાઝ અને નોલેજ શેરિંગ માટે ઉત્તમ માધ્યમ બનશે તેવી આશા વ્યક્ત કરી હતી.

ગાંધીનગર હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે શિક્ષણ વિભાગ દ્વારા યોજાયેલી સ્ટાર્ટઅપ કોન્ક્લેવ સાથે યુવાઓ દ્વારા કરાયેલા સંશોધનોનું પ્રદર્શન પણ યોજાયું હતું જેની અગ્રણીઓએ મુલાકાત લઈને સ્ટાર્ટઅપની પ્રશંસા કરી હતી.

કોન્ક્લેવને સંબોધન કરતા કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને આઈટી રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરે જણાવ્યું કે આઝાદી બાદ ભારતના ઈતિહાસમાં અત્યારે સુવર્ણ સમય ચાલી રહ્યો છે. પીએમ નરેન્દ્ર મોદીએ ડિજિટલાઈઝેશન અને ટેકનોલોજીને વિશેષ મહત્ત્વ આપતા ૨૦૧૪થી દેશમાં ઈન્વેસ્ટમેન્ટ ઈકો સિસ્ટમ અને ડિજિટલ ઈકો સિસ્ટમ સતત



પ્રગતિમાં રહી છે. ભારત આજે વિશ્વની સૌથી વધુ ઝડપે વિકસી રહેલી અર્થ વ્યવસ્થા બની છે. આ દાયકો દેશમાં ડિજિટલ અને ટેકનોલોજીની ક્રાંતિનો દાયકો છે અને ટેકનોલોજી ક્ષેત્રમાં અનેકવિધ તકો ઉપલબ્ધ હોવાથી સ્ટાર્ટઅપ અને ઈનોવેશન માટેનો શ્રેષ્ઠ સમય છે જે સફળતાના નવા શિખરો સર કરશે. એટલું જ નહીં વિકસિત ભારતના @2047ના સ્વપ્નને સાકાર કરવામાં આ દાયકાનું મહત્વપૂર્ણ યોગદાન રહેશે.

જ્યારે સીએમ પટેલે જણાવ્યું કે સ્ટાર્ટઅપ ઈન્વેસ્ટર્સ તથા એન્જલ નેટવર્ક્સના વિચારો તથા તકોના આદાન-પ્રદાન માટે કોન્ક્લેવ સક્ષમ પ્લેટફોર્મ બનશે તેમ કહેતા ભારત વિશ્વની ત્રીજી મોટી સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ બન્યું છે. આ સિદ્ધિ પાછળ પીએમ નરેન્દ્ર મોદીની દેશના યુવાઓના સામર્થ્યને ગ્લોબલ પ્લેટફોર્મ આપવાની ગેરંટી છે. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે જે રાજ્ય કે દેશ ટેલેન્ટ ઉપર ઈનવેસ્ટ કરે છે તેનો વિકાસ નિશ્ચિત છે. કેપિટલ માર્કેટ, રીયલ એસ્ટેટ પછી હવે આઈડિયામાં રોકાણ કરવાનો સમય આવ્યો છે. મુખ્ય સચિવ રાજકુમારે જણાવ્યું હતું કે ગુજરાતમાં 9000 સ્ટાર્ટઅપ છે. કેન્દ્ર સરકારના ડીપીઆઈઆઈટીના રાજેશ કુમારસિંઘે જણાવ્યું હતું કે ભારત સરકારે વર્ષ 2016થી અત્યાર સુધી 99 હજાર સ્ટાર્ટઅપને માન્યતા આપી ઉદ્યોગ સાહસિકતાને વેગ આપ્યો છે.

ભારતમાં આગામી સમયમાં 10 હજાર યુનિકોર્ન હશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે આજે ભારતીય ત્રિરંગો દરેક સેગમેન્ટ અને ટેક ઈકો સિસ્ટમમાં નજરે પડે છે. ગુજરાત માઈક્રોનનું ઈન્વેસ્ટમેન્ટ લાવ્યું અને તેને જે ઝડપથી સપોર્ટ કર્યો તે બહુ મોટું ઉદાહરણ છે. આગામી પાંચેક વર્ષમાં એપલની ચીપ કે ડિઝાઈન આપણા દેશમાં તૈયાર થાય હોય તો નવાઈ નથી. તેમણે કહ્યું હતું કે અર્થશાસ્ત્રી રઘુરામ રાજને એક વર્ષ પહેલાં આગાહી કરી હતી કે ભારતનો 5 ટકાનો વૃદ્ધિ દર રહેશે તેના બદલે 7.6 ટકા રહ્યો છે.

### શિયાળામાં સ્વેટર બાબતે સ્કૂલોની મનમાની નહીં ચાલે

# વિદ્યાર્થીઓ ઈચ્છે તેવાં ગરમ કપડાં પહેરી શકશે: શિક્ષણમંત્રીનો આદેશ

ગુજરાત | વંદન



રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલોમાં ચોક્કસ પ્રકારના ડ્રેસ સાથે ચોક્કસ પ્રકારના સ્વેટર કે ગરમ કપડાં પહેરવાની ફરજ પાડવામાં આવતી હોવાની ફરિયાદ રાજ્યના શિક્ષણ વિભાગને મળી હતી. જેના પગલે રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનસેરિયાએ એવી તાકિદ કરી છે કે, સ્કૂલે આવતા ભૂલકાઓ, બાળકોને કોઈપણ ચોક્કસ પ્રકારના સ્વેટર કે ગરમ કપડાં પહેરવાની ફરજ પાડી શકાશે નહીં. આમ છતાં કોઈ સ્કૂલ આવી કોઈ ફરજ પાડતી હશે તો તેની સામે પગલાં ભરવામાં આવશે. રાજ્યની સ્કૂલોમાં ચોક્કસ પ્રકારના ડ્રેસ પહેરવામાં આવે છે. આ ડ્રેસ સાથે સ્કૂલો શિયાળાની ઠંડીની ઋતુમાં ચોક્કસ પ્રકારના સ્વેટર કે ગરમ કપડાં પહેરે તેવી ફરજ પાડતી હતી. આ પ્રકારની ઘટનાઓ પણ ભૂતકાળમાં બની ગઈ છે. ચોક્કસ પ્રકારના ગરમ કપડાં અને ચોક્કસ પ્રકારના સ્વેટર પહેરવાની ફરજ પાડતી સ્કૂલોએ સામે અગાઉ અનેક વખત વાલીઓએ ઉહાપોહ કર્યો હતો. વાલીઓએ એવા પણ આક્ષેપ કર્યા હતા કે, સ્કૂલો ચોક્કસ પ્રકારના સ્વેટર સાથે કેટલીક સ્કૂલો તો ચોક્કસ પ્રકારની ટોપી કે સ્કાર્ફ લેવાની પણ ફરજ પાડે છે.

આ ગરમ કપડાં પણ અમુક ચોક્કસ દુકાનો પાસેથી લેવાની ફરજ પાડવામાં આવે છે, જેથી કરીને ચોક્કસ વેપારીને બિઝનેસ મળે. આવું કરવા પાછળ સ્કૂલો અને વેપારીની મિલીભગત હોય છે. આ મિલીભગતમાં બંન્ને પક્ષે એકબીજાના હીતો સચવાતા હોવાથી સ્કૂલો આવી પ્રવૃતિઓ કરતી હોવાનું બહાર આવ્યું હતું. વળી, સ્કૂલો ચોક્કસ પ્રકારના વેપારી પાસેથી ગરમ કપડાં ખરીદવાની ફરજ પાડયા પછી પણ આ કપડાંઓની ગુણવત્તા પણ નબળી આવતી હતી.

જેના પરિણામે ઠંડી સામે વિદ્યાર્થીઓને જે રક્ષણ મળવું જોઈએ તે રક્ષણ મળતું નથી. આથી રાજ્યના શિક્ષણ વિભાગે વાલીઓ ઈચ્છે તેવા ગરમ પ્રકારના કપડાં વિદ્યાર્થીઓને પહેરાવી શકે તે બાબતે નિર્ણય લીધો છે. આ મામલે શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ સ્કૂલોને ચોક્કસ પ્રકારના સ્વેટર કે ગરમ કપડાં પહેરવા ફરજ ન પાડવાની તાકિદ કરી છે.

# ગાંધીનગર, સિદ્ધપુર, વડનગર અને કેવડિયામાં ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનશે

**■ કુલ 11 એરપોર્ટ માટે ગુજ. સરકાર અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા વચ્ચે MoU**

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે એવિએશન સેક્ટરના વિકાસ અને એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ થકી ટુરિઝમ, રિજિયોનલ કનેક્ટિવિટી, ટ્રેડ એન્ડ કોમર્સ તથા જોબ ક્રિએશનને વેગ આપવા એક નક્કર પગલું ભર્યું છે.

આ હેતુસર રાજ્ય સરકારના સિવિલ એવિએશન ડિપાર્ટમેનૂટ અને એરપોર્ટ ઓથોરિટી ઑફ ઈન્ડિયા વચ્ચે ગાંધીનગરમાં




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં MoU કરવામાં આવ્યા હતા. આ MoU અનુસાર ગુજરાત સરકાર એરપોર્ટ ડેવલપમેન્ટ માટે જરૂરિયાત મુજબની જમીન, વીજળી, પાણી, ફાયર સિક્યોરિટી જેવી યૂટિલિટી સેવાઓ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને પૂરી પાડશે.

એરપોર્ટ ઓથોરિટી ઑફ ઈન્ડિયા રાજ્યનાં ગ્રીનફિલ્ડ અને બ્રાઉનફિલ્ડ એરપોર્ટ ડેવલપમેનૂટની કામગીરી તથા વિસ્તરણની કામગીરી કરશે અને તે માટે થતો ખર્ચ પણ ભોગવશે. એટલું જ નહીં, એરપોર્ટના ઓપરેશન્સ અને મેન્ટેનન્સની કામગીરી, માસ્ટર પ્લાનિંગ, ડિઝાઈનિંગ પણ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા કરશે. આ કામગીરી તથા MoUની અન્ય બાબતોના સંચાલન માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેનના વડપણમાં ૧૦ સભ્યોની રાજ્યસ્તરીય સંકલન સમિતિની રચના કરવામાં આવશે.

આ કમિટીમાં ગુજરાત સરકારના નાગરિક ઉડ્ડયન સચિવ, મહેસુલ સચિવ, સિવિલ એવિએશન ડાયરેક્ટર તથા ગુજસેઈલના સી.ઈ.ઓ સહિત એરપોર્ટ ઓથોરિટી ઑફ ઈન્ડિયાના અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવશે. નાગરિક ઉડ્ડયન અને ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપુત તથા ઉદ્યોગ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આ MoU પર ગુજરાત સરકાર વતી ગુજસેઈલના સી.ઈ.ઓ અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા વતી એક્ઝિક્યુટિવ ડિરેક્ટરે હસ્તાક્ષર કર્યા હતા.

### ટ્રાન્સસ્ટેડિયામાં શોર્ટ લિસ્ટેડને 25 લાખના ઈનામ

# સ્પોર્ટસ સ્ટાર્ટઅપમાં ઈનોવેશનને પ્રોત્સાહિત કરવા 11મીએ કોન્ક્લેવ

**■ ખેલાડીઓને રમતના તજજ્ઞો પાસેથી સ્ટાર્ટઅપ શરૂ કરવા માર્ગદર્શન મળશે**

ગુજરાત | વંદન

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ અંતર્ગત અમદાવાદના ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટી ખાતે 11મી ડિસેમ્બરે ગુજરાત સ્પોર્ટસ સ્ટાર્ટઅપ કોન્ક્લેવ યોજાશે. ગુજરાતમાં રમત-ગમત સાહસિકતાના વિકાસને પ્રોત્સાહન આપવા દેશમાં પ્રથમવાર આ પ્રકારના સ્પોર્ટસ સ્ટાર્ટઅપ કોન્ક્લેવનું આયોજન કરાયું હોવાનું રમત-ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

સ્પોર્ટસ સ્ટાર્ટઅપ કોન્ક્લેવની માહિતી આપતા મંત્રી સંઘવીએ જણાવ્યું હતું કે, સ્પોર્ટસ બિઝનેસ ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓને પ્રોત્સાહિત કરવા અને સ્પોર્ટસ સ્ટાર્ટઅપમાં ઈનોવેશનને પ્રોત્સાહીત કરવા માટે કોન્ક્લેવ શ્રેષ્ઠ માધ્યમ બનશે. આ ઈવેન્ટમાં પેનલ ચર્ચા, વર્કશોપ્સ, પિચબુક સ્પર્ધા અને એક પ્રદર્શન જેવી ગતિશીલ પ્રવૃતિઓનો સમાવેશ કરાયો છે.

પિચબુક સ્પર્ધાના શોર્ટ લિસ્ટેડ સ્ટાર્ટઅપ્સને 25 લાખના આકર્ષક રોકડ પુરસ્કારો અપાશે. જે રમતગમત સાહસિકતા માટે ઈકોસીસ્ટમને મજબૂત કરશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ ઈવેન્ટનું આયોજન સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટી, સ્પોર્ટસકોમ સાથેની ભાગીદારીમાં કરાયું છે. તેને આઈ-હબ અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી સંસ્થાઓ દ્વારા સહકાર અપાયો છે.

# મતદાન મથકો પર મતદારયાદીમાં નામ નોંધણીનો આજે છેલ્લો દિવસ

**■ સુધારા-વધારા અને મતદારયાદીમાંથી નામ કમી કરાવવા ફોર્મ ભરી શકાશે**



ગુજરાત | વંદન

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા રાજ્યભરમાં હાથ ધરવામાં આવેલા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-2024ના આખરી દિવસ તા.09 ડિસેમ્બર, 2023ના રોજ રાજ્યભરમાં ખાસ ઝૂંબેશ યોજાશે. લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીઓમાં મતદાન કરવા માટે તા.01-01-2024ની લાયકાતની તારીખે 18 વર્ષ પૂર્ણ કરતા હોય તેવા યુવાઓ માટે મતદાર તરીકે નોંધણી કરાવવાની આ ઉત્તમ તક છે.

મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત તા.09 ડિસેમ્બર, 2023 (રવિવાર)ના રોજ રાજ્યભરના તમામ મતદાન મથકો પર સવારે 10.00થી સાંજે 05.00 વાગ્યા દરમિયાન મતદારયાદીમાં પોતાનું નામ ચકાસી શકાશે. સાથે જ મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા અને મતદારયાદીમાંથી નામ કમી કરાવવા ફોર્મ ભરી શકાશે. લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદારો સહભાગી થાય અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.01લી જાન્યુઆરી, 2024ના રોજ 18 વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.

### ખેતરમાં વાવેતર કરાયેલા વૃક્ષોનું જરૂરી મૂલ્યાંકન કરીને રોકડા રૂપિયા મેળવી શકશે

# વૃક્ષ વાવો-કમાણી કરો: રાજ્યના ખેડૂતો માટે સરકારે અમલમાં મૂકી નવી યોજના

**■ કાર્બન ક્રેડિટના બદલામાં ખેડૂતોને મળશે રોકડમાં વળતર**

ગુજરાત | વંદન

ગુજરાતના ખેડૂતો માટે વન વિભાગ દ્વારા એક મોટી જાહેરાત કરાઈ છે. જે મુજબ, હવે ખેડૂતો પણ પોતાના ખેતરમાં વૃક્ષો વાવીને કાર્બન ક્રેડિટનો લાભ મેળવી શકશે. કિસાન સંગઠનોની લાંબા સમયની માંગણીને ધ્યાનમાં રાખીને ગુજરાતના ખેડૂતોને પણ કાર્બન ક્રેડિટ આપવામાં આવશે. પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધન માટે વન વિભાગનો આ નિર્ણય ખેડૂતો માટે મહત્વનો સાબિત થશે.

રાજ્યમાં ઉદ્યોગોનું પ્રમાણ વધુ હોવાથી પ્રદૂષણ પણ વધારે માત્રામાં છે. તેથી જે ઉદ્યોગો પ્રદૂષણ ફેલાવે છે, તેમને વૃક્ષોનું વાવેતર કરીને કાર્બન ક્રેડિટનો લાભ આપવામાં આવે છે. પરંતુ ખેડૂતો પોતાના ખેતરમાં વૃક્ષો રોપે તો તેમને આ લાભ આપવામાં ન આવતો. જે અંગે લાંબા સમયથી ખેડૂત સંગઠનો સરકાર પાસે માંગ



કરી રહ્યા હતા. તેથી રાજ્યના વન વિભાગ દ્વારા ખેડૂતોને કાર્બન ક્રેડિટ આપવા માટે એક પાયલટ પ્રોજેક્ટ શરૂ કરાયો છે. જેમાં ખેડૂતો પોતાના ખેતરમાં વાવેતર કરાયેલા વૃક્ષોનું જરૂરી મૂલ્યાંકન કરીને રોકડા રૂપિયા મેળવી શકશે.

આ પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂતોએ પોતાના ખેતરમાં ત્રણ વર્ષથી મોટા વૃક્ષોનું વાવેતર અને માવજત કરી હશે તો તેમને ચોક્કસ પદ્ધતિના આધારે કાર્બન ક્રેડિટના હિસાબે પૈસા મળશે. આ અંગે કિસાન સંગઠનો દ્વારા લાંબા સમયથી માંગ કરાઈ રહી હતી કે, ખેડૂતોને તેની રોયલ્ટી મળવી જોઈએ. ખેડૂતોને પણ ઉદ્યોગોની જેમ વળતર આપવું જોઈએ.

યુએનની સંસ્થા દ્વારા ક્યોટો પ્રોટોકોલ હેઠળ કાર્બન ક્રેડિટ આપવામાં આવે છે. જેમાં ૧૭૦ દેશો સામેલ છે. જે પ્રોટોકોલ મુજબ તમારી કોઈપણ ઉત્પાદનની પ્રક્રિયામાં કેટલું પ્રદૂષણ ઘટાડો છો, તેના આધારે વર્ષે મોનિટરિંગ અને ચકાસણી બાદ કાર્બન ક્રેડિટ્સ આપવામાં આવે છે.

કાર્બન ક્રેડિટનો ધંધો દુનિયામાં છ એક્સચેન્જમાં થાય છે. જેના બદલામાં રોકડ રકમમાં વળતર મળે છે. દા.ત. એક્સચેન્જમાં બિઝનેસ એવી રીતે થાય છે કે પાંચ કાર્બન ક્રેડિટ વેચવા જાવ તો તેના બદલામાં આંતરરાષ્ટ્રીય ભાવ મુજબ એક ક્રેડિટની કિંમત ૧૦ ડોલર ચાલતી હોય તો ૫૦ ડોલર મળી જાય. એટલે કે ૨,૫૦૦ રૂપિયા મળી જાય.

કિસાનો કહે છે કે, ૨૪ કલાકમાં દરેક વૃક્ષ જેટલો ઓક્સિજન હવામાં આપે છે તે ઓક્સિજનના પ્રમાણમાં દરેક ખેડૂતને રોયલ્ટી મળવી જોઈએ. રેવન્યુ રેકર્ડ મુજબ જેટલાં વૃક્ષ હયાત હોય તેની ગણતરી કરીને તે મુજબ ખેડૂતને આ ક્રેડિટ મળવી જોઈએ. જેનો ખેડૂતો સીધો જ એક્સચેન્જમાં જઈને બિઝનેસ કરી શકે

# વડાપ્રધાને દેશને 'વોકલ ફોર લોકલ'અને 'લોકલ ગોઝ ગ્લોબલ'નો નવો રાહ ચીંધ્યો: મુખ્યમંત્રી

**■ રાજ્યમાં MSMEsની સંખ્યા પોણા ત્રણ લાખથી વધીને ૮.૬૬ લાખને પાર થઈ**

ગુજરાત | વંદન

વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ- ૨૦૨૪ પૂર્વે પ્રિ વાઈબ્રન્ટ એક્સપોર્ટ્સ કોન્ફરન્સ 'એક્સ્પોર્ટ એસ્કલરેટ' મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ એક્સ્પોર્ટ્સને સંબોધતાં કહ્યું હતું કે, આ કોન્ફરન્સ રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ છે. ગેટ વે ટુ ધ ફ્યુચરની થીમ સાથે ૧૦મી વાઈબ્રન્ટ સમિટ ૧૦થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન યોજવા જઈ રહી છે ત્યારે એક્સ્પોર્ટને એક્સલરેટ કરવા



માટેની આ પ્રિ-વાઈબ્રન્ટ કોન્ફરન્સ એક મહત્ત્વની કડી સાબિત થશે. આ વખતની વાઈબ્રન્ટ સમિટ વડાપ્રધાન નરેન્દ્રભાઈના નેતૃત્વમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં ઉપયોગી બની રહેશે.

મુખ્યમંત્રીએ વોકલ ફોર લોકલની વાત કરતા કહ્યું કે, એક સમયે ખૂબ આયાત કરનાર ભારત દેશ આજે અનેક વસ્તુઓ, ઉત્પાદનો અને સેવાઓ એક્સપોર્ટ કરતો દેશ બની ગયો છે. આજે ગુજરાત રાજ્ય કાચા માલને બદલે ફાઈનલ પ્રોડક્ટ જ એક્સપોર્ટ કરી રહ્યું છે. આ સાથે વડાપ્રધાને દેશને 'વોકલ ફોર લોકલ'નું સૂત્ર આપ્યું છે અને હવે 'લોકલ ગોઝ ગ્લોબલ'નો નવો રાહ ચીંધ્યો છે, એવું તેમણે ઉમેર્યું હતું. તેમણે નિકાસ ક્ષેત્રે MSMEsની ભૂમિકા મહત્વની છે, તેમ કહી ઉમેર્યું કે, સરકારે આ ક્ષેત્રને નિકાસ માટે પ્રોત્સાહિત કરવા માર્કેટ ડેવલપમેન્ટ સહાય હેઠળ રૂ.૪૩ કરોડનીસહાય આપી છે. બે દશકમાં રાજ્યમાં MSMEsની સંખ્યા પોણા ત્રણ લાખથી વધીને ૮.૬૬ લાખને પાર થઈ છે. બે દશકમાં નિકાસ ક્ષેત્રે પણ ૧૨૦૦ લાખ ટનથી ૫૪૦૦ લાખ ટન સુધી વધારો નોંધાયો છે.

# હવે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ કરાશે જ્ઞાન સહાયકની ભરતી

ગુજરાત | વંદન

પ્રાથમિક શાળાઓ બાદ હવે ગુજરાત સરકાર દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવશે. સરકારી અને અનુદાનિત શાળાઓમાં ખાલી પડેલી શિક્ષકોની જગ્યા પર જ્ઞાન સહાયક શિક્ષકોની ભરતી કરવામાં આવશે. નોંધનીય છે કે થોડા સમય પહેલા સરકારે પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયકની ભરતી કરી હતી.

ગુજરાત સરકારે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકની ભરતી માટે અરજીઓ મંગાવી છે. આગામી 8થી 12 ડિસેમ્બર સુધી ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઉમેદવારની મહત્તમ વયમર્યાદા 42 વર્ષ નક્કી કરવામાં આવી છે. 11 મહિનાના કરાર આધારિત જ્ઞાન સહાયકની ભરતી કરવા અરજી મંગાવવામાં આવી છે.

# ગુજરાતમાં ત્રણ સ્થળે રમતગમતના મેદાન સાથે આધુનિક સુવિધા સાથેના રહેઠાણ તૈયાર કરાશે

**■ અમદાવાદ, ગાંધીનગર અને સુરતમાં બનાવાશે ઓલિમ્પિક વિલેજ**

ગુજરાત | વંદન

ભારતમાં ઓલિમ્પિક ગેમ્સ-2036ના આયોજન માટે તૈયારીઓ શરૂ થઈ છે. જેને લઈ ગુજરાતમાં પણ ઓલિમ્પિક ગેમ્સ માટે ઓલિમ્પિક વિલેજ બનાવાશે. આ તરફ હવે તૈયારીના ભાગરૂપે ગુજરાતમાં ત્રણ સ્થળે રમતગમતના મેદાન સાથે રહેઠાણ તૈયાર કરવામાં આવશે. વિગતો મુજબ ઓલિમ્પિક ગેમ્સ-2036ને લઈ ગુજરાતમાં ઓલિમ્પિક વિલેજ માટે સરવે કામગીરી શરૂ થઈ ચૂકી છે.

ઓલિમ્પિક ગેમ્સ-2036ના આયોજન માટે ગુજરાતમાં પણ ઓલિમ્પિક વિલેજ બનાવાશે.



વિગતો મુજબ રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર અને સુરતમાં ઓલિમ્પિક વિલેજ બનાવવા અંગે કવાયત શરૂ કરવામાં આવી છે. જેને લઈ ગુજરાતમાં ઓલિમ્પિક વિલેજ માટે સરવે કામગીરી શરૂ થઈ ચૂકી છે. મહત્વનું છે કે, ગુજરાતમાં ત્રણ સ્થળે રમતગમતના મેદાન સાથે રહેઠાણ તૈયાર કરાશે.

નોંધનીય છે કે, 2036 ઓલિમ્પિકની બીડ માટે ગુજરાત સરકાર દ્વારા તૈયારીઓ શરૂ કરતાં પ્રાઈવેટ કંપનીની રચના કરવામાં આવી છે. ગુજરાત ઓલિમ્પિક પ્લાનિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીની રચના કરી કંપનીમાં રાજ્યના શહેરી વિકાસ વિભાગ, અમદાવાદ મહાનગરપાલિકા કમિશનર અને ઔડાના અધિકારીઓને સ્થાન આપવામાં આવ્યું છે. જે ઓલિમ્પિકને લઈ તૈયારીઓ કરી રહ્યું છે અને અમદાવાદ-ગાંધીનગરની 500 એકર જમીન ભાડા પર આપવા કે તેના પર બાંધકામ ના કરવા સૂચના અપાઈ છે.

### આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ ફોર્મેટ પર આધારિત ફેસ્ટીવલનું આજે રવિવારે સમાપન

# AMA ખાતે અમદાવાદ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન

ગુજરાત | વંદન

અમદાવાદ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલ (AICFF)ની 5મી આવૃત્તિ આ વર્ષે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે 8મીથી શરૂ થયું છે જે 10 ડિસેમ્બરના રોજ પૂર્ણાહુતિ પામશે. અમદાવાદ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલનો મૂળ હેતુ વિશ્વભરના બાળકો અને યુવાનોની પ્રતિભા, સર્જનાત્મકતા અને સંસ્કૃતિને સશક્ત બનાવવાનો છે. AICFF દરેક યુવાનોને તેમની વાર્તા કહેવા માટે એક મંચ પૂરું પાડે છે.

ગુજરાત ટુરિઝમ જે રાજ્યમાં હંમેશા સિનેમેટિક ટુરિઝમ તથા સાંસ્કૃતિક આયોજન ને પ્રોત્સાહન આપે છે, તે ગુજરાત ટુરિઝમ આ ફેસ્ટિવ મા અમારી સાથે જોડાયું છે.. AICFF એક વાર્ષિક ઈવેન્ટ છે, જે આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ ફોર્મેટ પર આધારિત છે, આ ફેસ્ટિવલ ત્રણ દિવસ માટે અલગ અલગ પ્રવૃતિઓ સાથે યોજાશે. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે 8મી ડિસેમ્બરે ઓપનિંગ દિવસથી શરૂ કરીને ઓપનિંગ ફિલ્મ, રેડ કાર્પેટ સાથે ઓપનિંગ સેરેમની યોજાશે. બીજા દિવસે વિવિધ દેશોની ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવી હતી જેમાં માસ્ટર ક્લાસ, ફિલ્મ નિર્માતાઓ, દિગ્દર્શકો, અભિનેતાઓ, લેખકો અને દુનિયાભરના ફિલ્મ ના સર્જકો મોટી સંખ્યામાં હાજરી આપી હતી.. ત્રીજો દિવસ કલોઝિંગ ફિલ્મ, એવોર્ડ નાઈટ અને સમાપન સમારોહ સાથે પૂર્ણ થશે. આ ફેસ્ટિવલ એક સ્પર્ધાના ફોર્મેટમાં છે તેથી છેલ્લા દિવસે દુનિયાભરની પ્રતિભાઓને એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવશે.

ઓપનિંગ દિવસ ઉપર ઈરાનની પર્શીયન ભાષાની ફિલ્મ 'બાલિટ'' તથા અને છેલ્લા દિવસે ગુજરાતી ભાષાની ફિલ્મ 'મારા પપ્પા સુપરહીરો' દર્શાવવામાં આવી હતી. આ ફેસ્ટિવલના મુખ્ય અતિથિ તરીકે બોલિવૂડ અભિનેતા પવન મલ્હોત્રા સાથે જાપાની ફિલ્મ નિર્દેશક ફૂમી નિશિકાવા જાપાનથી આવીને આ ફેસ્ટિવલમાં જોડાયા હતા. આ સાથે માસ્ટર મંજુનાથ (માલગુડી ડેઝ), શિલાદિત્ય બોરા, પંકજ રોય, અજીતપાલ સિંહ, વિશેષ અગ્રવાલ જેવા નામી હસ્તીઓ પણ હાજરી આપી હતી.







AICFF એ એવું પ્લેટફોર્મ છે જ્યાં વિશ્વભરમાંથી બાળકો અને યુવાનોને સંબંધિત કન્ટેન્ટને રજુ કરવામાં છે. 2019, 2020, 2021 અને 2022 માં AICFFને વિશ્વભરમાંથી લગભગ 500 થી વધુ ફિલ્મો મળી. આ વર્ષે ફેસ્ટિવલમાં ઈરાન, ઈટલી, ભારત, તુર્કી, ચીન, ક્રોએશિયા, યુનાઈટેડ સ્ટેટ્સ, રશિયન ફેડરેશન, યુનાઈટેડ કિંગડમ, યુક્રેન, તાઈવાન, સ્વિત્ઝર્લેન્ડ, સિંગાપોર, નોર્વે, નેપાળ, જાપાન, આયર્લેન્ડ, જર્મની, ચેક રિપબ્લિક, કેનેડા, કોલંબિયા, બ્રાઝિલ, રિપબ્લિક ઓફ કોરિયા અને ઓસ્ટ્રેલિયા સહિત 24 દેશોમાંથી 90 થી વધુ ફિલ્મો પ્રાપ્ત થઈ છે.

આ વર્ષની વિવિધ કેટેગરી અને એવોર્ડ્સ: બેસ્ટ ફીચર ફિલ્મ, બેસ્ટ શોર્ટ ફિલ્મ, બેસ્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મ, બેસ્ટ એનિમેશન ફિલ્મ, બેસ્ટ સ્ટુડન્ટ ફિલ્મ, બેસ્ટ ડિરેક્ટર ફીચર ફિલ્મ, બેસ્ટ ડિરેક્ટર શોર્ટ ફિલ્મ, બેસ્ટ ડિરેક્ટર ડોક્યુમેન્ટરી ફિલ્મ, બેસ્ટ એક્ટર ફીચર ફિલ્મ, બેસ્ટ ચાઈલ્ડ એક્ટર, બેસ્ટ સ્ટોરી, બેસ્ટ બેકગ્રાઉન્ડ સ્કોર અને ગોલ્ડન કાઈટ એવોર્ડ, સિલ્વર કાઈટ એવોર્ડ અને બ્રોન્ઝ કાઈટ એવોર્ડ તરીકે વિશેષ એવોર્ડ્સ.

આ વર્ષે ફેસ્ટિવલ ડિરેક્ટર મનીષ સૈની છે જેઓ બે વખત રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત કરી ચુક્યા છે, તેમની પ્રથમ ફિલ્મ 'ઢ' રાષ્ટ્રીય પુરસ્કાર જીતી છે અને આ વર્ષે તેમની ફિલ્મ 'ગાંધી એન્ડ કંપની'એ રાષ્ટ્રીય પુરસ્કારમાં ભારતની શ્રેષ્ઠ બાળ ફિલ્મનો પુરસ્કાર જીત્યો છે. જ્યુરી સભ્યો આરતી પટેલ, ગિરીશ મકવાણા તથા શિલાદિત્ય બોરા છે અને જાણીતા નિર્દેશક નિર્માતા અભિષેક જૈન આ વર્ષે સલાહકાર તરીકે જોડાયા છે.

ડો. સાવન ગોડીવાલા પ્રેસિડેન્ટ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, કહે છે - "AMA એટલે એકધારું અને સતત ચાલતું શિક્ષણ અને અમે તમામ હિતધારકોની વિવિધ તાલીમ, મંચ અને કાર્યક્રમો દ્વારા શિક્ષણની જરૂરિયાતોને સતત સમર્થન આપીએ છીએ. ફિલ્મ ફેસ્ટિવલ આવી જ એક ઈવેન્ટ છે, જ્યાં અમે યુવા પેઢીને મનોરંજન સાથે શિક્ષણ પણ મળે એનો આગ્રહ રાખીએ છીએ. AMA ખાતે આંતરરાષ્ટ્રીય ફિલ્મોનું પ્રદર્શન એક ગર્વની ક્ષણ છે અને હું ઈચ્છું છું કે અમદાવાદના તમામ નાગરિકો તેનો મહત્તમ લાભ લે."

## શહેરના કોટવિસ્તારમાં ૭૦ હેરીટેજ રહેણાંક બિલ્ડિંગને ૬૧૮૦ સ્કેવરનો TDR અપાયો

### TDR જંત્રીની કિંમતને ધ્યાનમાં લઈ ઉપયોગમાં લઈ શકાશે

ગુજરાત | વંદન

અમદાવાદને યૂનેસ્કો દ્વારા વર્ષ-૨૦૧૭માં વર્લ્ડ હેરીટેજ સીટીનો દરજ્જો આપવામાં આવ્યો હતો. શહેરને આ દરજ્જો અપાવવામાં કોટવિસ્તારની સૌથી મહત્વની ભૂમિકા રહેલી છે.કોટવિસ્તારની પોળોમાં હેરીટેજનો વારસો જળવાઈ રહે એ માટે મ્યુનિ.તંત્ર દ્વારા રહેણાંક બિલ્ડિંગોને ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટસ (ટીડીઆર) આપવામાં આવી રહયા છે. છ વર્ષના સમયમાં ખાડીયા વોર્ડમાં આવેલા ૪૪,દરિયાપુર વોર્ડમાં ૧૫ તથા જમાલપુર વોર્ડના ૯ બિલ્ડિંગ સહિતના હેરીટેજ બિલ્ડિંગને ૬૧૮૦ સ્કેવરમીટર ટી.ડી.આર.આપવામાં આવ્યો છે.

અમદાવાદના કોટવિસ્તારમાં આવેલી પોળોમાં આવેલા નોટીફાઈડ હેરીટેજ બિલ્ડિંગના રીપેરીંગ તથા રીસ્ટોરેશન કરવા માટે ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટસ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી આપવામાં આવી રહયા છે. ૨૨ જુન-૨૦૧૬ના નોટીફીકેશનથી હેરીટેજ બિલ્ડિંગનુ લિસ્ટ પ્રસિધ્ધ કરવામાં આવેલુ છે. ટી.ડી.આર.જે તે વોર્ડ વિસ્તારમાં જમીનની જંત્રીના દરના આધારે નકકી કરવામાં આવતો હોય છે. ટ્રેડેબલ એફ.એસ.આઈ.પૈકીનો ૨૦ ટકા એફ.એસ.આઈ.નો લાભ મળેલી મંજુરી મુજબ હેરીટેજ બિલ્ડિંગના બાંધકામનુ રીપેરીંગ-રીસ્ટોરેશન શરુ કરવામાં આવ્યેથી તથા બાકીના ટ્રેડેબલ એફ.એસ.આઈ.નો લાભ મંજુરી મુજબ બાંધકામ પૂર્ણ થયા બાદ આપવામાં આવે છે. મળવાપાત્ર ટી.ડી.આર. જે તે સ્થળની જંત્રીની કિંમતને ધ્યાનમાં લઈ કોટવિસ્તાર સિવાયના મ્યુનિ.કોર્પોરેશન મારફતે ઉપયોગમાં લઈ શકાય છે.મ્યુનિ.ના બિલ્ડિંગ પ્લાન સ્કૃટીની પુલ દ્વારા ટી.ડી.આર. સર્ટિફિકેટ પણ આપવામાં આવે છે.જેથી ટી.ડી.આર.ખરીદવા ઈચ્છતા ઈસમો ટી.ડી.આર.ધારકોનો સંપર્ક કરી શકે.

### ઓપન બોર્ડ સહિતના મુદ્દાઓ પર શિક્ષણ બોર્ડની માર્ગદર્શિકા

# ગુજરાતની સ્કૂલોમાં ધો.11માં પ્રવેશ માટે દેશના 68 શિક્ષણ બોર્ડને માન્યતા

ગુજરાત | વંદન

આવતા વર્ષ પ્રથમ ત્રિમાસિક ગાળામાં બોર્ડ સહિતની પરીક્ષાઓની સીઝન શરૂ થશે તે સર્વે શિક્ષણ બોર્ડ દ્વારા ધો.11માં પ્રવેશપાત્રતા વિશે માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. દેશના 68 શિક્ષણબોર્ડના વિદ્યાર્થીઓને માન્ય ગણવામાં આવ્યા છે. રાજ્યોના 'ઓપન સ્કૂલ'ના વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર નહીં રહે.

શિક્ષણ બોર્ડના પરિપત્ર પ્રમાણે દેશના જુદા-જુદા 68 શિક્ષણ બોર્ડમાંથી ધો.10ની પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓ ગુજરાતમાં ધો.11માં પ્રવેશ મેળવવા પાત્ર રહેશે. 68 માન્ય બોર્ડની યાદી પણ શાળાઓને પાઠવવામાં આવી છે. ધો.11માં ગુજરાતની




સ્કૂલોમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્રની પ્રક્રિયા કરવાની રહેશે.

ગત વર્ષે ગુજરાતમાં ધો.11માં પ્રવેશ માટે 66 શિક્ષણ બોર્ડને માન્ય કરાયા હતા. આ વખતે વધુ બે બોર્ડને માન્યતા આપવામાં આવી છે. ધો.11માં પ્રવેશ માટે વિદ્યાર્થીનું ગણિત, વિજ્ઞાન, સમાજ, વિજ્ઞાન તથા અંગ્રેજી વિષયમાં ધો.10માં ઉતીર્ણ થવાનું અનિવાર્ય છે અને પ્રવેશ આપતી વેળાઓ સંબંધિત સ્કૂલોના પ્રિન્સીપાલે તેની ચકાસણી કરવાની રહેશે.

ઓપન સ્કૂલ વિશે પણ પરિપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. ઓપન સ્કુલ તરીકે સમગ્ર દેશમાં એનઆઈઓએસનું કાર્યક્ષેત્ર હોય તેના વિદ્યાર્થી અન્ય રાજ્યોની ઓપન સ્કૂલોના વિદ્યાર્થી પ્રવેશપાત્ર નહીં ગણાય કારણ કે આવા ઓપન સ્કૂલ બોર્ડનું કાર્યક્ષેત્ર સંબંધિત રાજ્ય પુરતું જ સીમીત હોય છે. બીજા બોર્ડના વિદ્યાર્થીઓને પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્રની પ્રક્રિયા વિલંબ વિના અને સમયસર થાય તેની કાળજી લેવાની તાકિદ પણ કરવામાં આવી છે. વિદેશમાં અભ્યાસ કરીને આવતા વિદ્યાર્થી માટે પણ પ્રક્રિયા નિર્દિષ્ટ કરવામાં આવી છે.

# અમદાવાદના 3 હજારથી વધુ NRIને IT વિભાગની નોટિસ

ગુજરાત | વંદન

અમદાવાદમાં 3 હજાર NRIને IT દ્વારા નોટિસ આપવામાં આવી છે. વિગતો મુજબ શહેરના 3 હજાર NRIને રોકાણ મુદ્દે ITએ નોટિસ આપી છે. નોટિસ પાઠવી 10 વર્ષના હિસાબની વિગતો મંગાવી છે. આ સાથે 100% પેનલ્ટી કેમ ન કરવામાં આવે તેની સ્પષ્ટતા અને વિદેશમાં કરેલા રોકાણ અને બેન્કની વિગતો માંગી છે.

ઈન્કમટેક્ષ વિભાગે વિદેશમાં મિલકત ધરાવતા અને બેન્ક એકાઉન્ટ ધરાવનારને નોટિસ આપવામાં આવી છે. વિગતો મુજબ ઈન્કમટેક્ષના ઈન્ટરનેશનલ ટેક્સેશન ડિપાર્ટમેન્ટે ભારત બહાર કોઈ પણ વ્યક્તિએ મિલકત, એકાઉન્ટ કે વ્યવહાર કર્યા હોય તેવા લોકોને નોટિસ પાઠવીને છેલ્લા 10 વર્ષના વ્યવહારોની વિગતો માંગી છે. આ સાથે હાલમાં



ભારતમાં રહેતા હોય તેમણે કરેલા વ્યવહારોની વિગતો કેમ બતાવ્યા નથી તેની સ્પષ્ટતાં માંગી છે.

મહત્વનું છે કે, જો આવા કોઈ વ્યવહાર કર્યા હોય અને તેમણે ઈન્કમટેક્ષમાં ન બતાવ્યા હોય તેવા વ્યવહારો પર 100 ટકા પેનલ્ટી લગાવવામાં આવી શકે છે. અમદાવાદમાં આશરે 3 હજાર કરતાં વધારે NRIને નોટિસ પાઠવવામાં આવી છે. આ તરફ નોટિસને પગલે હવે હાઈ નેટવર્થ ધરાવતા NIRમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# જિલ્લામાંથી ગાંધીનગર સીવીલમાં રિફર થતાં દર્દીની જાણ અગાઉથી સંબંધિત ડોક્ટરને કરાશે

### હોસ્પિટલ ખાતે હાલમાં કાર્યરત હ્યુમન મિલ્ક બેંકનું નિયામક દ્વારા નિરીક્ષણ

ગુજરાત | વંદન

મેડિકલ કોલેજ સંલગ્ન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને સમયસર સારવાર મળી રહે ઉપરાંત નિષ્ણાંત તબીબોની સેવા પણ ઝડપથી મળી રહે તે માટે વિભાગીય નાયબ નિયામકે તમામ ડોક્ટર્સને સુચના આપી હતી. આ ઉપરાંત જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાંથી દર્દી સિવિલમાં રીફર થાય તો તે અંગેની જાણ પણ સિવિલના સંલગ્ન તબીબી અધિકારીને થઇ જાય તથા તેની સંપુર્ણ તૈયારી અગાઉથી સિવિલમાં થઈ જાય તેવી વ્યવસ્થા ગોઠવવા પણ સુચના આપવામાં આવી હતી.

ગાંધીનગર વિભાગીય નાયબ નિયામક ડો.સતીષ મકવાણા દ્વારા જીએમઈઆરએસમેડીકલ કોલજ સંલગ્ન સિવિલ હોસ્પિટલ ગાંધીનગરની મુલાકાત લેવામાં આવી સિવિલ હોસ્પિટલ ખાતે હાલમાં કાર્યરત હ્યુમન મિલ્ક બેંકનું નિરીક્ષણ કર્યું હતું. આ મિલ્ક બેંક વર્ષ ૨૦૨૧થી સિવીલ હોસ્પિટલ ખાતે કાર્યરત છે. આ મિલ્ક બેક દ્વારા અત્યાર સુધી અંદાજીત ૧૨ હજારથી વધુ ધાત્રી માતાઓનું મિલ્ક ડોનેશન માટે કાઉન્સીલીંગ કરવામાં આવ્યું છે તેમજ અંદાજીત બે હજારથી વધુ નવજાત શિશુને લાભ આપવામાં આવ્યો છે ઉપરાંત નિયામક દ્વારા એએફએચસી વિભાગ જે હાલમાં પી.પી.વિભાગ ખાતે કાર્યરત હતું. જે હવે સિવિલ હોસ્પિટલ ખાતે મોડલ એએફએચસી સેન્ટર બનાવવામાં આવ્યું છે જે સેવા માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

જ્યાં તરુણ-તરુણીઓને લગતા જાતીય પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે તેમજ તેમને જાતીય સંબંધી સમસ્યાઓનું જ્ઞાન પણ આપવામાં આવશે.વધુમાં આ મુલાકાત દરમ્યાન નાયબ નિયામક દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે આપવામાં આવતી વિવિધ આરોગ્ય સેવાઓ જેવી કે એસએનસીયુ, તાત્કાલિક સારવાર વિભાગ, ઓપીડી, દર્દી સેવા કેન્દ્ર, રેફરલ સવસનું નિરીક્ષણ કરવામાં આવ્યું તથા તેમાં વધુ આ સેવાઓને કઈ રીતે સુદઢ બનાવી શકાય તે અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## પીસીબી દ્વારા ૧૧ મહિનામાં પોણા બે કરોડનો દારૂ જપ્ત કરાયો

### અનેક કેસમાં પોલીસની પણ સંડોવણી બહાર આવી

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં સ્થાનિક વિસ્તારામાં મોટાપાયે દારૂ સપ્લાય કરવાથી માંડીને વેચાણ કરવાના અનેક કેસ પીસીબી દ્વારા નોંધવામાં આવ્યા છે. જેમાં છેલ્લાં ૧૧ મહિનામાં પોણા બે કરોડની કિંમતનો દારૂ જપ્ત કરાયો છે અને છેલ્લાં ત્રણ મહિનામાં ૮૦થી વધુ ગુના નોંધીને ૧.૨૩ કરોડની કિંમતના દારૂનો સમાવેશ થાય છે. તો ૧.૨૦ કરોડથી વધુનો મુદ્દામાલ જુગારના વિવિધ કેસમાં જપ્ત કરાયો છે.

અમદાવાદ શહેરમાં મોટાપાયે દારૂ , જુગાર અને અન્ય ગુનાઓ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ચાલતા હોવા છતાંય, સ્થાનિક પોલીસ દ્વારા ઘણા કિસ્સામાં કાર્યવાહી કરવામાં ન આવે તે કિસ્સામાં ગુના નિવારણ શાખા દ્વારા દરોડાની કામગીરીની કરવામાં આવે છે.

છેલ્લાં ૧૧ મહિના દરમિયાન પ્રોહીબીશનના ૧૨૯ કેસ નોંધીને પીસીબીએ કુલ પોણા બે કરોડની કિંમતનો વિદેશી અને દેશી દારૂ જપ્ત કરાયો છે. જે પૈકી છેલ્લાં ત્રણ મહિનામાં પોલીસે ૭૯ ગુના નોંધીને ૧.૨૩ કરોડનો દારૂ જપ્ત કરાયો હતો.

આ ઉપરાંત, જુગારને લગતા કેસમાં ૧.૨૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો . જેમાં છેલ્લાં ત્રણ મહિના દરમિયાન એક કરોડની રોકડ અને મુદ્દામાલનો સમાવેશ થાય છે. આ જુગારના કેસમાં અનેક કિસ્સામાં ૧૦ થી ૧૫ લાખની રોકડ પણ જપ્ત કરવામાં આવી છે.આ ઉપરાંત, બોગસ કોલ સેન્ટર અને સટ્ટા તેમજ ડબ્બા ટ્રેડીંગના અનેક મોટા કેસની કામગીરી કરવામાં આવી છે.

# વાયબ્રન્ટ સમીટ માટે ગાંધીનગરને સુશોભન કરવા ખર્ચાશે 35 કરોડ

### ચારે તરફ પેઈન્ટીંગ, આર્ટ, લેન્ડ સ્કેપિંગ જેવા કામોના ખર્ચને મંજૂરી અપાઈ

ગુજરાત | વંદન

જાન્યુઆરી મહિનામાં યોજાનારા વાઈબ્રન્ટ ગુજરાત સમીટ પુર્વે સરકાર એકશન મોડમાં આવી ગઈ છે. સમીટના યજમાન શહેર ગાંધીનગરને વૈશ્વિક સ્તરે અમીટ છાપ છોડી જાય તેવું બનાવવા સરકારે રૂા.35 કરોડના કામ મંજુર કર્યા છે. વાઈબ્રન્ટ ગુજરાત સમીટ-2024માં દેશ-વિદેશના મહાનુભાવો પાટનગરના મહેમાન બનશે.

વૈશ્વિક સ્તરે ગાંધીનગરની આગવી છાપ ઉભી કરવા માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાને રૂા.35 કરોડના કામોને ખાસ મંજુરી આપવામાં આવી છે. વાઈબ્રન્ટ મહોત્સવના આયોજન અંતર્ગત એરપોર્ટથી મહાત્મા મંદિર સુધીનો માર્ગ, રક્ષાશક્તિથી ગીફટ સીટી અને ભાઈજીપુરા પાટીયાથી પીડીપીયુ તરફ જતા રસ્તાને સજાવવા માટે વિશેષ કાળજી રાખવામાં આવશે.

કોબા સર્કલથી ચ-0 સર્કલ સુધી રોડની ડાબી તરફ ફુટપાથ અને ફેન્સીંગની કામગીરી માટે રૂા.3 કરોડ મંજુર કરવામાં આવ્યા છે. રોડની બાજુમાં ફુટપાથ અને ફેન્સીંગના કારણે સલામતી વ્યવસ્થા વધુ સુદઢ બનશે. રોડ શો જેવા કાર્યક્રમો દરમિયાન સ્વાગત કરવા માંગતા લોકો ફુટપાથ પર ઉભા રહી શકશે.

કોબા સર્કલથી રક્ષાશક્તિ સર્કલ ડાબી બાજુ લેન્ડસ્કેપીંગ તથા ચ-0 સર્કલ બાજુના પ્લોટને બ્યુટીફાઈડ કરવાની કામગીરી માટે રૂા.9 કરોડ મંજુર કરવામાં આવ્યા છે. રાયસણ-કોબા વચ્ચે ભાઈજીપુરાથી સિગ્નેચર બ્રિજના 80મી (નોલેજ કોરિડોર)ની કામગીરી હાથ ધરાઈ છે. સિગ્નેચર બ્રિજ પર લેન્ડસ્કેપીંગ ડેવલપમેન્ટ માટે રૂા.19 કરોડનો ખર્ચ કરવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા 3 ઓવરબ્રિજ અને 2 અન્ડરપાસનું થીમ બેઝડ પેઈન્ટીંગ તથા આર્ટવર્ક કરવાની કામગીરી માટે રૂા.3 કરોડ ફાળવવામાં આવ્યા છે.

ધોળાકુવાથી ગિફટ સીટી તરફ જતા રસ્તાના એપ્રોચ રોડના સુશોભન માટે રૂા.1.50 કરોડ મંજુર થયા છે. વાઈબ્રન્ટ ગુજરાત સમીટ પહેલા એરપોર્ટથી મહાત્મા મંદિર અને ગિફટ સીટી આસપાસના વિસ્તારોના સુશોભન માટે વિશેષ આયોજન હાથ ધરાયું છે. રાજયમાં હજારો કરોડની રોકાણ તકો ઉભી કરવાના હેતુ સાથે યોજાશે.

## હવેથી અમદાવાદીઓ QR કોડથી કરી શકશે ઓનલાઈન ફરિયાદ

### QR કોડ સ્કેન કરીને સીધી ફરિયાદ AMCને દાખલ કરી શકાશે

▪ **અમદાવાદના 290 જેટલા બગીચાઓના રખરખાવ માટે QR કોડ લગાવાશે**

ગુજરાત | વંદન

અમદાવાદના 290 જેટલા બગીચાઓના રખરખાવ માટે AMC દ્વારા એક નવો અભગમ શરૂ કરવામાં આવ્યો છે. વાત જાણે એમ છે કે, હવે થી અમદાવાદ શહેરના બગીચામાં અવ્યવસ્થા અંગે નાગરિકો QR કોડથી સીધી AMC ફરિયાદ કરી શકશે. જેને લઈ હાલમાં મણિનગર વિસ્તારના 2 ગાર્ડનમાં QR કોડ સાથે યોજનાની શરૂઆત થઈ છે. જે બાદમાં આગામી સમયમાં અમદાવાદના 290 જેટલા ગાર્ડનમાં QR કોડ લાગશે.



અમદાવાદના 290 જેટલા બગીચાઓના રખરખાવ માટે QR કોડ લગાવાશે. જેથી હવે બગીચામાં અવ્યવસ્થા અંગે નાગરિકો QR કોડથી સીધી ફરિયાદ કરી શકશે. આ સાથે વ્યવસ્થા, સુવિધા, સ્વચ્છતા અને સલામતીને લઈ નાગરિકો ફરિયાદ કરી શકશે. જે માટે QR કોડ સ્કેન કરીને સીધી ફરિયાદ AMCને દાખલ કરી શકાશે. મહત્વની છે કે, હાલ તો મણિનગર વિસ્તારના 2 ગાર્ડનમાં QR કોડ સાથે યોજનાની શરૂઆત થઈ છે. જે બાદમાં હવે આગમી દિવસોએ અન્ય બગીચામાં પણ આ યોજના શરૂ કરવામાં આવશે.

# LD ઈજનેરી કોલેજમાં ફૂડ બિલમાં વધારા સામે કાર્યકરોએ થાળી વગાડી વિરોધ દર્શાવ્યો

### ત્રણ મહિના પૂર્વે જે થાળીના 55 રૂપિયા હતા તે વધારીને 70 રૂપિયા કરી દેવાતા રોષ

ગુજરાત | વંદન

1974માં જે કોલેજમાં અને જે મામલે મોંઘવારી વિરૂધ્ધ જન આંદોલન શરૂ થયું એ ગુજરાતની સૌથી મોટી અને જૂની અમદાવાદની એલડી એન્જીનીયરીંગ કોલેજની મેસમાં પ્રતિ થાળી ભોજનમાં ભાવ વધારો થતા વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો છે. NSUI ના કાર્યકરોએ થાળી વગાડીને આ નિર્ણયનો વિરોધ નોંધાવ્યો છે. NSUI એ દાવો કર્યો છે કે ત્રણ મહિના પૂર્વે જે થાળી ના 55 રૂપિયા હતા તે વધારીને 70 રૂપિયા કરી દેવાયો છે. નોંધનીય છે કે 1974માં આ જ કોલેજમાં મેસમાં થાળીના ભાવ વધારતાં વિદ્યાર્થીઓએ આંદોલન શરૂ કર્યું હતું અને જે ત્યારબાદ જનઆંદોલનમાં ફેરવાઇ ગયું હતું.



દરમ્યાન, કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ NSUIના દાવા સામે જો કે પ્રસાશને દાવો કર્યો છે કે કરાર મુજબ 60 રૂપિયા જ લઈ શકાય છે. એલડી એન્જિનિયરિંગ કોલેજની મેસમાં એક ડિશનો ભાવ ત્રણ મહિનામાં 55 થી વધારી 70 રૂપિયા કરી દેવાતા NSUI કાર્યકરોએ થાળી-ચમચી ખખડાવી ભાવ વધારાનો વિરોધ નોંધાવ્યો હતો. NSUI એ દાવો કર્યો કે એલડી એન્જિનિયરિંગ કોલેજની કેન્ટીનમાં પ્રતિ થાળી ભાવ કરાર કરતા વધારે લેવામાં આવી રહ્યો છે. NSUI એ કેન્ટીન અને ત્યારબાદ એલડી એન્જીનીયરીંગ કોલેજ પ્રસાશનને રજુઆત કરી ભાવ વધારો પરત ખેંચવા માગ કરી છે. NSUI એ જણાવ્યું કે હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ માટે પોસાય એટલી ફીમાં ભોજન મળવું જોઈએ. ત્રણ મહિના પૂર્વે જે થાળી ના 55 રૂપિયા હતા તે વધારી 70 કરી દેવામાં આવ્યા છે.

NSUIના દેખાવો બાદ એલડી એન્જીનીયરીંગ કોલેજ પ્રસાશને સ્પષ્ટતા કરી કે નવેમ્બર 2023 થી એલડી એન્જિનિયરિંગની ત્રણ મેસ માટે અલગ અલગ કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. જે મુજબ તેઓ પ્રતિ થાળી એક વર્ષ સુધી 60 રૂપિયા ભાવ જ લઈ શકે, એનાથી વધારે ભાવ ના લઈ શકે.

### હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે કરી આગાહી

# તા. 12,13ના રોજ કાતિલ ઠંડી,15 થી 20 ડિસે.માં કમોસમી વરસાદની સંભાવના

ગુજરાત | વંદન

ગુજરાત પર હાલ તોળાઈ રહ્યાં છે સકંટના વાદળો. આ સ્થિતિ ઉભી થઈ છે વાતાવરણને કારણે. અને એમાંય આગામી દિવસોમાં જે સ્થિતિ ઉભી થઈ શકે છે તેને કારણે વધારે ચિંતા ઉભી થઈ છે. હવામાન આગાહીકાર અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, આગામી દિવસોમાં ગુજરાતને માવઠાનો માર સહન કરવો પડશે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી છેકે, અરબી સમુદ્રમાં સક્રિય થઈ છે મજબૂત લો પ્રેશર સિસ્ટમ. જે પ્રમાણે હાલ અરબી સમુદ્રમાં સિસ્ટમ સક્રિય થઈ છે એ જોતા આ સિસ્ટમ વાવાઝોડામાં પણ પરિવર્તિત થઈ શકે એવી પુરી શક્યતા છે. મતલબ કે ગુજરાતમાં આવી શકે છે વિનાશક વાવાઝોડું.

આગાહીકાર અંબાલાલ પટેલે જણાવ્યું છેકે, 12 ડિસેમ્બર બાદ લો પ્રેશર સિસ્ટમ વધુ મજબૂત બનશે. અરબી સમુદ્રમાં સિસ્ટમ સક્રિય થતા ઉદ્ભવેલાં લો પ્રેશરને પગલે રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. 13 અને 16 ડિસેમ્બરમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ સર્જાશે. અલગ અલગ વરસાદી સિસ્ટમના કારણે કમોસમી વરસાદી આગાહી કરવામાં આવી છે.

આગાહીકાર અંબાલાલ પટેલે એવી પણ આગાહી કરી છેકે, આગામી 15 થી 20 ડિસેમ્બરમાં કમોસમી વરસાદની સંભાવના છે. સૌરાષ્ટ્રના દરિયાકિનારાના ભાગોમાં વરસાદની સંભાવના પ્રખર છે. દક્ષિણ ગુજરાતમાં પણ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. તારીખ 12,13 ડિસેમ્બરના રોજ કાતિલ ઠંડી ની પણ આગાહી કરવામાં આવી છે.

# વિકીપીડિયામાં ગુજરાતમાંથી સૌથી વધુ સર્ચ કરાયું-આઈપીએલ અને ચેટજીપીટી...!

### જાહેર કરેલા ડેટા મુજબ ચાલુ વર્ષે વિકીપીડિયાને 84 અબજથી વધુ 'વ્યૂઝ' મળ્યા

ગુજરાત | વંદન

૨૦૨૩માં યુઝર્સ દ્વારા સૌથી વધુ શું સર્ચ કરવામાં આવ્યું ? આ સવાલનો જવાબ વિકીપીડિયા પાસે તેનો સંપૂર્ણ અહેવાલના સ્વરૂપમાં છે. વિકીપીડિયાએ જાહેર કરેલા ડેટા મુજબ ચાલુ વર્ષે વિકીપીડિયાને ૮૪ અબજથી વધુ 'વ્યૂઝ' મળ્યા છે. જેમાં સૌથી લોકપ્રિય આર્ટિકલ ચેટજીપીટી અંગેનો રહ્યો છે. અને તેમાં અમદાવાદ સહિત રાજ્યના લાખો વપરાશકારોનો પણ સમાવેશ થાય છે.

સૂત્રોએ કહ્યું કે, હજુ એક વર્ષ પહેલાં ઓપનએઆઈના ચેટજીપીટીની લોકોને જાણ થઈ હતી અને જોતજોતામાં તે ટેક્નોલોજી જગતમાં ચર્ચાનો




વિષય બની ગયું છે. શાળાઓ, આરોગ્ય સંસ્થા, કાયદો અને ધાર્મિક સંસ્થાઓમાં પણ તેનો ઉપયોગ શરૂ થઈ ચૂક્યો છે. ચેટબોટને કારણે જનરેટિવ એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ના સંભવિત જોખમોની ચર્ચા વધી છે. તેનો ઉલ્લેખ વિકીપીડિયાના પેજ પર કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ટેક્નોલોજી ક્ષેત્રે આગામી સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ)નું મહત્વ ઘણું વધવાનો અંદાજ છે. વિકીપીડિયા પર ૨૦૨૩માં સૌથી વધુ વંચાયેલા કન્ટેન્ટમાં મૃત્યુના વાર્ષિક લિસ્ટ અંગેનો આર્ટિકલ બીજા ક્રમે છે. તે ૨૦૨૨માં ચોથા અને ૨૦૨૧માં પ્રથમ ક્રમે રહ્યો હતો. ચાલુ વર્ષે મૃત્યુ પામનારી જાણીતી હસ્તીઓ અંગેના લેખ પણ નોંધપાત્ર વંચાયા હતા. જેમાં મેથ્યુ પેરી અને લીઝા મેરી પ્રેસલીનો પણ સમાવેશ થાય છે. ભારતમાં રમાયેલો બહુચર્ચિત ક્રિકેટ વિશ્વકપ ૨૦૨૩ વિકીપીડિયાની સર્ચમાં ત્રીજા ક્રમે રહ્યો હતો. ઉપરાંત, ચાલુ વર્ષે વિકીપીડિયાના ટોપ-૨૫ લેખમાં અન્ય ત્રણ ક્રિકેટ સંબંધી આર્ટિકલનો પણ સમાવેશ થાય છે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

## સંપાદકીય....

# મહુવા મોઇત્રાનું પ્રિય ગીત: દુશ્મન ન કરે દોસ્તને વો કામ કિયા હૈ..ઉમ્રભર કા ગમ હમે ઈનામ દિયા હૈ...!!??





સમજીને સંસદમાં સરકારને પૂછવા માટેના સવાલો માટે પાસવર્ડ અને લોગિન વિશ્વાસે આપ્યા એ જ બેસ્ટફ્રેન્ડ દર્શ હિરાનંદાની તેમને લઇ ડૂબશે. ટીએમસી પાર્ટીના આખાબોલા સાંસદ મહુવાએ સંસદમાં રાહુલની જેમ અદાણી અંગે સવાલો કર્યા હતા અને સરકારને ઘેરવાનો પ્રયાસ કરતા હતા પણ એક દિવસ તેમની સામે આરોપ મૂકાયો કે તેઓ પૈસા લઇને અદાણી અંગેના સવાલો કોઇના ઈશારે પૂછતી હતી અને તે ગેરકાયદે અને અનૈતિક છે એમ કહીને તેમની સામે સંસદિય કાર્યવાહી કરવામાં આવી અને શિયાળુ સત્રના પહેલા જ દિવસે તેમનો રિપોર્ટ સદનમાં રજૂ કરાયો અને રિપોર્ટના આધારે હવે મહુવાના નામની આગળ પૂર્વસાંસદ લખાઇ ગયું છે.... મહુવા તેને પોતાની વિરૂધ્ધનું ભાજપનું કાવતરૂ ગણાવે છે અને દર્શન પર દબાણ લાવીને તેની પાસેથી કહેવડાવવામાં આવ્યું છે. મહુવાને જે કહેવુ હોય તે કહે પણ તેની ભૂલ એ છે કે તેમણે પોતાની સુરક્ષા ખાતર પોતાના બેસ્ટફ્રેન્ડને તો શું કોઇને પણ સંસદમાં સવાલ પૂછવા માટેની ઓનલાઇન પ્રક્રિયા માટે પાસવર્ડ કે લોગિનનો અધિકાર આપવો જોઇતો નહોતો. ઉદ્યોગપતિ દર્શ સાથેના તેમના સંબંધોમાં તેઓ મિત્ર હોવાનું કહે છે અને સાચા સંબંધો તેઓ જાણે પણ તેઓ જાણેઅજાણે ઘેરાઇ ગયા અને આખરે પરિણામ એ આવ્યું કે આજે દર્શન પણ તેમને બચાવી શક્યો નથી. સંસદમાં સવાલો પૂછવા માટે પૈસા લેવાતા હોવાનો આરોપો અગાઉ યુપીએની સરકારમાં ભાજપના કેટલાક સીંસદોની સામે લાગ્યા હતા અને એક ડઝન કરતાં વધારે ભાજપના સાંસદોનું સભ્યપદ રદ કરાયું હતું અને હવે એ જ રીતે ટીએમસીના મહુવાનો પણ એ જ રાજકીય અંત આવ્યો છે. જો કે હજુ તેમની સામે સીબીઆઇ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેમ હોવાનું પણ ચર્ચાઇ રહ્યું છે. બની શકે કે સીબીઆઇ દ્વારા તેમની ધરપકડ પણ થઇ શકે અને અને અન્ય તપાસ એજન્સીઓ તેમની માલ-મિલકતો અને અન્ય સંબંધોનો પર્દાફાશ પણ થઇ શકે. મહુવાની મુશ્કેલીઓનો અંત આવ્યો નથી પણ શરૂઆત થઇ છે અને મામલો ક્યાં સુધી પહોંચશે એ ટીએમસીના સીએમ મમતાદીદીને પણ ખબર નહીં હોય. દુશ્મન ન કરે દોસ્તને વો કામ કિયા હૈ..ઉમ્રભર કા ગમ હમે ઈનામ દિયા હૈ...આ શબ્દો મહુવાને લાગૂ પડે છે. કેમ કે મહુવાના દોસ્ટત દર્શને મહુવાની સાથે દગો કર્યો અને કેશ ફોર ક્વેરીમાં બદનામ કરી નાંખી અને આખરે સંસદસભ્યપદ પણ ગયું... અલબત મહુવા ચબરાક અને હોંશિયાર છે એટલે તેમણે પહેલાથી જ કહી દીધુ હતું કે તેમની સાથે શું થવાનું છે અને સભ્યપદ રદ્દ થયા બાદ કહ્યું કે હવે સીબીઆઇ તેમની પાછળ પડશે....જો કે તેઓ ભલે અદાણીના મામલે બોલતી હતી પણ તેઓ એક જાગરૂક સાંસદ હતા અને રાજકારણમાં એક સ્થાન બનાવ્યું હતું. એમ મનાય છે કે મહુવા હાર માને તેમ નથી તેથી લોકસભાની આગામી ચૂંટણીમાં તેઓ ફરીથી ઝંપલાવશે પણ હારશે કે જીતશે એ તો મતદારોના મતો ઈવીએમમાંથી બહાર આવીને બોલશે...!



## ધર્મ

# શરૂ થઇ રહ્યાં છે કમુરતા, બધા શુભ કામ પર લાગી જશે કામચલાઉ રોક



સનાતન ધર્મમાં સંક્રાંતિ તિથિનું વિશેષ મહત્વ છે. આ દિવસે પૂજા, જપ તપ અને દાન કરવામાં આવે છે. સાથે જ ગંગા સહીત પવિત્ર નદીઓમાં સ્નાન ધ્યાન કરવામાં આવે છે. ધાર્મિક મત છે કે સંક્રાંતિ તિથિ પર ગંગા નદીમાં સ્નાન કરવાથી અજાણ્યામાં કરેલા પાપમાંથી મુક્તિ મળે છે. સાથે જ પૂજા તપ કરવાથી સુખ સમૃદ્ધિ અને પુણ્ય ફળમાં વૃદ્ધિ થાય છે. સૂર્યદેવની ઉપાસનાથી કરિયર અને કારોબારને નવો આયામ મળે છે.

જ્યોતિષની માનીએ તો સૂર્યદેવના ધન રાશિમાં ગોચરથી કમુરતા શરુ થાય છે. આ દરમિયાન શુભ કાર્ય કરવાની મનાઈ છે. તો ચાલો જાણીએ કમુરતા વિષે બધું જજ્યોતિષની માનીએ તો સૂર્યદેવ એક રાશિમાં 30 દિવસ સુધી રહે છે. ત્યાં જ જયારે ધન અને મીન રાશિમાં ગોચર કરે છે તો સૂર્યદેવના તેજ પ્રભાવથી ધન અને મીન રાશિના સ્વામી બૃહસ્પતિનો પ્રભાવ ક્ષીણ થઈ જાય છે. એને લઇ એક મહિના સુધી ખરમાસ લાગે છે, જેને કમુરતા પણ કહેવાય છે. આ દરમિયાન શુભ કાર્ય કરવાની મનાઈ હોય છે. સરળ શબ્દમાં કહીએ તો લગ્ન, વિદાઈ, ઉપનયન, મુંડન વગેરે જેવા શુભ કાર્ય આ દમયગાળા દરમિયાન નહિ કરી શકાય.પંચાંગ અનુસાર, 16 ડિસેમ્બરના રોજ સૂર્યદેવ સાંજે 3 વાગ્યાને 58 મિનિટ પર વૃશ્ચિક રાશિમાંથી નીકળી ધન રાશિમાં પ્રવેશ કરશે. આ દિવસથી ખરમાસ લાગી જશે. આ રાશિમાં સૂર્યદેવ 30 દિવસ સુધી રહેશે. ત્યાર બાદ સૂર્ય ધનમાંથી નીકળી મકર રાશિમાં પ્રવેશ કરશે. આ દિવસથી ફરી શુભ કાર્ય શરુ થઇ જશે

## અબ કી બાર 400 કે પાર...તીસરી બાર મોદી સરકાર... સૂત્રની સુનામીમાં કોંગ્રેસ ખતમ..?

# ત્રણ રાજ્યોની જીતના પગલે લોકસભાની આગામી ચૂંટણીમાં ભાજપે 200 બેઠકો પાક્કી કરી લીધી...

### જાન્યુઆરીથી દેશભરમાં રામ અને મોદી લહેર પર પૂરપાટ દોડશે ભાજપની નૈયા....

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com





પાંચ રાજ્યોની ચૂંટણી માટે સોશ્યલ મિડિયામાં એક સૂત્ર ચાલતુ હતું કે તીન દિસમ્બર...કોંગ્રેસ છૂમંતર.... અને થયું પણ એવુ જ. 3 ડિસે.ના રોજ 4 રાજ્યોના પરિણામો જાહેર થતાં જ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાંથી કોંગ્રેસ અંતર-મંતર જંતર-મંતર અને છૂમંતર થઇ ગઇ..! રાજસ્થાન અને છત્તીસગઢમાં તો કોંગ્રેસની સરકાર હતી છતાં ખૂબ ખરાબ રીતે હારી અને સમગ્ર ફાયદો ભાજપને ફાળે ગયો છે.

પરિણામ બાદ જે રાજકિય વિશ્લેષણ થઇ રહ્યાં છે તેમાં ભાજપના દાવા મુજબ આ ચૂંટણીમાં ભાજપ દ્વારા ત્રણ હિન્દી પટ્ટાવાળા હાર્ટલેન્ડ રાજ્યોમાં બોલાવાયેલા સપાટાના ત્રણ સ્પષ્ટ પરિણામો છેઃ 2024 હવે લોકસભાની લડાઈમાં 200-સીટ પોલ પોઝિશન સાથે પાર્ટી માટે એક મહત્વપૂર્ણ કામ પૂરુ થયું છે. અન્ય શબ્દોમાં કહીએ તો ભાજપે લોકસભાની 543માંથી 200 બેઠકો પાક્કી કરી લીધી છે.

બીજુ, વિપક્ષી મોરચો ઈન્ડિયા ગઠબંધનમાં કોંગ્રેસનું રાજકીય વજન જે કર્ણાટકની જીત સાથે વધ્યું હતું તે ઘટી ગયું અને કોંગ્રેસ પોતે જોખમમાં છે, અને ત્રીજુ કે સત્તા મળતા જ જીતેલા રાજ્યોમાં જાતિની વસ્તી ગણતરીનો રાહુલ ગાંધીનો મુદ્દો બિનઅસરકારક રહ્યો. જેની સામે મોદી ગેરંટીએ મતદારોને ભાજપને સત્તા આપવા માટે પોતાની તરફ ખેંચ્યા.

ભાજપે મધ્યપ્રદેશમાં મોટી જીત મેળવી છે અને રાજસ્થાન અને છત્તીસગઢ બંનેમાં આરામદાયક બહુમતી હાંસલ કરી છે. ભાજપે તેલંગાણામાં આઠ બેઠકો પણ જીતી હતી, જેમાં તેના એક ઉમેદવાર વેંકટા રમના રેડ્ડીએ નૈતિક જીતમાં કામરેડ્ડીથી બહાર રહેલા મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવ અને કોંગ્રેસના સીએમ રેવન્ત રેડ્ડી એમ બન્નેને હરાવ્યા છે. આની અસર 2024ની લોકસભા ચૂંટણી પર જોવા મળશે કારણ કે ભાજપ હિન્દી હાર્ટલેન્ડ રાજ્યો ઉત્તર પ્રદેશ, ગુજરાત, હરિયાણા, દિલ્હી, ઝારખંડ અને હવે રવિવારે જીતેલા ત્રણ રાજ્યોમાં મજબૂત બની છે.

ચૂંટણી પરિણામનો અભ્યાસ કરનારા રાજકિય અભ્યાસુઓ કહે છે, આનો અર્થ એ છે કે પાર્ટી હવે હિન્દી પટ્ટામાં 200 સીટની ચૂંટણી સ્થિતિમાં કોંગ્રેસથી બે ડગલા આગળ રહેશે. ઉત્તર પ્રદેશમાં લોકસભાની 80 અને ગુજરાતની 26 મળીને એકસાથે 106 બેઠકોમાંથી ઓછામાં ઓછી 100 બેઠકો જીતવાનું લક્ષ્ય ધરાવે છે. યુપી અને ગુજરાત બન્ને ભાજપના ગઢ ગણાય છે અને ગુજરાતમાં તે 2014 અને 2019 એમ સતત બે વખત ભાજપને 26માંથી 26 બેઠકો મળી છે. અને યુપીમાં 80માંથી 70-75 બેઠકો તો નક્કી જ છે.ભાજપે હવે વિધાનસભાની ચૂંટણીઓમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ જીતતા આ ત્રણેય રાજ્યોની 65 લોકસભા બેઠકો પર ક્લીન સ્વીપ કરવા તરફ પણ જોઈ રહી છે, જેમ કે 2019માં ભાજપે આમાંથી 62 બેઠકો જીતી હતી. આ ઉપરાંત બીજેપી માટે દિલ્હી, હરિયાણા, ઝારખંડ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાંથી પણ ભાજપને બેઠકો મળવાની છે ત્યારે તે બધી બેઠકોનો સરવાળો 200 બેઠકો થાય છે. હરિયાણા અને ઉત્તરાખંડમાં ભાજપ સત્તામાં છે.

અન્ય રાજ્યો પર નજર નાંખીએ તો મહારાષ્ટ્રમાં ભાજપ આંશિક સત્તામાં છે, , તેલંગાણા, કર્ણાટકમાં ભલે કોંગ્રેસ આઆવી પણ લોકસભામાં એ જ મતદારો વળી પાછા પીએમ મોદીને વોટ આપવા તૈયાર થઇ જાય છે. ઓડિશામાં બીજેડીની સરકાર મોદીને સંસદમાં દરેક મુદ્દે સાથ સહકાર આપે છે. તેથી લોકસભાની ચૂંટણીમાં બીજેડી ભાજપને મદદ કરે તો મોટા અને મુખ્ય રાજ્યોમાંથી ભાજપને 350 કરતાં વધુ બેઠકો મેળવવામાં મુશ્કેલી પડે તેમ નથી.

રવિવારે ચાર રાજ્યોના પરિણામોનો બીજો મોટો અર્થ એ છે કે વિપક્ષી ઈન્ડિયા ગઠબંધન છાવણીમાં કોંગ્રેસની સ્થિતિ નબળી પડી છે અને જો પાર્ટી ગઠબંધનમાં મોટા ભાઈની ભૂમિકા ભજવવા માંગે છે તો તે બિન-સ્ટાર્ટર હોઈ શકે છે. અર્થાત અન્ય પક્ષો તેમની વાતને તાબે નહીં થાય અને અન્ય પક્ષો કહે એમ કોંગ્રેસે કરવુ પડે.

દરમ્યાનમાં ભાજપના નેતાઓ કહે છે કે ઈન્ડિયા ગઠબંધનના ભાગીદાર પક્ષો જેમ કે ટીએમસી, આરજેડી, જેડીયુ અથવા સમાજવાદી પાર્ટી પશ્ચિમ બંગાળ, બિહાર અથવા યુપીમાં કોંગ્રેસને ઘણી બધી બેઠકો સાથે ભાગ લેવા માટે તૈયાર થશે નહીં, અને જે 2024માં કોંગ્રેસને તમામમાં બેઠકો લડવા મજબૂર કરશે તો દેખીતી રીતે કોંગ્રેસની અને ગઠબંધનની બેઠકોની સંખ્યામાં ભારે ઘટાડો થઇ શકે. "કમલનાથે મધ્ય પ્રદેશમાં અખિલેશ યાદવની પાર્ટી સપાનું અપમાન કર્યા પછી ઉત્તર પ્રદેશ જેવા તમામ મહત્વપૂર્ણ રાજ્યમાં ઈન્ડિયા બિન-સ્ટાર્ટર છે. સીટ વહેંચણીમાં કોંગ્રેસની સોદાબાજીની શક્તિ ઘટી ગઈ છે...!રાજકિય અભ્યાસુઓ કહે છે કે, પરિણામનો ત્રીજો મોટો અર્થ એ છે કે કોંગ્રેસની જાતિ ગણતરીની વાતને મતદારોએ સ્વીકારી નથી. કારણ કે લોકોએ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢનો જનાદેશ જણાવે છે કે જાતિ ગણતરીના વચન પર મતદારોએ મત આપવાનો ઈન્કાર કર્યો છે. કોંગ્રેસે બિહારમાં તેના પ્રાદેશિક ભાગીદારો, આરજેડી અને જેડીયુ પાસેથી આ વિચાર ઉધાર લીધો હતો, પરંતુ હવે હિન્દી હાર્ટલેન્ડમાં ચૂંટણીમાં ઓબીસી-આધારિત રાજ્યોમાં પણ તેનો કોઈ પડઘો દેખાતો નથી.બીજેપી નેતાઓનું કહેવું છે કે લોકસભા 2024ની લડાઈનો મુખ્ય મુદ્દો કોઈપણ રીતે નરેન્દ્ર મોદી માટે ત્રીજી ટર્મનો છે અને તેના માટેનું વાતાવરણ જાન્યુઆરી 2024માં અયોધ્યામાં રામ મંદિરના ઉદ્ઘાટન દ્વારા બનવાનું શરૂ થઇ જશે.....જેનો ફાયદો દેખીતી રીતે જ ભાજપને લોકસભા ચૂંટણીમાં મળશે.





## પુસ્તક પરિચય

▪ રિપલકુમાર પરીખ

# કવિતા ક્ષેત્રે: આવી નવી સવાર!

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

પ્રસરેલી હોય છે. ઝાકળની બુંદ પાંદડાં પર સ્થિર થઈને નયનરમ્ય દૃશ્ય ખડું કરે છે. ધુમ્મસના ઓળા શાંત થયેલી વસુંધરા પર ઉતરી આવે છે ત્યારે રચાયેલું મનોહર દૃશ્ય જોઈને કવિ કિશોર આર. ટંડેલનાં મનોભાવોને તેમણે આ મોનો-ઈમેજ કવિતા દ્વારા દર્શાવ્યા છે. આવી જ લઘુ-ચિત્ર કવિતાઓનો સંગ્રહ એટલે 'આવી નવી સવાર!'

કવિશ્રી રમેશ પટેલ તથા કવિશ્રી કિશોર ટંડેલ દ્વારા વિવિધ લોકપ્રિય કવિઓની મોનો-ઈમેજ કવિતાઓનો નવો સંગ્રહ હાલમાં જ પ્રકાશિત થયો છે. જેમાં મોનો-ઈમેજનાં જનક કવિશ્રી મધુ કોઠારી ઉપરાંત મયંક મહેતા, એસ. એસ. રાહી, યોસેફ મેકવાન, સ્વ. મફત ઓઝા, રાધેશ્યામ શર્મા, કરસનદાસ લુહાર; 'નિરંકુશ', હર્ષદેવ માધવ, રમેશ આચાર્ય, સતીશ ડણાક, મધુકાંત જોષી, ભૂપેન્દ્ર શેઠ; 'નિલમ', મદનકુમાર અંજારિયા; 'ખ્વાબ', પ્રજ્ઞા વશી, યોગેશ જોષી, લતા જ. હિરાણી, કાલિન્દી પરીખ, હરિવદન જોષી, નટવર જાજલ, રક્ષા ચોટલિયા, ફિરોજ હસ્નાનીની અદ્ભુત રચનાઓ પ્રકાશિત થઈ છે.


મોનો-ઈમેજના જનક કવિશ્રી મધુ કોઠારી આ પુસ્તકને શુભેચ્છા પાઠવતાં લખે છે,' 'આવી નવી સવાર' ઘણું સૂચવી જાય છે. 'મોનો-ઈમેજ' નામનો નવો કાવ્ય પ્રકાર આવવાથી ગુર્જર કાવ્યાકાશમાં પ્રકાશ ફેલાયો છે. એક નવા અધ્યાયનો પ્રારંભ થયો છે. સંગ્રહ જોતાં આશ્ચર્ય થાય છે કે 'અહો! આટલા બધા કવિઓ મોનો-ઈમેજ કવિતા લખતા થયા છે?' કવિતાઓનાં કલ્પન પસંદગીમાં અને વિષયવસ્તુમાં સારું એવું વૈવિધ્ય છે. સંવેદન સંકીર્ણતા પણ છે. વનપ્રદેશમાં ભિન્ન ભિન્ન ઝરણાં એક જ થઈને સરિતા બને છે. એવી જ રીતે અહીં ભિન્ન ભિન્ન મોનો-ઈમેજનાં ઝરણાં ભેગાં મળ્યાં છે અને અદ્ભુત સંગ્રહ બન્યો છે.'

સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર, લગભગ એકસો પચ્ચીસ પુસ્તકો આપનાર તથા જેમની પહેલી પસંદ મોનો-ઈમેજ કવિતા છે તેવાં કવિશ્રી રમેશ પટેલ તથા એવાં જ મોનો-ઈમેજ પ્રેમી તથા લેખક અને કવિશ્રી કિશોર ટંડેલનું સહિયારું સંપાદન આ પુસ્તકમાં સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. મોનો-ઈમેજ કવિતા ભલે લાઘવ હોય પરંતુ તેનું ઊંડાણ ભાવકને નવી ઉંચાઈએ પહોંચાડે છે. નવોદિત કવિઓ માટે આ પુસ્તક ચોક્કસ માર્ગદર્શક સાબિત થશે તે ઉપરાંત કવિતાનાં નવાં સ્વરૂપનો રસાસ્વાદ કરાવતો આ સંગ્રહ ચોક્કસ માણવા લાયક છે.

કવયિત્રી શ્રી લતા જ. હિરાણીની જળની મોનો-ઈમેજ માણીએ. આભ નીતરે આખું અંગ નીચોવી,

હવે જળ લાઘવતામાં અહીં

કવયિત્રીએ નભમાંથી વરસતાં વરસાદનું એક સુંદર ચિત્ર ખડું કર્યું છે. આભ મન મૂકીને વરસે છે અને જળનું મધુર ગીત હૃદયમાં કાયમ માટે વસી જાય છે.




કવિશ્રી મધુ કોઠારીની હૃદયને સ્પર્શી જતી એક અદ્ભુત રચનાને માણીને આ પુસ્તકને કાયમ માટે હૃદયસ્પર્શી રાખવાની ભલામણ સાથે વિરમીએ. પ્રેમની ડાળ ઉપર બેસતાં સ્પર્શનાં પંખીઓની ભાષા માત્ર કવિ જ ઉકેલી શકે છે.

## રસદર્શન

હરીશ શાહ

# મારા શરીરમાં ફૂલોની જેમ, તમે અદ્ભુત દ્રશ્યો બનાવો છો...

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

### ગઝલ:પહેરી છે

કવિ :સ્નેહી પરમાર

મેં તને ચામડીની બે બાજુ
પૂર્ણ વિલાસમાં પહેરી છે.........
મેં તને જોઈ તે પછી:આંખો
લોકની લાજમાં પહેરી છે.......
ડાઘ લાગે ન તારી યાદોને
જઈને આકાશમાં પહેરી છે.........
મેં તારી યાદમાં પહેરી છે,
આંગળી હાથમાં પહેરી છે......

આજે જે વાત કરવી છે તે વાત આજની કવિતામાંથી પસાર થશે જે એક ગઝલ સ્વરૂપે છે , જાણીતા ગૂઢ કવિ શ્રી સ્નેહી પરમારની એક સુક્ષ્મ છતાં વિરાટ અર્થ ધરાવતી ગઝલના શેર આજની આપણી વાતના પ્રવાહમાં એકરૂપ થઈને આવશે...આજની શરૂઆત જે વાતથી કરવી છે... પ્રિયતમાને સંબોધીને પ્રિયતમ અત્યંત ગૂઢ ભાષામાં જ્યારે કંઈક વાત કરે અને રજુઆતનું માળખું લગભગ પ્રેમને શરણે જતું હોય ત્યારે જે ચિત્ર ઊભું થાય છે તે ચિત્ર અલૌકિક હોય છે. એક સાવ અલગ ભાવ વિસ્તારમાં લઈ જતી આ ગઝલના શેર પ્રિયતમાને ભૌતિક અવસ્થા થી ઉપર એવી કોઈ અવસ્થામાં અંગીકાર કરવાની કહે છે કે જાણે પ્રિયતમાને ધારણ કરી હોય, પહેરી હોય..... એવો એક અનન્ય ભાવ અને તે ભાવને સાંકળતી આ વાત અને આ વાતમાં પસાર થતા ઉત્કૃષ્ટ શેર કે જેના તાણાંવાણા વાતની સાથે અને વાતના તાણાંવાણા શેરની સાથે અદ્વૈત થાય છે સળંગ વાંચ્યા પછી બંનેને છૂટા પાડવા મુશ્કેલ પડશે.. પુરાણોમાં આપણી માયથોલોજીના માં આવતા કેટલાય એવા પાત્રો છે જે આંખો વચ્ચેથી પસાર થશે નળ-દમયંતી, શિવ-પાર્વતી રાધા-કૃષ્ણ , ભરત - શકુંતલા, સત્યવાન- સાવિત્રી અને કંઈક ઘણા બધા..... મહાકવિ કાલિદાસના પાત્રો યક્ષ મેઘદૂતમમાં અગ્નિમિત્ર માલવિકાગ્નિમિત્રમ્ માં...

પ્રેમની પરિભાષા ની ઘણી બધી પરાકાષ્ઠા સુધી લઈ જતી આ વાત અને આ શેર તમને એક અલગ ભાવવિશ્વમાં લઈ જશે જેનો મને સંપૂર્ણ વિશ્વાસ છે

આજના વાતચિત્રમાં પ્રિયતમ જાણે કહે છે,મારા શરીરમાં ફૂલોની જેમ, તમે અદ્ભુત દ્રશ્યો બનાવો છો, જ્યારે આપણે આપણા અદ્ભુત રંગોમાં એકબીજા સાથે ઊભા રહીએ છીએ .. ત્યારે આપણે એક સૌંદર્ય ઉભુ કરીએ છીએ ,

તમે તમારી સુંદર ત્વચાને જુઓ, તમારા પગના અંગૂઠાથી તમારા ચહેરાના ભાલ સુધી ... તમે જે ચામડીમાં રહેશો તે કેટલી નસીબદાર છે તે વિચારો, જે , જે મારી અંદર છે તે "તમે" છો, જે મને સુંદર રીતે પકડી રાખે છે. અને બહાર તો તમારું સૌંદર્ય છે જ! વાતને આ શેર કેટલુ સુંદર સમર્થન આપે છે ચહેરા ની વાત કરીને પ્રિયતમ આંખોની ભાષાને વાંચવાનો પ્રયત્ન કરે છે પરંતુ આંખો લાંબા સમયથી આપણાં માનસિક પ્રતિભાવના દર્પણ તરીકે ગણવામાં આવે છે. આંખો "આત્માની બારી તરીકે ઓળખાય છે આંખોની કોઈ વિશેષ અભિવ્યક્તિ પ્રગટ કરતી કોઈ ઉત્કટતા નથી હોતી તેને વાંચતા જ આવડવું જોઈએ. આ માન્યતા સાથે સુસંગત એ તારણો દર્શાવે છે કે આંખોથી ચહેરાનું વલણ બહાર આવે છે (આનાથી તમારા આકર્ષક ચહેરા તરફ તરફેણ કરી પૂર્વાધિકાર તરફ મને દોરી શકે છે ) આંખો આપણા શારીરિક દેખાવના પણ મહત્વનું ઘટક છે,

આ હદ સુધી કે આપણે લોકો પાસે આપણી ઓળખ છુપાવવા માંગીએ !

અને તેથી જ તમને જોઈ લઉં પછી આંખોનો ભાર તમારી નજાકતથી એટલો બધો પ્રભાવિત થઈ જાય છે લોકોની સામે જોવામાં પણ શરમ નડે છે, અને મને તો એવું લાગે છે કે લોકોને મારી સામે જોવામાં પણ શરમ નડે છે મને એવું લાગે છે કે લોકોને પણ તેની ખબર પડી જાય છે,ઘણીવાર આંખોને અવરોધિત કરીને આમ કરી પણ લઉં પણ કેટલી વાર એનાથી તો હું લોકો સામે છતો થઈ જાઉં છું. જોવું એ ભાવનાત્મક મહત્વ , પણ એ માન્યતા વ્યક્ત કરવામાં આવે કે " આંખ" મને લોકોની સામે જોવાની રીતમાં ખલેલ પહોંચાડી શકે , રજૂઆત ની વ્યાખ્યા અને લો આ શેર ની રજૂઆત....આ બધાની વચ્ચે પ્રિયતમ યાદની વાત કરતા કહે છે કે મહત્વનું યાદ રાખવું જ મહત્વપૂર્ણ છે સતત યાદમાં શક્તિ છે. પરંતુ યાદ રાખવું એ પણ બોજ છે, તેથી જ તો તને ઉપર જઈને આકાશમાં યાદ કરીને મેં ગ્રહી છે , સંવેદનાનું ગુરુત્વાકર્ષણ ન હોય જેનાથી યાદનો બોજ અવકાશમાં ઓછો લાગે અને અહીંની જેમ બીજી વેદનાનું તે ચાહનાનું પ્રદૂષિત વાતાવરણ પણ ના હોય તેથી તારી યાદને ડાઘ પણ ન લાગે,

સંપૂર્ણ અને સતત ભૂલી જવું એ સારું હોઈ શકે છે પરંતુ એ શક્ય નથી , હકીકતમાં, યાદ રાખવું મુશ્કેલ છે. ભૂલી જવું તેથી વધુ મુશ્કેલ છે. જો યાદ ન હોય તો ખાલી ભૂલી પણ જાઉં. આવશ્યક પ્રકૃતિમાં અનિવાર્યતા જ ભૂલ છે. યાદના સંકેત આપવા એ યાદ રાખવાની અસમર્થતા છે. અને તેથી કોઈક એવા શૂન્યાવકાશમાં જઈને તને ઓઢી લઈ, પહેરી દઉં , જેનાથી તારી યાદ ને ડાઘ ન લાગે ,જે વાસ્તવિકતા આનંદથી બહાર આવે છે તે જ અલગ થવાના દુઃખદાયક અનુભવથી વધુ તકલીફ આપે છે.

તે યાદ રાખવા સમય લાગી શકે છે, પરંતુ હું તેને ગુમાવી શકતો નથી. હું તેને જોઈ શકતો નથી, છતાં તે ખોવાઈ રહ્યું નથી. એને તો અવકાશમાં જઈને ઓઢી લીધું છે , મને યાદ છે જ નહીં ત્યાં શું છે. યાદ રાખ કે તારી વાસ્તવિક પ્રકૃતિ હવે યાદ બનીને જ રહેવાની છે અને તેથી જ તેને અકિંચન રાખવાનો મારો આગ્રહ છે , અને આ શેર આ રજૂ કરેલી વાતને ચાર ચાંદ આપી દેશે...

અને છેલ્લે પ્રિયતમ હૃદયની વાત બરાબર કરે છે હૃદય ની વાત આંગળી નું રૂપક આપીને કરે છે,જો કોઈ વ્યક્તિની પોતાની આંગળી તેની નાડી પર હોય, તો તે તેના હૃદયના ધબકારા વિશે જાણ કરે છે. એવું કહેવાય છે કે પરસ્પર સંબંધની આપ લે આંગળી થી થાય છે અને તેથી જ તારી યાદ મેં આંગળીમાં પહેરી છે.તર્જનીની બાજુની આંગળી, કદાચ તું સમજી શકતી હોઈ શકે,આંગળી પર યાદ પહેરવા નો અર્થ શું થાય અને આંગળી, જેનો સીધો સંબંધ હાથની નાડી સાથે છે નાડી માપવી હોય આંગળી ઉપર oximeter મૂકીને ડાયરેક્ટ હાર્ટ બીટ માપી શકાય છે એનો અર્થ એ જ થાય છે આંગળી આખેઆખી હાથમાં પહેરી લીધી છે અને તેથી જ તારી યાદ આંગળીમાં પહેરી છે અને આંગળી ને હાથમાં પહેરી છેરૂપકાત્મક અર્થ તે જ વિચારને અન્ય કોઈપણ ક્ષેત્ર પર લાગુ કરે છે, તેના પર એક આંગળી આવી શકે છે. આ પાછળનો વિચાર એ છે કે મારી આસપાસ શું થઈ રહ્યું છે અને તે મારા સ્વાસ્થ્ય પર આધારીત મારી શાબ્દિક નાડી વધુ કે ઓછી ઝડપી બની શકે છે. તેવી જ રીતે, કે પરિસ્થિતિઓ દરરોજ બદલાય છે, અથવા ક્ષણથી ક્ષણ સુધી પણ. મારી સંવેદનાની વિશિષ્ટ જાળવણી કરવા માટે, મારી આંગળીની નજીકથી મારે દેખરેખ રાખવી જોઈએ, આ વાતમાં આ શેર કેવો ઓળઘોળ થઈ જાય છે

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

AAPએ સ્ટિંગ ઓપરેશન કરીને કૌભાંડ બહાર પાડ્યું

# સુરતના 300 કરતાં વધારે વિદ્યાર્થીઓને પરીક્ષા અપાવી બોગસ ડિગ્રી આપી

## બોગસ ડિગ્રી વેચીને કોલેજો કરોડો રૂપિયા કમાઈ રહી છેઃ ભાવેશ શુક્લા

ગુજરાત | વંદન

આમ આદમી પાર્ટી ફ્રન્ટલ સંગઠન પ્રમુખ પ્રવીણ રામ, આમ આદમી પાર્ટી શિક્ષણ સેલ પ્રદેશ ઉપ-પ્રમુખ ભાવેશ શુક્લા અને પ્રદેશ મંત્રી શિક્ષણ સેલ હસમુખ પરીખએ બોગસ ડિગ્રી મુદ્દે એક સ્ટિંગ ઓપરેશનનો વિડિયો જાહેર કર્યો હતો અને તે દરમિયાન શિક્ષણ સેલ પ્રદેશ ઉપ-પ્રમુખ ભાવેશ શુક્લાએ મીડિયાએ સંબોધિત કરીને જણાવ્યું કે, છેલ્લા ઘણા સમયથી ભાજપ શાસિત ગુજરાત રાજ્યમાં બોગસ ડિગ્રી આપવાનું કૌભાંડ ચાલી રહ્યું છે. આમ આદમી પાર્ટીના શિક્ષણ સેલે સ્ટિંગ ઓપરેશન કરીને ફેક ડિગ્રી કૌભાંડ બહાર પાડવામાં આવ્યું છે.

ત્યારબાદ આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રમુખ પ્રવીણ રામે પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, બોગસ ડિગ્રીના કારણે એ વિદ્યાર્થીઓને વધારે નુકસાન થાય છે જે દિવસ રાત મહેનત કરીને ડિગ્રી મેળવવા માગતા હોય છે. મોટાભાગની યુનિવર્સિટીઓ અને કોલેજો બોગસ ડિગ્રીઓ આપીને પોતાનો વેપાર ચલાવતા હોય છે. આમ આદમી પાર્ટીના શિક્ષણ સેલે જીવના જોખમે આ સ્ટિંગ ઓપરેશન કરીને બોગસ ડિગ્રીની હકીકત લોકો સમક્ષ રજૂ કરી છે.

આ સ્ટિંગ ઓપરેશનના વીડિયોમાં તમે જોશો કે આ કોલેજે સુરતના 300 કરતાં વધારે વિદ્યાર્થીઓને એક જ સમયે પરીક્ષા આપી પાસ કરી સર્ટિફિકેટ આપી દીધેલા છે અને તેનો ઉલ્લેખ વીડિયોમાં પણ કરવામાં આવ્યો છે. સરકારને અમારી અપીલ છે કે તાત્કાલિક ધોરણે આ મુદ્દા પર કડકમાં કડક પગલાં લેવામાં આવે અને જો સરકાર પગલા નહીં લે તો આગામી સમયમાં રણનીતિ બનાવીને આવા બીજા લોકોને ઉઘાડા પાડવામાં આવશે.

# પીએમ 17 ડિસેમ્બરે સુરતમાં ડાયમંડ બુર્સનું કરશે ઉદ્ઘાટન

ગુજરાત | વંદન



વડાપ્રધાન મોદી ડિસેમ્બર મહિનામાં ગુજરાતના પ્રવાસે આવશે. મળતી જાણકારી અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરતમાં 17 ડિસેમ્બરે નવનિર્મિત હીરા બુર્સનું ઉદ્ઘાટન કરશે. સાથે જ એરપોર્ટના નવા વિસ્તરણ યોજનાનું અનાવરણ કરે તેવી શક્યતા છે. હીરા બુર્સનું 66 લાખ ચોરસ ફૂટનું શાનદાર બિલ્ડિંગ બનાવાયું છે. 15 માળના 9 ટાવરમાં અંદાજે 4 હજાર 500 ડાયમંડ ટ્રેડિંગની ઓફિસો છે. વડાપ્રધાન ઓફિસ તરફથી કાર્યક્રમની મૌખિક જાણકારી આપવામાં આવી છે. હજુ ફાઈનલ કાર્યક્રમની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

સહકારી ધોરણે 3400 કરોડના અંદાજિત ખર્ચે સુરતના ખજોદ ખાતે તૈયાર થયેલા અને વિશ્વના સૌથી મોટા હીરા બજાર તરીકે ખ્યાતિ પામી રહેલા સુરત હીરા બુર્સના ઉદ્ઘાટનની તારીખ ફાઈનલ થઈ ગઈ છે. ઉદ્ઘાટન સમારોહ ભવ્યાતિભવ્ય રીતે યોજવામાં આવશે. આ પ્રસંગે દેશ દુનિયાના દિગ્ગજ હીરા ઉદ્યોગપતિઓ, ગણ્યમાન્ય વ્યક્તિઓને ખાસ આમંત્રિત કરીને સુરત હીરા બુર્સના ઉદ્ઘાટન સમારોહમાં સહભાગી કરવામાં આવશે.

ઉદ્ઘાટન સમયે 4200 પૈકી વધુમાં વધુ ઓફિસો કાર્યરત થઈ જાય એ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# ભરૂચ : જંબુસરમાં બે સગી બહેનો પર દુષ્કર્મની ફરીયાદ, બે યુવકોની ધરપકડ

## ફાર્મ હાઉસમાં લઈ જઈ નશાના ઈન્જેક્શન આપી યુવકોએ અસ્મત લૂંટી

ગુજરાત | વંદન

ભરૂચ જિલ્લાના જંબુસરમાં બે બહેનો પર દુષ્કર્મની ઘટના સામે આવી છે. બંને બહેનોને ફોસલાવીને ફાર્મ હાઉસ પર લઈ જઈને નશાકારક ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા અને આ બાદ તેમના પર દુષ્કર્મ આચરવાનો બનાવ બન્યો હતો. ઘટનાના 25 દિવસ બાદ એક બહેને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા 4 શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.



વિગતો મુજબ, અંદાજે 25 દિવસ પહેલા યુવતીને તેની બહેન સાથે મિત્ર યાસીન ખાલિદે મળવા બોલાવી હતી. જે બાદ યાસીન બંનેને ઈકો કારમાં બેસાડીને કાવલી ગામે આવેલા આંબાવાડીના ફાર્મ પર લઈ ગયો હતો. અહીં બંને બહેનોને નશાકારક પદાર્શના ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા. બાદમાં આરોપીઓએ પણ નશાના ઈન્જેક્શન લીધા હતા. આ બાદ બંને બહેનો પર યાસીન અને નઈમ નામના શખ્સે દુષ્કર્મ આચર્યું હતું.

ત્યારે ઘટનાના 25 દિવસ બાદ એક બહેને બંને આરોપીઓ તથા ઈન્જેક્શન આપતો વીડિયો વાઈરલ કરનાર અને મદદ કરનાર 4 શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં કાવી પોલસે ભડકોદ્રા ગામના યાસીન ખાલીદ ચોક તેમજ નઈમ ઈસ્માઈલ મુસા પટેલની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે વિડિઓ વાયરલ કરનાર તેમજ મદદ કરનાર ફરાર આરોપીઓને ઝડપીપાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. સમગ્ર ઘટનામા IPCની કલમ-376(2),(J), 328, 114 તથા આઈ.ટી.એક્ટ કલમ 67 મુજબની ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ગુજરાત યુનિવર્સિટીની બેઠકમાં નિર્ણય, ત્રણ પ્રોફેસરોને કર્યા સસ્પેન્ડ

ગુજરાત | વંદન

ગુજરાત યુનિવર્સિટીમાં આજે ત્રણ પ્રોફેસર પર કાર્યવાહી કરાતા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે જેમાં સમાજ વિદ્યા ભવનના ત્રણ પ્રોફેસરોનો સમાવેશ થાય છે. યુનિવર્સિટીએ આ નિર્ણય મહિલા પ્રોફેસરની ફરિયાદના આધારે કરવામાં આવ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીની આજે મળેલી એકેડમી કાઉન્સિલની બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા સમાજવિદ્યા ભવનના વિવાદાસ્પદ પ્રોફેસરો પર કાર્યવાહી કરીને તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે જેમા પોલિટિકલ સાયન્સના પ્રોફેસર મુકેશ ખટીક સામે મહિલા પ્રોફેસરે ખોટી રીતે હેરાન કરી માનસિક ત્રાસ આપવાની ફરિયાદ કરી હતી. આ ફરિયાદના આધારે તપાસ માટે એક કમિટી નિમણૂક કરવામાં આવી હતી જેના રિપોર્ટના આધારે પ્રોફેસર મુકેશ ખટીકને સસ્પેન્ડ કરાયા છે.

આ ઉપરાંત યુનિવર્સિટીમાં 17 ગેરકાયદેસર પ્રોફેસરોની ભરતીની પણ ફરિયાદ થયા બાદ ભારતીય સંસ્કૃતિ વિભાગના પ્રોફેસર વનરાજ ચાવડા અને MSW વિભાગના પ્રોફેસર વિપુલ પટેલને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સિવાય HPP કોર્સમાં નાણાકીય ઉચાપતની ફરિયાદના પગલે પ્રોફેસર કવલજીત લખતરિયા સામે તપાસ કમિટી નીમવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

CISFની સુરક્ષાનો ખર્ચ પણ એરપોર્ટને પડી રહ્યો છે મોંઘો

# સુરત એરપોર્ટને છેલ્લાં પાંચ વર્ષમાં 152.1 કરોડની ખોટ, ખર્ચા માથે પડ્યાં

## ક્ષમતા કરતા ઓછી એર કનેક્ટિવિટીના કારણે એરપોર્ટને નુકસાન

ગુજરાત | વંદન

ડાયમંડ સિટી સુરતના એરપોર્ટને લઈ એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, આ સુરત એરપોર્ટે છેલ્લા 5 વર્ષમાં કરોડોની ખોટ કરી છે. આંકડાઓ પર નજર કરીએ તો રાજ્યમાં અમદાવાદ સિવાયના તમામ એરપોર્ટ હાલમાં ખોટમાં ચાલી રહ્યા છે. છેલ્લા 5 વર્ષમાં સુરત એરપોર્ટે 152.1 કરોડની ખોટ કરી છે. વિગતો મુજબ ક્ષમતા કરતા ઓછી એર કનેક્ટિવિટીના કારણે એરપોર્ટને નુકસાન થતું હોવાનું સામે આવ્યું છે.



સુરતના એરપોર્ટ પર મહિને-દહાડે હજારો લોકો પરિવહન કરતા હોય છે. જોકે છેલ્લા 5 વર્ષથી આ સુરત એરપોર્ટ ખોટમાં ચાલી રહ્યું છે. સુરત એરપોર્ટ પર કાર્ગોનું માત્ર 20 ટકા વહન છે. આ સાથે હવે ખોટના કારણે CISFની સુરક્ષાનો ખર્ચ પણ એરપોર્ટને મોંઘો પડી રહ્યો છે. મહત્વનું છે કે, ગુજરાતના અમદાવાદ સિવાયના તમામ એરપોર્ટ હાલ ખોટમાં ચાલી રહ્યા છે. સુરત એરપોર્ટને પાંચ વર્ષમાં 152.1 કરોડની ખોટમાં હોવાનું સામે આવ્યું છે. આ તરફ ખોટ થવાના અનેક કારણો સામે આવ્યા છે. જેમાં ક્ષમતા કરતા ઓછી એર કનેક્ટિવટી, કારગોનો માત્ર 20 ટકા ઉપયોગ અને પાંચ દિવસમાં એક જ ઈન્ટરનેશનલ ફ્લાઈટ જેવા કારણો જવાબદાર છે. આ તરફ 2018-19માં 22.84 કરોડ, 2019-20માં 27.48 કરોડની ખોટ, 2020-21માં 40.43 કરોડ, 2021-22માં 29.36 કરોડ અને 2022-23માં 31.99 કરોડની ખોટ સુરત એરપોર્ટે સહન કરવી પડી છે. આ તરફ હવે હીરા બુર્સના શરૂ થયા બાદ વધુ ફ્લાઈટ કનેક્ટિવિટી મળે તેવી આશા છે.

# ટીમ્બરના વેપારી સાથે છેતરપિંડી, એપ ડાઉનલોડ કરાવી 14.93 લાખ ઉપાડી લીધા...

ગુજરાત | વંદન

જેમ જેમ આર્થિક વ્યવહારમાં ડિજીટલનું ચલણ વધી રહ્યું છે તેમ તેમ છેતરપિંડીના કેસમાં વણ વધારો થઈ રહ્યો છે. સુરતમાં કડોદરાના લાકડાના વેપારી સાથે આ રીતે જ કોઈએ લાખોની છેતરપિંડી કરી છે. વેપારી પાસે ઓનલાઈન એપ ડાઉનલોડ કરાવી આ છેતરપિંડી કરવામાં આવી છે.

કડોદરાના લાકડાના વેપારીએ માણેકપોરનાં વેપારીને પૈસા ટ્રાન્સફર કર્યા હતાં. જોકે પૈસા ટ્રાન્સફર ન થતાં કસ્ટમર કેરમાં ફોન કર્યો હતો. કસ્ટમર કેરમાં ફેક નંબર પર કોલ લાગી જતા ચીટરે ખેલ પાડી દીધો હતો. પૈસા પરત આવી જશેની બાંહેધરી આપીને એનિડેસ્ક નામની એપ ડાઉનલોડ કરાવી હતી. આ એપની મદદથી ચીટરે વેપારીના ખાતામાંથી 14.93 લાખ ટ્રાન્સફર કરી લીધા હતા. આ મામલે કડોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

આજના સમયમાં લગભગ દરેક કામ કરવાની રીત બદલાઈ ગઈ છે. પહેલા કરતાં હવે વસ્તુઓ કરવાનું સરળ લાગે છે. લગભગ દરેક ક્ષેત્રમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. જેમ કે- બેંકિંગ ક્ષેત્ર. અહીં પણ ઘણું બદલાઈ ગયું છે. હવે લગભગ દરેક કાર્ય માટે બેંકમાં જવાની જરૂર નથી, કારણ કે હવે ઘણા કાર્યો ઓનલાઈન બેંકિંગ અથવા ફોન બેંકિંગ વગેરે દ્વારા કરી શકાય છે. તે જ સમયે, ઘણા



લોકો કસ્ટમર કેર સાથે વાત કરવા માટે નંબરો શોધે છે અને આજકાલ લોકો દરેક વસ્તુ માટે Google પર જાય છે. તેવી જ રીતે, લોકો Google પર કસ્ટમર કેર નંબર પણ સર્ચ કરે છે, પરંતુ રાહ જુઓ, જો તમે પણ Google પર બેંક સંબંધિત નંબરો જેમ કે કસ્ટમર કેર નંબર વગેરે સર્ચ કરો છો, તો આ ન કરો. અન્યથા તમે છેતરાઈ શકો છો. હા, આ વાત સાચી છે. તો ચાલો જાણીએ કે આવું કેમ ન કરવું જોઈએ અને તમે કસ્ટમર કેર નંબર ક્યાંથી મેળવી શકો છો. વાસ્તવમાં, Google પર કોઈપણ બેંકના કસ્ટમર કેર નંબરને સર્ચ કરવાની મનાઈ છે કારણ કે છેતરપિંડી કરનારાઓ અહીં નકલી વેબસાઈટ અને નકલી ગ્રાહક સેવા નંબરો મૂકે છે. તે એકદમ વાસ્તવિક લાગે છે અને તમે કહી શકતા નથી કે તે પ્રથમ નજરમાં નકલી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એટલે કે આરબીઆઈ પોતે જ તમને ગૂગલ પર સર્ચ કરીને સીધા બતાવેલ કસ્ટમર કેર નંબર પર ક્યારેય કૉલ કરવાની મનાઈ કરે છે. તેઓ નકલી છે અને તેમની વાતોમાં તમને લલચાવીને તમને છેતરવાનો પ્રયાસ કરે છે. તેથી તેમનાથી દૂર રહો.

# ભારતીય સેનાના ડેઝર્ટ કોરની કાર રેલી અભિયાનનું નડાબેટમાં સમાપન

ગુજરાત | વંદન

કોણાર્ક 'વિજય દિવસ'ની ઉજવણીના ભાગ રૂપે, 07 ડિસેમ્બર 2023ના રોજ જેસલમેરથી કાર રેલી અભિયાનને લીલી ઝંડી બતાવીને તેનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રણ ક્ષેત્રમાં 1971ના યુદ્ધમાં પાકિસ્તાન પર વિજય મેળવ્યાના 52 વર્ષની ઉજવણી માટે યોજવામાં આવેલા શ્રેણીબદ્ધ કાર્યક્રમોના ભાગરૂપે આ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રેલીની ટીમમાં ભારતીય ભૂમિસેના, ભારતીય વાયુસેના, ભારતીય નૌકાસેના, સીમા સુરક્ષા દળ અને નાગરિક પ્રશાસનની 12 કાર અને કર્મચારીઓ સામેલ થયા છે; આથી 1971ના યુદ્ધમાં ભાગ લેનાર તમામ ગણવેશધારી સેવાઓ અને નાગરિક સેવાઓના કર્મચારીઓનું અનોખું સંયોજન આ રેલીમાં તૈયાર થયું છે. જેસલમેરમાં ભવ્ય ધામધૂમ વચ્ચે આ મહત્વપૂર્ણ કાર રેલીને ઝંડી બતાવીને રવાના કરવામાં આવી હતી, જે આપણા સશસ્ત્ર દળોના શૌર્ય અને આપણા રાષ્ટ્રની એકતાનું સન્માન કરતી ઐતિહાસિક યાત્રાનો સૂર નિર્ધારિત કરે છે. આ રેલીના બે દિવસમાં, ટીમે 'ગોલ્ડન સિટી" ઓફ જેસલમેર, આઈકોનિક મુનાબાઓ ગામના જાલિપાથી પસાર થઈને કુલ 600 કિલોમીટરનું અંતર કાપ્યું હતું અને નડા બેટના ઐતિહાસિક પ્રદેશમાં સમાપન કર્યું હતું. 1971ના યુદ્ધમાં નડા બેટે મુખ્ય ભૂમિકા ભજવી હતી, જ્યાં BSFએ દુશ્મનોને ન માત્ર રોક્યા હતા પરંતુ દુશ્મનની 15 ચોકીઓ પણ કબજે કરી લીધી હતી.

ટીમે પ્રતિષ્ઠિત મુનાબાઓ ગામના પર તેમનો પ્રથમ વિરામ કર્યો હતો. આ સ્થળ આપણા નાયકો દ્વારા રચવામાં આવેલી શૌર્ય અને વિજયની ગાથાનો પડઘો પાડતું સ્થાન છે. ગામના ઉત્સાહી વિદ્યાર્થીઓએ ટીમની યજમાની કરી હતી અને બાડમેર ખાતેની પીજી કોલેજમાં યોજવામાં આવેલા કાર્યક્રમમાં તેમણે કલાત્મકતા સાથે રજૂ કરેલા સાંસ્કૃતિક પ્રદર્શન દ્વારા સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમમાં બાડમેરના પોલીસ અધિક્ષક, BSFના DIG અને બાડમેરના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ પણ ઉપસ્થિત રહ્યા હતા.એક વરિષ્ઠ સૈન્ય અધિકારીએ સ્થાનિક લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે 1971ના યુદ્ધમાં ભારતના ઐતિહાસિક વિજય અંગે પોતાનું વક્તવ્ય આપ્યું હતું.

# મહિલા TRBના પ્રેમમાં પડેલા ASIએ પત્નીનું ગળું કાપી નાખ્યું

## છોટા ઉદેપુરમાં "પતિ-પત્ની ઔર વો"નો વધુ એક કિસ્સો

ગુજરાત | વંદન

છોટા ઉદેપુરમાં "પતિ-પત્ની ઔર વો"નો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં પોલીસકર્મી દ્વારા જ પત્નીનું ગળું કાપીને લાશને જંગલમાં ફેંકી દીધી હોવાનું સામે આવ્યું છે.

સમગ્ર મામલે પોલીસ તપાસમાં ASI પોલીસકર્મીને અન્ય મહિલા સાથે પ્રેમ સંબંધ હોવાથી હત્યા કર્યાનું સામે આવતા ચકચાર મચી ગઈ છે. મૃતક મહિલાના ભાઈએ પોલીસમાં ફરજ બજાવતા બનેવી સામે હત્યાની ફરિયાદ નોંધાવી છે.

### પત્નીના ભાઈ સમક્ષ કરી હત્યાની કબૂલાત

વિગતો મુજબ, છોટા ઉદેપુરના ગોંદરિયા ગામની સીમમાં એક અજાણી મહિલાની લાશ મળી આવી હતી. મહિલાની ઓળખ માટે ફોટો વાઈરલ કરાયા હતા. જેમાં તે પોલીસ હેડક્વાર્ટરમાં ફરજ બજાવતા ASI વરશન રાઠવાની પત્ની હોવાનું ખૂલ્યું હતું. આથી પોલીસે ASI પતિની પૂછપરછ કરી હતી. જેમાં માલુમ પડ્યું કે, મૃતક મહિલાના ભાઈ સાથે ફોન પર વાત કરતા દરમિયાન પતિએ હત્યાની કબૂલાત કરી હતી.

અનુસંધાન પેજ 1 પરથી...

### આંતકવાદ સામે...

અને નેટવર્ક ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ પણ તૈયાર કરી રહ્યું હતું. આ સંગઠનનો ઉદ્દેશ્ય તેના સાગરીતો દ્વારા ભારતની ધરતી પર આતંકવાદી કૃત્યોને અંજામ આપવાનો હતો.

તેમનો ઉદ્દેશ ભારતમાં આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવાનો હતો. આ લોકો ભારતમાં ISIS વિચારધારાથી પ્રભાવિત યુવાનોને પોતાના સંગઠનમાં સામેલ કરતા હતા. તેમને IED બનાવવાની ટ્રેનિંગ આપવામાં આવી હતી.

### કોંગ્રેસના એક...

લિમિટેડ પર દરોડા શુક્રવારે મોડી સાંજે સમાપ્ત થયા હતા. અન્ય નવ જગ્યાએ હજુ તપાસની પ્રક્રિયા ચાલુ છે. ઈન્કમટેક્સ વિભાગે બુધવારે દરોડા પાડવાનું શરૂ કર્યું હતું. દરોડાના પ્રથમ દિવસે 30 કબાટોમાં ભરેલી ચલણી નોટો મળી આવી હતી. બીજા દિવસે નોટો ભરેલી અનેક થેલીઓ મળી આવી હતી. લોકર હજુ ખોલવાના બાકી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, બલદેવ સાહુ અને ગ્રૂપ ઓફ કંપનીઝના બોલાંગીર અને સંબલપુરમાંથી રુપિયા મળી આવ્યા છે. આ ઉપરાંત રાઈસ મિલર અને ટ્રાન્સપોર્ટર રાજકિશોર જયસ્વાલના પરિસરમાંથી પણ મોટી રકમ જપ્ત કરવામાં આવી છે.

### સોમવાર સુધી...

કારણોસર મુખ્યમંત્રીની રેસમાં છે. કારણ કે સિંધિયાની ગણતરી PM મોદીના નજીકના લોકોમાં થાય છે. ઘણા મહત્વપૂર્ણ કાર્યોની જવાબદારી જ્યોતિરાદિત્ય સિંધિયાના ખભા પર છે. તેઓ મધ્યપ્રદેશમાં ભાજપના એકમાત્ર એવા નેતા છે, જેમના ઘરે રાષ્ટ્રપતિથી લઈને વડાપ્રધાન સુધી બધા ગયા છે. છત્તીસગઢમાં વિષ્ણુ દેવ સાંઈનું નામ આ જાતિ સાથે જોડાયેલું છે.

રાજનાથ સિંહ રવિવારે રાજસ્થાન પહોંચી રહ્યા છે. તેમને રાજસ્થાનના નિરીક્ષક બનાવવામાં આવ્યા છે. તેમની સાથે સરોજ પાંડે અને વિનોદ તાવડેને નિરીક્ષક બનાવવામાં આવ્યા છે. હાલમાં રાજસ્થાનના ત્રણ નિરીક્ષકો દાવો કરે છે કે, વસુંધરા રાજે, કિરોરી લાલ મીના, બાબા બાલકનાથ, ગજેન્દ્ર સિંહ શેખાવત અને દિયા કુમારીના નામ મુખ્યમંત્રીના ચહેરા તરીકે છે. ધારાસભ્ય દળની બેઠકમાં અભિપ્રાય લીધા બાદ આમાંથી એક નામને મુખ્યમંત્રી બનાવવામાં આવશે. આ પછી અંતિમ નિર્ણય સંસદીય બોર્ડે જ લેવાનો હોય છે. માનવામાં આવે છે કે રવિવારે જ ધારાસભ્ય દળની બેઠક થઈ શકે છે. નવી સરકાર, નવા મુખ્યમંત્રી અને નવા મંત્રીમંડળની શપથવિધિ પણ 16મી તારીખ પહેલા થઈ શકે છે. શપથ ગ્રહણ સમારોહ માટે જગ્યાઓની શોધ પણ શરૂ કરી દેવામાં આવી છે. મુખ્યમંત્રી કોણ હશે તે સ્પષ્ટ થવાનું બાકી છે.

મધ્યપ્રદેશની વાત કરીએ તો અહીં સોમવારે સસ્પેન્સનો અંત આવશે. કારણ હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર, ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. લક્ષ્મણ અને પાર્ટીના રાષ્ટ્રીય સચિવ આશા લાકરા નિરીક્ષક તરીકે શનિવાર અથવા રવિવારે ભોપાલ પહોંચી શકે છે. તેમની સામે CM ચહેરા તરીકે શિવરાજ સિંહ ચૌહાણ, નરેન્દ્ર સિંહ તોમર, પ્રહલાદ પટેલ, વીડી શર્મા, જ્યોતિરાદિત્ય સિંધિયાના નામનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે. માનવામાં આવી રહ્યું છે કે, જો શિવરાજ સિંહને CM નહીં બનાવવામાં આવે તો અન્ય કોઈ OBC ચહેરાને તાજ પહેરાવવામાં આવી શકે છે.

મુખ્યમંત્રીની રાહ જોઈ રહેલું ત્રીજું રાજ્ય છત્તીસગઢ છે. અહીં ત્રણ નિરીક્ષકો તરીકે કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડા, સર્બાનંદ સોનોવાલ અને પાર્ટીના મહાસચિવ દુષ્યંત કુમાર ગૌતમ શનિવારે રાયપુર પહોંચી શકે છે. તેમની સામે CM ચહેરાના મુખ્ય દાવેદાર રમણ સિંહ, રેણુકા સિંહ, અરુણ સાવ, વિષ્ણુ દેવ સાઈ અને ઓ.પી. ચૌધરી હોવાનું કહેવાય છે. અહીં પણ રવિવારે મુખ્યમંત્રીના ચહેરાના કારણે સસ્પેન્સનો અંત આવી શકે છે.

### કરણી સેનાના...

ક્યાંકને ક્યાંક રાજકીય ષડયંત્રના ભાગરૂપે તેમની હત્યા તરફ ઈશારો કરી રહી છે.

નોધનીંય છે કે રાજસ્થાનના જયપુરમાં શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના પ્રમુખ સુખદેવ સિંહ ગોગામેડીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે હત્યારાઓની ઓળખ કરી લીધી છે. એક આરોપીનું નામ રોહિત રાઠોડ છે. તે નાગૌરના મકરાનાનો રહેવાસી છે. જ્યારે બીજાનું નામ નીતિન ફૌજી છે. તે હરિયાણાના મહેન્દ્રગઢનો રહેવાસી છે. હાલ બંને ફરાર છે. બંનેએ 5 ડિસેમ્બરે સુખદેવ સિંહ ગોગામેડીની ગોળી મારીને હત્યા કરી હતી.

### તેલંગાણામાં..

પ્રોટેમ સ્પીકર સમક્ષ શપથ લે છે અને સહી કરે છે. પ્રોટેમ સ્પીકર ગૃહના અસ્થાયી અધિકારી છે. તેનું કામ એસેમ્બલી સત્રનું સંચાલન કરવાનું છે જ્યાં સુધી નવા ચૂંટાયેલા સભ્યો શપથ ન લે અને સત્તાવાર સ્પીકર ચૂંટાય નહીં. વિધાનસભાના કાયમી અધ્યક્ષની પસંદગી થતાં જ પ્રોટેમ સ્પીકરનું પદ આપોઆપ સમાપ્ત થઈ જાય છે. ચંદ્રયાનગુટ્ટાના ધારાસભ્ય નવનિયુક્ત ધારાસભ્યોને શપથ લેવડાવશે.

### ગેંગસ્ટર...

વિસ્તારમાં ગયા હતા જ્યાં દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ અને લોરેન્સ ગેંગના શૂટર્સ સાથે એન્કાઉન્ટર થયું હતું. આ એન્કાઉન્ટર દરમિયાન બંને તરફથી ભારે ગોળીબાર થયો હતો. આ એન્કાઉન્ટર બાદ દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ગોલ્ડી બ્રાર અને લોરેન્સ બિશ્નોઈ ગેંગના બે શાર્પ શુટરોની ધરપકડ કરી હતી. આ બે શૂટરોમાં એક સગીર હોવાનું જાણવા મળ્યુ હતું અને આ શૂટરો વિરુદ્ધ ઘણા જૂના કેસો નોંધાયેલા છે. બંને શૂટર્સના નામ આકાશ અને અખિલ છે જેઓ હરિયાણાના સોનીપત અને ચરખી દાદરીના રહેવાસી હોવાનું કહેવાયું છે.

# ભાવનગરમાં મુસ્લિમોને મકાન આપવાના સામે વિરોધ

ગુજરાત | વંદન

ભાવનગરના હરિયાળા પ્લોટ વિસ્તારમાં મુસ્લિમોને ઘર વેચાવના વિરોધમાં સ્થાનિક હિંદૂઓ દ્વારા રામધૂન બોલાવવામાં આવી છે. ભાવનગરના હરિયાળા પ્લોટ વિસ્તારમાં આવેલા કાશીવિશ્વનાથ મંદિર નજીક ગુરુવારે રાત્રીના સ્થાનિકો દ્વારા રામધૂન બોલાવવામાં આવી હતી. ભાવનગર શહેરમાં અશાંત ધારો લાગૂ છે હરિયાળા પ્લોટ વિસ્તાર પણ અશાંત ધારા હેઠળ આવે છે ત્યારે આ વિસ્તારમાં મુસ્લિમને ઘર આપવામાં આવતા સ્થાનિક હિંદૂઓ વિરોધ કરી રહ્યાં છે.

અહીં પોસ્ટર લગાવવામાં આવ્યા છે કે આ વિસ્તારમાં અન્ય સમૂદાયના લોકો સંપત્તિ ખરીદી શકશે નહી. હિંદૂ માલિકે આ મકાન મુસ્લિમને આપવા સમગ્ર વિવાદ ઘેરાયો છે.

## એક સમયે ચિત્તાનો રહેણાંક ગણાતા બન્નીના ઘાસના મેદાનોમાં ફરી દેખાશે ચિત્તા

ગુજરાત | વંદન

કચ્છના બન્ની ઘાસના મેદાનોમાં આફ્રિકન ચિત્તા વિચરશે. વાત જાણે એમ છે કે, આફ્રિકાથી અમુક ચિત્તા કચ્છના બન્ની પ્રદેશમાં લાવવામાં આવશે. જેને લઈ હવે ચિત્તાના સંરક્ષણ અને-સંવર્ધન માટે બન્નીમાં બ્રિડિંગ સેન્ટરને મંજૂરી પણ મળી ગઈ છે. 'ચિત્તા કેન્ઝર્વેશન બ્રીડીંગ સેન્ટર'ના નિર્માણને કેન્દ્રની લીલીઝંડી મળી છે. નોંધનિય છે કે, એક સમયે ચિત્તાનો રહેણાંક ગણાતા બન્નીના ઘાસના મેદાનોમાં ફરી ચિત્તા દેખાશે. જેથી હવે કચ્છના બન્ની વિસ્તારમાં વધુ એક જૈવ વિવિધતા ઉમેરાશે. કચ્છ બન્નીના ઘાસના મેદાનોમાં ચિત્તાઓનું આગમન થશે. જેના ભાગરૂપે હવે આફ્રિકાથી અમુક સંખ્યામાં ચિત્તા ભારત લાવવામાં આવશે. ચિત્તાના સંરક્ષણ-સંવર્ધન માટેના બ્રિડિંગ સેન્ટરને કેન્દ્ર સરકારની મંજૂરી મળી ગઈ છે. મહત્વનું છે કે, એક સમયે ચિત્તાનો રહેણાક વિસ્તાર ગણાતા બન્ની ઘાસના મેદાનમાં ફરી એકવાર ચિત્તા જોવા મળશે. વિગતો મુજબ ભૂતકાળમાં બન્ની ઘાસના મેદાનો ચિત્તા માટેનું ઉત્તમ અને અનુકુળ રહેઠાણ હતું.

અનુસંધાન પેજ 12 પરથી...

### રાજકોટમાં...

આ હોસ્પિટલના ચાર માળમાં રિફ્યુઝ એરિયા મુકવાનું ભુલાઈ ગયું છે. જેના કારણે આઈસીયુ વિભાગમાં આગની દૂર્ઘટના બને ત્યારે દર્દીઓને બહાર કાઢવા અને એકઠા કરવા માટેનો હોલ ન હોવાથી મુશ્કેલી સર્જાઈ શકે છે. હવે આ ચાર માળ ઉપર બાંધકામોમાં તોડફોડ કરવી પડશે ત્યાર બાદ ફાયર એનઓસી મળશે તેમ જાણવા મળેલ છે.જનાના હોસ્પિટલનું કોકડું ફાયર એનઓસી વાંકે ગુચવાયું છે. આ બાબતે મહાનગરપાલિકાના એક પણ અધિકારી કંઈ પણ બોલવા તૈયાર નથી.

### હેંડ વોશ...

દરમિયાન તેણે ડભાણમાં યોગી આયુર્વેદિક ફાર્માસ્યુટિકલ્સના નામે એક મેન્યુફેક્ચરિંગ યુનિટ અને ગોડાઉન શરૂ કર્યું હતું. કોરોના લોકડાઉન દરમિયાન જ્યારે આવશ્યક સેવાઓ ચાલું રાખવામાં આવી હતી ત્યારે યોગેશ સિંધીએ હર્બલ સિરપ બનાવવાની આડમાં ઈથેનોલ મંગાવવાનું શરૂ કર્યું હતું.

તે આ ઈથેનોલનો ઉપયોગ મિથેનોલ યુક્ત નકલી સેનિટાઈઝર બનાવવામાં કરતો હતો. ઓગસ્ટમાં રાજકોટ પોલીસે વડોદરામાં નીતિન કોટવાણી અને ભાવેશ સેવકાનીની માલિકી ધરાવતા ગોડાઉન પર દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન સેનિટાઈઝરનો સ્ટોક જપ્ત કરવામાં આવ્યો ન હતો. તેથી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ત્રણેય આરોપીઓએ આ સ્ટોકનો ઉપયોગ નકલી હર્બલ સિરપ બનાવવા માટે કર્યો છે.

ખેડા પોલીસની એક ટીમે મુંબઈમાંથી એક બિઝનેસમેનની ધરપકડ કરી છે જેણે કથિત રીતે આરોપીને ઈથેનોલ પૂરું પાડ્યું હતું. ખેડાના એસપી રાજેશ ગાંધીએ જણાવ્યું હતું કે, તૌફિક મુકાદમે આ કાંડના આરોપી યોગેશ સિંધીને ઈથેનોલ પૂરું પાડ્યું હતું. ગુજરાતમાં કોઈ પણ વ્યક્તિને કોઈ પણ સ્પિરિટ કે પછી આલ્કોહોલિક સબસ્ટન્સ પૂરું પાડવું હોય તો ગુજરાત પ્રોહિબિશન એન્ડ એક્સાઈઝ ડિપાર્ટમેન્ટની મંજૂરી મેળવવાની હોય છે. પરંતુ મુકાદમે આવી કોઈ જ મંજૂરી લીધી ન હતી અને તેના કારણે તેની ધરપકડ કરવામાં આવી છે. સ્થાનિક કોર્ટે મુકાદમની નવ દિવસની પોલીસ કસ્ટડી મંજૂરી કરી છે.

### છેલ્લા...

રાજ્ય વિકાસ કમિશ્નરની ટીમ દ્વારા તપાસ કરતા ખુલાસો થયો છે. આ તરફ આ ઘટનાને લઈ હવે મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી એક્શન મોડમાં આવ્યા છે. જિલ્લા વિકાસ અધિકારીએ 11 હેલ્થ વર્કરને નોટિસ આપી છે. DDOએ હેલ્થ વર્કરોને નોટીસ આપી કેમ છૂટા ન કરવા 15 દિવસમાં ખુલાસો માંગ્યો છે.

વિગતો મુજબ આ ઈસમો તમિલનાડુ, અરુણાચલ પ્રદેશ અને મણિપુર સહીતની યુનિવર્સિટીની ડિગ્રી પર નોકરી લીધી હતી. આ તરફ આ 11 લોકો વર્ષ 2011-12 માં હેલ્થ વર્કર તરીકે નોકરી લાગ્યા હતા. હાલ આ 11 હેલ્થ વર્કર ખેરાલુ, વિજાપુર, વડનગર, ઉંઝા, બહુચરાજી, કડી અને સતલાસણામાં નોકરી કરી રહ્યા છે.

### મતદારોને..

ભાજપ મહિલા મોરચા દ્વારા 'સેલ્ફી વિથ લાભાર્થી' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પાંચ રાજ્યોમાં ચૂંટણી દરમિયાન આ પ્રચાર પર રોક લગાવવામાં આવી હતી, પરંતુ હવે તેને ફરીથી પુરી ઝડપ સાથે શરૂ કરવામાં આવી છે. મહિલા મોરચાના રાષ્ટ્રીય પ્રભારી ડો.મેધા કુલકર્ણીએ જણાવ્યું હતું.

# 7 માસમાં જ ₹1.50 લાખ કરોડની GST ચોરી ઝડપાઈ

■ **રૂા.18541 કરોડની વસુલાત: ગેમીંગ કંપનીઓ પાસે ₹1.12 લાખ કરોડની GST વસુલવા નોટીસ**

ગુજરાત | વંદન




દેશમાં ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ (જીએસટી)માં બોગસ બીલીંગ અને ઈનપુટ ટેક્ષ ક્રેડીટમાં ગોલમાલ સહિતના કારણે ચાલી રહેલી વ્યાપક કરચોરી સામે આકરા પગલા લેવામાં આવી રહ્યા છે તે વચ્ચે રાજયસભામાં સરકારે સ્વીકાર્યુ છે કે ચાલુ વર્ષે ઓકટોબર સુધીમાં જ ખાસ ઝુંબેશ દરમ્યાન રૂા.1.50 લાખ કરોડની જીએસટી ચોરી થઈ હોવાનું બહાર આવ્યું છે. જે 2022/23ની રૂા.1.30 લાખ કરોડથી વધુ છે.


કેન્દ્રના નાણા રાજયમંત્રી પંકજ ચૌધરીએ રાજયસભામાં એક લેખીત જવાબમાં જણાવ્યું કે ચાલુ અને ગત નાણાકીય વર્ષમાં જીએસટી ઓથોરીટીએ 71 ઓનલાઈન ગેમીંગ કંપનીઓને નોટીસ ફટકારી છે અને તેઓ પાસેથી રૂા.1.12332 કરોડની જીએસટી વસુલાતની કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં જ જીએસટી કાઉન્સીલે ઓનલાઈન ગેમીંગમાં ગ્રોસ બેટીંગ (હાર-જીતની બાદબાકી વગર) પર 28% જીએસટીના જે નિર્ણય લીધો છે તેના આધારે આ નોટીસ ફટકારાઈ છે અને સરકાર આ કંપનીઓ પાસેથી તેના જીએસટી લેણા વસુલવા પ્રતિબદ્ધ છે.

જો કે કેટલીક ગેમીંગ કંપનીઓ કોર્ટમાં ગઈ હોવાનું પણ સરકારે સ્વીકાર કર્યો છે. તેઓએ જીએસટી ચોરીના ડેટા આપતા જણાવ્યું કે ચાલુ વર્ષે રૂા.1.50 લાખ કરોડની જીએસટી ચોરીમાં હજુ સુધીમાં રૂા.18541 કરોડની વસુલાત થઈ છે અને 154 લોકોની ધરપકડ કરવામાં આવી છે. જીએસટી ચોરીમાં મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે છે ત્યાં દેશના 56% કેસો અને રૂા.84400 કરોડની ચોરી થયાનું બહાર આવ્યું છે. જેમાં રૂા.8100 કરોડ વસુલાયા છે અને લીકવીટીમાં બીજા ક્રમે રાજસ્થાન છે. જેણે રૂા.6515 કરોડ વસુલ્યા છે.

# જળવાયુ પરિવર્તન સામેની લડાઈમાં વિશ્વની ટોચની દસ વિકાસ બૅન્કો જોડાવવા તૈયાર

■ **વિકાસ બૅન્કોએ 2022માં આ હેતુસર 61 અબજ ડોલરની લોનો આપી હતી જે એક વિક્રમ છે...**

ગુજરાત | વંદન




વિશ્વની ટોચની દસ વિકાસ બૅન્કોએ આબોહવા પરિવર્તન સામેની લડતમાં વધુ સક્રિય થવાની તૈયારી બતાવી છે. જોકે તેલ, કોલસો વગેરે અશ્મિજન્ય પ્રદૂષણકારી બળતણના પ્રોજેક્ટો માટે નાણાં આપવાનું બંધ કરવા વિશે તેમણે કશું કહ્યું નથી.

અત્રે દુબઈમાં યોજાયેલી આબોહવા પરિવર્તન વિશેની સંબંધિત પક્ષકારોની 28મી પરિષદ (કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ સીઓપી 28)માં જાહેર થયેલા એક દસ્તાવેજ અનુસાર વિશ્વ બૅન્ક અને કેટલીક પ્રાદેશિક વિકાસ બૅન્કોએ કહ્યું છે કે પૃથ્વીને જીવવાલાયક રહેવા દેવાના પ્રયાસો કરવાનો સમય ઝડપભેર ખૂટતો જાય છે.


અતિવિષમ હવામાનની ઘટનાઓ વધતી જાય છે ત્યારે આબોહવા પરિવર્તન પ્રત્યેના વિકાસ બૅન્કોના વલણમાં ધરમૂળના બદલાવ માટેની માગણી તીવ્ર બનતી જાય છે. વિકાસ બૅન્કોએ 2022માં આ હેતુસર 61 અબજ ડોલરની લોનો આપી હતી જે એક વિક્રમ છે, પણ જે થવું જોઈએ તેના પ્રમાણમાં ઘણી ઓછી છે.

દુનિયામાં ઉત્સર્જન વધતું જાય છે અને યુનોના મહામંત્રી એન્ટોનિયો ગુટેરસે વિશ્વના નેતાઓને કહ્યું છે કે પૃથ્વીને બચાવવાનો એકમાત્ર માર્ગ અશ્મિજન્ય બળતણોનો ઉપયોગ બંધ કરવાનો છે, પરંતુ વિકાસ બૅન્કોના નિવેદનમાં એ વાતનો ક્યાંય ઉલ્લેખ નથી. નિવેદન પર સહી કરનારી બૅન્કો પૈકી અત્યાર સુધીમાં માત્ર યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બૅન્કે જ ગ્લાસગો જાહેરનામા પર સહી કરીને અશ્મિજન્ય બળતણના ઉપયોગ પર નિયંત્રણ મૂકવા જણાવ્યું છે.

# પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ અને ટાટા ગ્રુપના પ્રણેતા રતન ટાટા પણ ડીપફેકનો શિકાર

■ **આ અંગેની જાણ થતાં જ ખુદ રતન ટાટાએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ખુલાસો કર્યો**

ગુજરાત | વંદન



દેશના સૌથી પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ અને ટાટા ગ્રુપના ચેરમેન રતન ટાટા પણ ડીપફેકનો શિકાર બન્યા છે. બુધવારે ટાટા ગ્રૂપના ભૂતપૂર્વ ચેરમેન રતન ટાટાએ 100 ટકા વળતરની ગેરંટી સાથેના રોકાણ અંગે તેમના નામનો ઉપયોગ કરીને શેર કરેલા વીડિયોને નકલી ગણાવ્યો હતો. જો કે આ અંગેની જાણ થતાં જ ખુદ રતન ટાટાએ આ અંગેનો ખુલાસો ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર કર્યો હતો.

રતન ટાટાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરેલી સ્ટોરીમાં ઈન્સ્ટાગ્રામ યુઝર સોના અગ્રવાલની પોસ્ટની ટીકા કરી છે. રતન ટાટાએ આ વીડિયોના સ્ક્રીનશોટ અને તેની નીચે લખેલા મેસેજ પર 'ફેક' લખ્યું અને તેને પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યું. નોંધનીય છે કે સોના અગ્રવાલ નામના ઈન્સ્ટા યુઝરે એક ફેક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં રતન ટાટા સોના અગ્રવાલને પોતાના મેનેજર તરીકે ગણાવી રહ્યાં છે. રતન ટાટાના નકલી ઈન્ટરવ્યુનો ઉપયોગ એક વીડિયોમાં કરવામાં આવ્યો છે જેમાં આ રોકાણની ભલામણ કરવામાં આવી છે કે તે જોખમ મુક્ત છે.

શેર કરેલા નકલી વિડિયોની સાથે લખ્યું હતું કે, "ભારતમાં દરેક માટે રતન ટાટા તરફથી એક ભલામણ. તમારી પાસે આજે 100% ગેરંટી સાથે જોખમ મુક્ત રહીને તમારું રોકાણ વધારવાની તક છે. આ માટે, હમણાં જ ચેનલ પર જાઓ.'" વીડિયોમાં લોકોના ખાતામાં પૈસા જમા થવાના મેસેજ પણ બતાવવામાં આવ્યા હતા.

છેલ્લા કેટલાક સમયથી રતન ટાટાના નામનો ઉપયોગ કરીને ખોટા દાવા કરવામાં આવી રહ્યા છે. ઓક્ટોબરમાં રતન ટાટાના નામે એક ટ્વિટ વાયરલ થઈ હતી. એવો દાવો કરવામાં આવ્યો હતો કે ICC વર્લ્ડ કેપ લીગ મેચમાં પાકિસ્તાન સામે અફઘાનિસ્તાનની જીત બાદ રતન ટાટાએ અફઘાન ખેલાડી રાશિદ ખાનને 10 કરોડ રૂપિયા આપવાનો નિર્ણય કર્યો છે. રતન ટાટાએ પણ આ અંગે સત્ય જાહેર કરવું પડ્યું હતું. તે વખતે પણ રતન ટાટાએ 30 ઓક્ટોબરે એક ટ્વીટમાં સત્ય જણાવ્યું હતું કે 'મેં ICCને કોઈપણ ખેલાડીને લગતી કોઈ સલાહ કે ફરિયાદ અંગે કોઈ સલાહ આપી નથી. મારે ક્રિકેટ સાથે કોઈ લેવાદેવા નથી.




# નેચરલ ગેસમાં 5% બાયોગેસના મિશ્રણથી LNGના આયાત બિલમાં $ 1.17 અબજની બચત થશે

■ **હાલમાં નેચરલ ગેસમાં 1 એપ્રિલ, 2025થી એક ટકો બાયોગેસનું મિશ્રણ કરવાનો આદેશ આપ્યો**

ગુજરાત | વંદન

નેચરલ ગેસમાં પાંચ ટકા બાયોગેસનું મિશ્રણ કરવાના પ્રસ્તાવનો અમલ થાય તો એલએનજી (લિક્વિફાઈડ નેચરલ ગેસ)ની આયાતમાં વર્ષે 1.17 ડોલરનો ઘટાડો થઈ શકે એમ ઈન્ડિયન બાયોગેસ એસોસિયેશને જણાવ્યું છે. સરકારે તાજેતરમાં પાઈપ વાટે અપાતા નેચરલ ગેસમાં 1 એપ્રિલ, 2025થી એક ટકો બાયોગેસનું મિશ્રણ કરવાનો આદેશ આપ્યો છે, જે 2028-29 સુધીમાં પાંચ ટકા સુધી લઈ જવાશે.

આઈબીએના અભ્યાસ મુજબ આ નિર્ણય લાંબે ગાળે દેશમાં ગેસનો વપરાશ કુલ ઊર્જાના 6 ટકાથી વધારીને 15 ટકા કરવાની સરકારની નીતિને અનુરૂપ છે.

આઈબીએના અંદાજ મુજબ નેચરલ ગેસમાં પાંચ ટકા બાયોગેસ ભેળવાય તો એલએનજીની આયાતમાં વર્ષે 1.17 અબજ ડોલરનો ઘટાડો થઈ શકે. વળી તેને લીધે 2019ની તુલનામાં કાર્બન ઉત્સર્જન (વ્યક્તિદીઠ 1.9 ટન)માં પણ બે ટકાનો ઘટાડો કરી શકાય. તે ઉપરાંત હાલ ખાડા પુરવામાં વપરાતો કેન્દ્રિય કચરો સાચવવામાં આવે તો અસંખ્ય લાભ થાય, એમ તેનું કહેવું છે.

કોમ્પ્રેસ્ડ બાયોગેસ બ્લેન્ડિંગ ઓબ્લિગેશન (સીબીઓ)ને પગલે 2028-29 સુધીમાં દેશમાં ઓછામાં ઓછા 750 કોમ્પ્રેસ્ડ બાયોગેસ કેન્દ્રો સ્થપાશે અને રૂા. 37,500 કરોડનું રોકાણ થશે, એમ સરકારી અંદાજો જણાવે છે. આને પગલે ઊર્જા સુરક્ષા વધુ મજબૂત બનશે કેમ કે અત્યારે તેણે નેચરલ ગેસની જરૂરિયાત પૂરી કરવા માટે આયાત પર ભારે આધાર રાખવો પડે છે.

# HDFC અને ICICI બેંકોએ ગ્રાહકોને આપી 'નાતાલ ભેટ', FDના વ્યાજ વધાર્યા

ગુજરાત | વંદન

દેશની સૌથી મોટી પ્રાઈવેટ સેક્ટર બેંક, HDFC Bank અને ICICI Bank એ ગ્રાહકોને સારા સમાચાર આપ્યા છે. HDFC Bank અને ICICI Bank એ FD પર પોતાના વ્યાજ દરોમાં બદલાવ કર્યો છે. આઈસીઆઈસીઆઈ બેંકે 5 ડિસેમ્બર, 2023 થી 2 કરોડ રૂપિયાની ફિક્સ્ડ ડિપોઝિટ પરના વ્યાજ ડેરોમાં ફેરફાર કરીને 5 કરોડ રૂપિયા કરી દીધા છે. 7 દિવસથી 14 દિવસની મુદત માટે 4.75% નો સૌથી નીચો FD દર ઓફર કરવામાં આવે છે અને 390 દિવસથી 15 મહિના વચ્ચેના કાર્યકાળ માટે સૌથી વધુ 3.25% FD દર ઓફર કરવામાં આવે છે. તે જ સમયે, એચડીએફસી બેંક 5 કરોડ રૂપિયાથી વધુની રકમ માટે ફેકક્સ્ડ ડિપોઝિટના દરમાં ફેરફાર કર્યા છે, જે 5 ડિસેમ્બર, 2023થી લાગુ થયા છે.

# BSEઅને NSE એકમો જાન્યુઆરી 2024 સુધીમાં GIFTસિટીમાં મર્જ થશે

ગુજરાત | વંદન

GIFT સિટીમાં કાર્યરત બે આંતરરાષ્ટ્રીય એક્સચેન્જો, BSEનું India INX અને NSEનું ઈન્ટરનેશનલ એક્સચેન્જ, જાન્યુઆરી 2024ના અંત સુધીમાં મર્જ થઈ જશે. આ માહિતી IFSCAના ચેરપર્સન કે રાજારામને આપી છે. તેમણે આઈવીસીએ પ્રાઈવેટ ક્રેડિટ સમિટ 2023ના પ્રસંગે જણાવ્યું હતું કે પ્રક્રિયા અદ્યતન તબક્કામાં છે અને મર્જર એક મહિનામાં પૂર્ણ થવું જોઈએ. BSE ઈન્ડિયા INX અને NSE ઈન્ટરનેશનલ એક્સચેન્જના વિલીનીકરણથી GIFT સિટી એક્સચેન્જોમાં વધુ વોલ્યુમ આવવાની અપેક્ષા છે. અધિકૃત વેબસાઈટ અનુસાર, આંતરરાષ્ટ્રીય એક્સચેન્જો પર સરેરાશ દૈનિક ટર્નઓવર હાલમાં $20 બિલિયન છે, જે મુખ્યત્વે GIFT નિફ્ટી કોન્ટ્રાકટ દ્વારા સંચાલિત છે.




ગિફ્ટ સિટીમાં ટ્રેડિંગ સરળ છે અને તમામ સોદા ડૉલર-ડિનોમિનેટેડ છે. આના કારણે વિદેશી રોકાણકારોએ તેમની કરન્સી કન્વર્ટ કરવા અને તેના હેજિગ માટે વધારાનો ખર્ચ સહન કરવો પડશે નહીં. રાજારામને વધુમાં જણાવ્યું હતું કે GIFT સિટીમાં ભારતીય કંપનીઓની સીધી સૂચિબદ્ધ કરવા માટેની સૂચના પણ એપ્રિલ 2024 સુધીમાં જારી કરવામાં આવશે.

# એરઈન્ડિયાએ એરબસને આપેલા 250 એરક્રાફ્ટના ઓર્ડરમાં ફેરફાર

■ **હવે એરઈન્ડિયા 140 A321 Neo અને 70 A320 Neo પ્રકારના વિમાને મેળવશે**

ગુજરાત | વંદન



ટાટા ગ્રુપની માલિકીની એર ઈન્ડિયાએ આ વર્ષે એરબસને આપવામાં આવેલા 250 એરક્રાફ્ટના ઓર્ડરમાં ફેરફાર કર્યો છે. આ અંતર્ગત હવે A321 નિયો એરક્રાફ્ટની સંખ્યામાં વધારો થશે. એરબસ સાથે 250 એરક્રાફ્ટના ઓર્ડર હેઠળ, એરલાઈન 210 નેરોબોડી A320 એરક્રાફ્ટ હસ્તગત કરવાની હતી. જેમાં 140 A320 Neo અને 70 A321 Neoનો સમાવેશ થાય છે. બાકીના 40 મોટા કદના A350 એરક્રાફ્ટ હતા. આમાં છ A350-900 અને 34 A350-1000નો સમાવેશ થાય છે.

સૂત્રોએ જણાવ્યું કે એર ઈન્ડિયાએ એરબસ સાથેના ઓર્ડરમાં ફેરફાર કર્યા છે. હવે તે 140 A321 Neo અને 70 A320 Neo મેળવશે. આ ઉપરાંત, 40 A350 ના ક્રમમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. જ્યારે આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે એર ઈન્ડિયાના પ્રવક્તાએ કહ્યું, 'અમે વ્યવસાયિક જરૂરિયાતો અને તકોના આધારે નિયમિતપણે અમારી ઓર્ડરબુકની સમીક્ષા કરીએ છીએ...' આ અંગે એરબસે કહ્યું, 'તે અમારા ગ્રાહકો પર નિર્ભર છે. તેમણે તેમની વ્યૂહરચના જાહેર કરવી જોઈએ.

ટાટા ગ્રુપે જાન્યુઆરી 2022માં ખોટમાં ચાલી રહેલી એર ઈન્ડિયાને હસ્તગત કરી હતી. ઉલ્લેખનીય છે કે એર ઈન્ડિયાએ આ વર્ષે એરબસ અને બોઈંગને 470 એરક્રાફ્ટનો ઓર્ડર આપ્યો હતો. આ ઓર્ડરની કિંમત 70 અબજ ડોલર હતી. આ પહેલા એર ઈન્ડિયાએ જૂન મહિનામાં લગભગ 470 એરક્રાફ્ટ ખરીદવાની જાહેરાત કરી હતી. એરલાઈન ઉદ્યોગમાં, એરક્રાફ્ટની જથ્થાબંધ ખરીદી પર ભારે ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ છે. અગાઉ ઈન્ડિગોએ એરબસ પાસેથી લગભગ 830 એરબસ A320-ફેમિલી જેટનો ઓર્ડર આપ્યો છે.

# UPI નેટવર્કને સુરક્ષિત બનાવવાના પ્રયાસ તરીકે બદલાયેલા મોબાઇલ નંબરો બંધ કરાશે

■ **NPCIની સિસ્ટમમાં જુના નંબરો દૂર નહીં થતા હોવાની ખામી શોધી કઢાઈ**

ગુજરાત | વંદન




ઘણી વખત એવું જોવા મળે છે કે મોબાઈલધારકો પોતાનો નંબર બદલી નાખે છે અને UPI IDને નિષ્ક્રિય કરવાનું ભૂલી જાય છે. આવી સ્થિતિમાં ખોટા વ્યવહારનું જોખમ વધી જાય છે. અને એવા સંજોગોમાં કોઈ ખોટા વ્યવહારોને અટકાવવા UPI નેટવર્ક ચલાવતી સરકારી એજન્સી નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ( NPCI) વતી, બેંકોને એવા UPI ID અને નંબરો બંધ કરવા માટે કહેવામાં આવ્યું છે કે જેમાં એક વર્ષથી વધુ સમયથી કોઈ વ્યવહાર થયો નથી.

NPCIના આ આદેશને UPI નેટવર્કને સુરક્ષિત બનાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે. UPI એપ્સમાં Google Pay, Paytm અને PhonePeનો સમાવેશ થાય છે. બજારના કદના સંદર્ભમાં, આ ત્રણ દેશની સૌથી મોટી UPI પેમેન્ટ એપ છે.

NPCI એ નિષ્ક્રિય UPI નંબર અને ID ને બંધ કરવા માટે બેંકો અને થર્ડ પાર્ટી એપ્સને 31 ડિસેમ્બર, 2023 સુધીનો સમય આપ્યો છે. આવી સ્થિતિમાં, જો યુઝર ઈચ્છે છે કે તેનું UPI ID અને નંબર નેટવર્ક દૂર કરવામાં ન આવે, તો તેણે તેનો UPI એક્ટીવ રાખવું પડશે. યુપીઆઈ આઈડી અને નંબર નેટવર્કને દૂર કરતી વખતે અથવા બંધ કરતી વખતે, બેંકો અને થર્ડ પાર્ટી એપ્સે યુઝર્સને ઈમેલ અને મેસેજ દ્વારા જાણ કરવી પડશે.

NPCIએ કહ્યું કે ગ્રાહકો તેમના મોબાઈલ નંબર બદલે છે. તે જ સમયે, સિસ્ટમમાંથી જૂનો નંબર દૂર કરવામાં આવતો નથી. આવી સ્થિતિમાં, TRAIની માર્ગદર્શિકા અનુસાર, જૂના નંબર નવા વપરાશકર્તાને જારી કરી શકાય છે. આ કારણોસર, તમામ બેંકો અને ત્રીજી એપ્લિકેશનોએ નિષ્ક્રિય UPI ID અને નંબરો દૂર કરવા પડશે જેમાંથી કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવતો નથી.

NPCIના નવા નિયમો અનુસાર, તમામ થર્ડ પાર્ટી એપ પ્રોવાઈડર્સ અને બેંકો આવા ગ્રાહકો સાથે જોડાયેલા UPI આઈડી અને મોબાઈલ નંબરની ચકાસણી કરશે. જો આ ID થી એક વર્ષ સુધી કોઈ UPI ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યું નથી, તો તે 31 ડિસેમ્બર, 2023 પછી બંધ થઈ જશે. આનો અર્થ એ છે કે તમે નવા વર્ષથી UPI દ્વારા કોઈપણ વ્યવહાર કરી શકશો નહીં. NPCIના આ પગલાથી UPI ટ્રાન્ઝેક્શન હવે પહેલા કરતા વધુ સુરક્ષિત બનશે અને ખોટા વ્યવહારો પણ બંધ થઈ જશે.

# મધ્યમ વર્ગને રાહત આપવા હાઉસિંગ સ્કીમ હેઠળ લોન વ્યાજ પર સબસિડીની કેન્દ્રની યોજના

■ **9 લાખ રૂપિયા સુધીની લોન પર 3-6.5 ટકા વચ્ચે વાર્ષિક વ્યાજ સબ્સિડી આપવાની યોજના**



ગુજરાત | વંદન

રાજસ્થાન-મધ્યપ્રદેશ સહિત ત્રણ મોટા રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં શાનદાર જીતથી ભાજપ ઉત્સાહિત છે. અને હવે એમ માનવામાં આવી રહ્યું છે કે કેન્દ્ર સરકાર લોકસભા

ચૂંટણીને ધ્યાનમાં રાખી કેટલાક મોટા નિર્ણયો લઈ શકે છે. ઉદાહરણ માટે પીએમ-કિસાનનો હપ્તો વધારવાની જાહેરાત થવાની સંભાવના છે. આ રીતે મિડલ ક્લાસને પણ ઘરની ભેટ આપવાની તૈયારી થઈ રહી છે. નોંધનીય છે કે 77મા સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લાથી રાષ્ટ્રને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેના સંકેત પણ આપ્યા હતા.

હકીકતમાં સરકાર હાઉસિંગ સ્કીમ હેઠળ લોન વ્યાજ પર સબ્સિડી આપવાની યોજના બનાવી રહી છે. પાછલા દિવસોમાં એક ન્યૂઝ એજન્સીએ એક રિપોર્ટમાં જણાવ્યું હતું કે 5 વર્ષોમાં 600 અબજ રૂપિયા (7.2 અબજ ડોલર) ખર્ચ થશે. યોજના હેઠળ 9 લાખ રૂપિયા સુધીની લોન પર 3-6.5 ટકા વચ્ચે વાર્ષિક વ્યાજ સબ્સિડી આપવાની યોજના છે. તેની હેઠળ 20 વર્ષના ટેન્યોર માટે 50 લાખ રૂપિયાથી ઓછાની લોન આવવાની આશા છે. યોજનાને વર્ષ 2028 સુધી લાગૂ કરવાનો પ્લાન છે.

# હવે તમામ વ્યવસાયો માટે GST ઈ-બીલ ફરજીયાત: રોડ મેપ તૈયાર

■ **વેપારીઓ-ગ્રાહકોના વ્યવહારોમાં પણ આ પ્રક્રિયા લાગૂ થશે**

ગુજરાત | વંદન

જીએસટી ચોરી રોકવા માટે સરકાર દ્વારા અનેકવિધ પગલા વચ્ચે હવે તમામ વ્યવસાયો માટે ઈ-બીલ ફરજીયાત કરવાની દિશામાં કેન્દ્ર સરકારે ચક્રો ગતિમાન કર્યા છે. વેપારીથી ગ્રાહકો સુધી ઈ-બીલની આ પ્રક્રિયા બે-ત્રણ વર્ષમાં લાગુ થઈ જશે.

પ્રવર્તમાન નિયમો હેઠળ પાંચ કરોડ કે તેથી વધુનું ટર્ન ઓવર ધરાવતી કંપની-વેપારીઓ માટે વ્યવસાયથી વ્યવસાય અર્થાત વેપારી વ્યવહારમાં ખરીદ-વેંચાણ માટે ઈ-બીલ જારી કરવાનું ફરજીયાત છે. હવે બીટુસી અર્થાત વેપારીથી ગ્રાહકના વ્યવહારમાં પણ આ પ્રકારે ઈ-બીલ અનિવાર્ય બનાવવાની વિચારણા શરૂ કરવામાં આવી છે. કેન્દ્રીય આડકતરા કરવેરા બોર્ડનાં સભ્ય શશાંકે જણાવ્યું હતું કે જીએસટી પ્રક્રિયાને વધુ મજબુત બનાવવા તથા વેપારીથી ગ્રાહક વ્યવહારમાં પણ ઈ-બીલ ફરજીયાત બનાવવા માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

આ માટે જીએસટીએનની ક્ષમતામાં વધારો કરવામાં આવી રહ્યો છે. અને વહેલીતકે તે શરૂ થાય તેવા પ્રયાસ છે. તેઓએ કહ્યું કે ક્યા વ્યવસાય ક્ષેત્રની તેની શરુઆત કરવી તેની ચકાસણી કરવામાં આવી રહી છે આવનારા વર્ષોમાં તે લાગૂ થશે. તેમણે ઉમેર્યું કે સરકારનો નિયમ છતાં પાંચ કરોડ તો ઠીક, 10 કરોડનું ટર્નઓવર ધરાવતા અનેક વેપારીઓ પણ ઈ-બીલ જારી કરતા નથી. જો કે, તેઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### 33000 વેપારી કંપનીઓને નોટીસ




2017-18 તથા 2018-19માં દાખલ રીટર્નમાં વિસંગતતા તથા ટેક્સની ઓપની ચૂકવણી મામલે કરવેરા વિભાગે 330000 વેપારીઓને નોટીસો ફટકારી છે. ચાલુ માસના અંતે અથવા જાન્યુઆરીના પ્રારંભે મહેસુલ સહિતની અધ્યક્ષતામાં રાજકીય સંકલન બેઠક થશે અને તેમાં નોટીસ પરની કાર્યવાહી વિશે માર્ગદર્શન આપવામાં આવશે.

# ટોચના લિસ્ટેડ બિલ્ડરો પાસે ₹1.04 લાખ કરોડના મકાનો વેચાયા વગરના પડી રહ્યાં

■ **૨૦૨૨ના સપ્ટેમ્બર ત્રિમાસિકનો વેચાણ આંક રૂપિયા ૧૩૯૧૧ કરોડ રહ્યો હતો**

ગુજરાત | વંદન



કોરોનાના કાળમાં વેપારમાં ગતિ ધીમી પડયા બાદ છેલ્લા દોઢ વર્ષથી દેશના રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં વૃદ્ધિની સાથે ચિંતા પણ વધી રહ્યાનું જાણવા મળે છે. દેશના મોટા ડેવલપરો દ્વારા ઊભા કરાયેલા બાંધકામોમાં વેચાણ કરતા ઈન્વેન્ટરી ઝડપી ગતિએ વધી રહ્યાનું એક રિપોર્ટમાં જણાવાયું છે. નહીં વેચાયેલા માલનું મૂલ્ય એક અંદાજ પ્રમાણે રૂપિયા એક લાખ કરોડથી વધીરે હોવાનું મનાય છે.

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ૬ મહિનામાં ટોચની લિસ્ટેડ રિઅલ એસ્ટેટ કંપનીઓ પાસે નહીં વેચાયેલામાં વાર્ષિક ધોરણે ૨૮ ટકા વધારો થયો છે જ્યારે વેચાણમાં આ ગાળામાં ૨૫.૫૦ ટકા વૃદ્ધિ જોવા મળી રહી છે.

નાણાં વર્ષ ૨૦૨૩ના પ્રથમ ૬ મહિનામાં વેચાણમાં વાર્ષિક ધોરણે ૨૪.૨૦ ટકા વધારો થયો હતો જ્યારે ઈન્વેન્ટરીમાં ૮.૨૦ ટકા વૃદ્ધિ જોવા મળી હતી. એક અંદાજ પ્રમાણે ટોચના લિસ્ટેડ બિલ્ડરો પાસે હાલમાં રૂપિયા ૧.૦૪ ટ્રિલિયનનો માલ વેચાયા વગરનો પડયો છે જે વેચાણની હાલની ગતિને જોતા ૩૩ મહિનાનો સ્ટોકસ જમા પડયો હોવાનું કહી શકાય એમ છે.

માર્ચ ૨૦૨૧ના અંતે કુલ રૂપિયા ૭૨૫૭૨ કરોડનો માલ વેચાયા વગરનો પડયો હતો. આમ આ સપાટીથી હાલની ઈન્વેન્ટરી ૪૪ ટકા જેટલી વધુ છે.

વર્તમાન નાણાં વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં ટોચની રિઅલ એસ્ટેટ કંપનીઓનો નેટ વેચાણ આંક રૂપિયા ૧૭૪૬૪ કરોડ રહ્યો હતો જે ગયા વર્ષના આ ગાળાની સરખામણીએ ૨૫.૫૦ ટકા વધુ હતો. ૨૦૨૨ના સપ્ટેમ્બર ત્રિમાસિકનો વેચાણ આંક રૂપિયા ૧૩૯૧૧ કરોડ રહ્યો હતો.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ઠંડીથી બચવા ખાઓ ગુંદરના લાડુ, શરીરનો દુખાવો પણ થઈ જશે છૂમંતર

શિયાળાની ઋતુમાં ગુંદર ના લાડુ ખાવા સારા માનવામાં આવે છે. આ શરીરને ગરમ રાખે છે અને શરીરના દુખાવામાં મદદ કરે છે તે માત્ર સ્વાદિષ્ટ જ નથી. પરંતુ તેને ખાવાથી શરીરને ભરપૂર માત્રામાં કેલ્શિયમ અને પ્રોટીન મળે છે. આ ખાવાથી હાડકાં મજબૂત થશે અને તે માંસપેશીઓ પણ મજબૂત કરવામાં સક્ષમ છે.



## ગુંદરના લાડુ બનાવવાની રીત

- લાડુ બનાવવા માટે એક ભારે તળિયા વાળું વાસણ લો અને તેમાં એક ચમચી ઘી ગરમ કરો. ઘી ઓગળી જાય એટલે તેમાં ઝીણી સમારેલી બદામ અને કાજુ ઉમેરો. પછી ગોલ્ડન બ્રાઉન થાય ત્યાં સુધી રોસ્ટ કરો. ઠંડા થયા બાદ આ ડ્રાયફ્રુટ્સને બરછટ પીસી લો. હવે વાસણમાં થોડું છીણેલું સૂકું નાળિયેર ઉમેરો અને એક-બે મિનિટ માટે ફ્રાય કરો.
- ડ્રાયફ્રૂટ્સ અને નારિયેળનું મિશ્રણ કાઢીને પ્લેટમાં રાખો. આગળ, ગુંદરને શેકવા માટે ઘી ગરમ કરો. જ્યાં સુધી તે ફૂલી ન જાય ત્યાં સુધી તમારે તેને ફ્રાય કરો. બાદમાં તેને ઠંડુ થવા દો અને મિક્સર ગ્રાઈન્ડરમાં પીસી લો. હવે વાસણને ફરીથી ગરમ કરો અને તેમાં લગભગ 3 ચમચી ઘી ઉમેરો.
- ઘી ઓગળી જાય એટલે તેમાં ઘઉંનો લોટ ઉમેરીને સોનેરી થાય ત્યાં સુધી શેકો. તેને સતત હલાવતા રહો નહીંતર લોટ બળી જશે. લોટ શેકાઈ જાય પછી તેને ગેસ પરથી ઉતારી લો અને તેમાં બદામ, એલચી પાવડર અને ગોળ ઉમેરો. તેને સારી રીતે મિક્સ કરો. હવે નાના-નાના ભાગ લો અને તેને લાડુનો આકાર આપો.

- ઘઉંનો લોટ
- ગોળ પાવડર
- ઘી, ગુંદર
- સુકાયેલું નાળિયેર
- બદામ અને કાજુ
- એલચી પાવડર

## કુદરતની ભેટ સમાન છે આ પાંદડા

# શિયાળામાં શરદી-ઉધરસ સિવાય શ્વાસ સંબંધી સમસ્યાને કરે છે દૂર



આ પાન ખરેખર અમૃત સમાન છે. તેને કુદરતની અમૂલ્ય ભેટ કહેવામાં કોઈ નવાઈ નથી. આ પાનના સેવનથી તમે કફ-શરદી, ઉધરસ, રક્તપિત, વાયરલ તાવ, ટીબી હાઈ બ્લડ પ્રેશર સહિતની અનેક બીમારીઓને દૂર કરી શકો છો. ખૂબ જ ફાયદાકારક આ છોડનું નામ અરડૂસી છે. અરડૂસીને ઘણા નામોથી ઓળખવામાં આવે છે. જેમકે યડૂસ, અરૂસ, બાકસ, બિરસોટા, રૂસા, અરુશા, અને યડૂસા પણ કહેવામાં આવે છે.

અરડૂસીના પાનમાં એન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે. તેની સાથે તે એન્ટી-સેપ્ટિક પણ છે. તેથી તે ફેફસામાં પડેલી તમામ પ્રકારની ગંદકીને સાફ કરે છે. અરડૂસીના પાનથી શ્વાસ સંબંધી સમસ્યાઓને દૂર કરી શકાય છે. અરડૂસીના પાનમાં વેસીન નામનું તત્વ જોવા મળે છે. જે શ્વાસ માર્ગને પહોળો કરે છે. એટલું જ નહીં પણ તે ફેફસાને જોડતા શ્વાસ માર્ગમાં સોજાને પણ ઓછું કરે છે. જેથી અરડૂસીના પાનનું સેવન કરવાથી બંધ નાક તરત જ ખૂલી જશે. અરડૂસીના પાન ગળામાં દુઃખાવો, અસ્થમા, બ્રોન્કાઈટિસ જેવી સમસ્યાઓથી પણ રાહત આપે છે. અરડૂસીના પાનનો ઉકાળો પીવાથી કફ-શરદી અને ઉધરસ 1-2 દિવસની અંદર દૂર થઈ જશે. અરડૂસીના પાનનું સેવન બંધ નાકને તરત જ ખોલવામાં મદદરૂપ થાય છે. અરડૂસીના પાનની ચા બનાવીને પણ સેવન કરી શકો.

અરડૂસીના પાનના સેવનથી હાઈ બ્લડ પ્રેશરથી રાહત મળે છે. તે બ્લડ પ્રેશરને સંતુલિત કરે છે. લોહીને શુધ્ધ કરવામાં પણ મદદરૂપ થાય છે. અરડૂસીના પાનમાં એન્ટી-ફાઈબ્રિનલિટિક ગુણ મળે છે જે હાર્ટ બ્લોકને આગળ વધતા અટકાવે છે.

### માથાના દુખાવામાં રાહત આપે

અરડૂસીના ફૂલથી માથાના દુઃખાવામાં રાહત મળે છે. અરડૂસીના ફૂલનો ઉપયોગ ગોળ સાથે કરી શકાય છે. જેનાથી થાક અને માથાના દુખાવાથી રાહત મળે છે.

### સાંધાના દુખાવામાં રાહત આપે

અરડૂસીના પાનમાં એન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે, જેથી તે સાંધાના દુખાવામાં રાહત આપે છે. ઘુંટણનો દુખાવો હોય કે સોજો, તેને ઓછો કરવા માટે અરડૂસીના પાનનું સેવન કરવું જોઈએ

# શિયાળામાં પાણી ઓછું પીવા સહિત આ કારણોથી થઈ શકે છે ડેન્ડ્રફની સમસ્યા



આપણે ઘણીવાર જોઈએ છીએ કે શિયાળાની ઋતુમાં માથાની ચામડી શુષ્ક થઈ જાય છે અને તે શુષ્ક અને નિર્જીવ લાગે છે. જેના કારણે ડેન્ડ્રફની સમસ્યા પણ વધી જાય છે. હેલ્થ એક્સપર્ટના મતે એકવાર ડેન્ડ્રફ થઈ જાય તો તેનાથી છુટકારો મેળવવો ખૂબ જ મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં તે જરૂરી છે કે તમે આ કારણો વિશે જાણો અને શિયાળામાં આ સમસ્યાથી બચવાનો પ્રયાસ કરો. તો ચાલો તમને જણાવીએ શિયાળામાં ડેન્ડ્રફ થવાના કારણો વિશે.

**હવામાં ડ્રાયનેસ હોવી :** ઠંડીના દિવસોમાં ભેજનું પ્રમાણ ઘટી જાય છે. જોકે, આ દિવસોમાં હવા શુષ્ક હોય છે, જેનાથી તમારે સ્કેલ્પમાં પણ ડ્રાયનેસનો સામનો કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં સ્કેલ્પ અને ડેન્ડ્રફની ફરિયાદ થઈ શકે છે. તેથી એ સલાહ આપવામાં આવે છે કે ઠંડીના દિવસોમાં તમે તમારા સ્કેલ્પનાભેજનું ધ્યાન રાખો. હેર ઓઈલને ગરમ કરીને તેનાથી સ્કેલ્પની મસાજ કરો. થોડા સમય પછી તમે તમારા વાળને હળવા શેમ્પૂથી ધોઈ લો.

**ગરમ પાણીથી નહાવું :** શિયાળા દરમિયાન આપણને બધાને ગરમ પાણીથી નહાવું ખૂબ જ ગમે છે. પરંતુ જ્યારે તમે વધારે ગરમ પાણીથી સ્નાન કરો છો, તો તેનાથી સ્કેલ્પનું નેચરલ ઓઈલ પણ દૂર થઈ જાય છે, જેના કારણે ડ્રાયનેસને કારણે ડેન્ડ્રફની શક્યતા વધી જાય છે. તેથી ઠંડીના દિવસોમાં તમે ગરમ પાણીને બદલે હુંફાળા પાણીનો ઉપયોગ કરો. સાથે જ લાંબા સમય સુધી શાવર લેવાનું ટાળો.

**વાળને ઓછા ધોવા :** એવા ઘણા લોકો હોય છે, જેઓ ઠંડીના દિવસોમાં વારંવાર વાળ ધોવાનું ટાળે છે. તેઓ તેમના માથાને ઠંડા પાણીના સંપર્કમાં આવવાથી બચાવવા માંગે છે. જેના કારણે સ્કેલ્પ પર ઓઈલ, પરસેવો અને ડેડ સ્કિન સેલ્સ જમા થઈ જાય છે. આવી સ્થિતિમાં તમારે ડેન્ડ્રફનો સામનો કરવો પડી શકે છે. તેથી ઠંડીના દિવસોમાં તમારે અઠવાડિયામાં બેથી ત્રણ વખત હેર વોશ જરુર કરવા જોઈએ.

**પાણી ઓછું પીવું :** શિયાળાના દિવસોમાં શરીરની પાણી સબંધિત જરૂરિયાતો ઘટી જાય છે. આ સમયગાળા દરમિયાન આપણે પ્રમાણમાં ઓછું પાણી પીએ છીએ. જોકે, આપણે પોતાને હાઈડ્રેટ રાખવાનું ભૂલી જઈએ છીએ, તેથી સ્કેલ્પમાં પણ શુષ્કતા વધી જાય છે અને તમને ડેન્ડ્રફની સમસ્યા થઈ શકે છે. તેથી પોતાને હાઈડ્રેટ રાખવા માટે પૂરતા પ્રમાણમાં પાણી પીવો.

# જો તમારે તમારા સાસરિયાઓનું દિલ જીતવું હોય તો લગ્ન પછી આ પ્રકારની સાડીઓ પહેરો



લગ્નનો દિવસ દરેક છોકરી અને છોકરા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ દિવસ પછી છોકરાઓના જીવનમાં બહુ બદલાવ નથી આવતો, પરંતુ છોકરીઓની સામે સમસ્યાઓ ઊભી થાય છે. લગ્ન પછી છોકરીઓએ પોતાના માતા-પિતાનું ઘર છોડીને પતિના ઘરે રહેવા જવું પડે છે.

નવા ઘરમાં તમામ સાસરિયાઓને ખુશ કરવા માટે છોકરીઓ ખૂબ જ મહેનત કરે છે કારણ કે એવું કહેવાય છે કે લગ્ન પછી જો સાસરિયાઓ સાથે સંબંધ શરૂઆતથી જ મજબૂત થઈ જાય તો કોઈ સમસ્યા ઊભી થતી નથી. આવી સ્થિતિમાં છોકરીઓ પોતાના સાસરિયાઓનું દિલ જીતવા માટે ઘણી કોશિશ કરે છે.

જો કે આના ઘણા રસ્તાઓ છે, પરંતુ શું તમે જાણો છો કે તમે સારા પોશાક પહેરીને તમારા પરિવારના સભ્યોનું દિલ જીતી શકો છો. હા, જો તમે તમારા સાસરિયાંના ઘરે અલગ-અલગ પ્રકારની સાડીઓ પહેરીને સજશો તો તમારા પરિવારના સભ્યો ચોક્કસ તેનાથી ખુશ થશે. આજે અમે તમને એ વિશે જણાવવા જઈ રહ્યા છીએ કે નવી દુલ્હન પર કેવા પ્રકારની સાડીઓ સારી લાગે છે.

મોટા ભાગના લોકો નવી દુલ્હન પર બનારસી સાડી પસંદ કરે છે. આવી સ્થિતિમાં, તમે તમારા દેખાવને સુંદર બનાવવા માટે બનારસી સાડીનો પણ ઉપયોગ કરી શકો છો. બનારસી સાડીઓ મોટે ભાગે તેજસ્વી રંગોમાં આવે છે.

જો તમને હળવી સાડીઓ ગમે છે, તો તમે લખનૌની પ્રખ્યાત ચિકંકરી વર્કની સાડી લઈ શકો છો. ચિકંકરી વર્કની સાડીઓ પેસ્ટલ રંગોમાં ઉપલબ્ધ છે. આવી સ્થિતિમાં, આજની છોકરીઓ પણ તેને ખૂબ પસંદ કરે છે.

નવી નવવધૂઓ માટે આ એક પરફેક્ટ ઓપ્શન માનવામાં આવે છે. જો તમે લગ્ન પછી તરત જ કોઈના ઘરે જઈ રહ્યા છો, તો તમે કાંજીવરમ સિલ્ક સાડી પહેરી શકો છો. તેની સાથે મેચિંગ જ્વેલરી પહેરીને તમારા દેખાવને પૂર્ણ કરો.

આજકાલ આવી સાડીઓ પણ ખૂબ જ ટ્રેન્ડમાં છે. જો તમે ઈચ્છો તો, તમે સાદી સાડીનો આખો લુક તેમાં હેવી બોર્ડર ઉમેરીને બદલી શકો છો. આ પ્રકારની સાડી લગ્ન પછી ખૂબ જ સુંદર દેખાવ આપે છે.

બ્રાઈટ કલર હંમેશા નવી નવવધૂઓ પર સારા લાગે છે. આવી સ્થિતિમાં, લાલ, પીળા અને લીલા જેવા રંગો પહેરવાનો પ્રયાસ કરો. જો તમને પેસ્ટલ રંગો ગમે છે તો તમે તેને પણ પહેરી શકો છો પરંતુ થોડા દિવસો માટે હળવા રંગોથી દૂર રહો.

નવી કન્યાએ મેચિંગ જ્વેલરી તેમજ સોનાના ઘરેણા પહેરવા જોઈએ. તેની દુલ્હન અલગ જ લાગે છે. ગળામાં મંગળસૂત્ર અવશ્ય પહેરવું. આ સાથે હાથમાં બંગડીઓ અને પગમાં પાયલ પહેરો.



# ટાઈટ જીન્સ પહેરવાના છો શોખીન? તો સાવધાન!

## થઇ શકે છે નસોની આ ખતરનાક બિમારી, જાણો લક્ષણ...

મહિલાઓ મોટાભાગે ટાઈટ જીન્સ અથવા ટાઈટ કપડા પહેરે છે. આ કારણોસર પુરુષોની સરખામણીએ મહિલાઓને નસોની ગંભીર બિમારી થાય છે. ટાઈટ જીન્સ પહેરવાને કારણે વેરિકોજ વેન્સ (નસોમાં સોજો)ની સમસ્યા થાય છે. વેરિકોજ વેન્સ એક ગંભીર બિમારી છે. જેમાં નસો મોટી થઈ જાય છે અને લોહી ભરાઈ જાય છે. જેના કારણે દર્દીને ખૂબ જ દુખાવો થાય છે. ફૂલી ગયેલ નસ લાલ અથવા નીલા રંગની દેખાય છે. અનેક લોકો આ વાતને નજરઅંદાજ કરે છે. જેના કારણે ભવિષ્યમાં ગંભીર સમસ્યા થાય છે. આ બિમારીના લક્ષણો અને તેનાથી કેવી રીતે બચી શકાય તે અંગે અહીંયા જણાવવામાં આવ્યું છે.

**વેરિકોજ વેન્સ બિમારી થવાના કારણ** | લાંબા સમય સુધી બેસી રહેવું, મેદસ્વીતા, ટાઈટ જીન્સ પહેરવું, બ્લડપ્રેશરમાં વધારો થવો આ તમામ લક્ષણો જોવા મળે છે. માસિકચક્રના કારણે પણ આ બિમારી થાય છે. ઘણા લોકો યોગ્ય ભોજન કરે તથા એલોપેથિક દવાઓના રિએક્શનના કારણે પણ આ બિમારી થાય છે.

**વેરિકોજ કેવી રીતે બને છે?** | નસોમાં રહેલ વાલ્વ શરીરના ઉપરના ભાગમાં લોહી પહોંચાડવાનું કામ કરે છે. આ વાલ્વ કામ ના કરે તો લોહી આગળ પહોંચી શકતું નથી અને નસોમાં જમા થવા લાગે છે. જેના કારણે નસોમાં સોજો આવે છે અને નબળી પડી જાય છે. આ વેરિકોજ વેન્સના કારણે ત્વચા નીચે ગાઠ બને છે જેને સ્પાઈડર વેન કહેવામાં આવે છે.

**વેરિકોજ વેન્સના લક્ષણ** | આ બિમારી થાય તો શરીરમાં કેટલાક બદલાવ અને લક્ષણ જોવા મળે છે. આ લક્ષણના આધાર પરિ બિમારીનું નિદાન કરી શકાય છે. વેરિકોજ વેન્સ બિમારી થવા પર નસો વાદળી રંગની થઈ જાય છે, ઉઠતા બેસતા દુખાવો, નસો પાસે ખંજવાળ આવે છે અને દુખાવો થાય છે. ઉપરાંત માંસપેશીઓ જકડાઈ જાય છે અને સોજો આવે છે.

**વેરિકોજ વેન્સનો ઈલાજ** | વેરિકોજ વેન્સથી રાહત મેળવવા માટે દરરોજ કસરત કરવી અને સૌથી પહેલા વજન ઓછું કરવા બાબતે ધ્યાન આપવું. ખાવા પીવાની બાબતોનું ધ્યાન રાખવું. ફાઈબરયુક્ત ભોજન કરવું અને સૂતા સમયે પગ ઉંચા કરીને સૂવું.


# ફૂલગુલાબી ઠંડીની મોસમમાં રાતે ચહેરા પર લગાવો ઘી



શિયાળાની ફૂલગુલાબી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે મોસમમાં દરેક મહિલા પોતાની સ્કિન કેર રુટીનને લઈને ખૂબ જ સભાન હોય છે. દરેક મહિલા ઈચ્છે છે કે વધતી ઉંમર સાથે તેમની ત્વચામાં નિખાર આવે. તેઓ પોતાની ત્વચાને ગ્લોઈંગ અને હેલ્ધી બનાવવા માટે ઘણા ઉપાયો કરે છે. પરંતુ કેટલીકવાર આ રીતો સ્કિનને નુકસાન પહોંચાડી શકે છે અને સ્કિનને ડેમેજ કરી નાખે છે. આવી સ્થિતિમાં આજે અમે તમને સ્કિન કેર રૂટીનની એક એવી ફોર્મ્યુલા વિશે જણાવવા જઈ રહ્યા છીએ જે તમારા ઘરના રસોડામાં જ ઉપલબ્ધ છે. અમે ઘીની વાત કરી રહ્યા છીએ, જેનાથી તમે ચમકદાર ત્વચા મેળવી શકો છો. કઈ-કઈ વસ્તુની પડશે જરૂર ઘી મધ કેવી રીતે કરવો ઉપયોગ? રાત્રે ચહેરા પર ઘી લગાવવા માટે સૌથી પહેલા તમે લગભગ 1 નાની ચમચી ઘીને થોડું ગરમ કરી લો. આ પછી તેને થોડું ઠંડુ થવા માટે રાખી દો. ઠંડુ થયા પછી તેમાં 1 ચમચી મધને ઉમેરી દો.

મધને સારી રીતે ઘીમાં મિક્સ કર્યા પછી તમે ઓછામાં ઓછા 4 થી 8 ટીપાં ચહેરા પર લગાવી લો. લગભગ 5 થી 10 મિનિટ સુધી ચહેરા પર હળવા હાથે મસાજ કરો. મસાજ કરવાથી ઘી ત્વચાની અંદર શોષાઈ જશે. સતત તેનો ઉપયોગ કરવાથી તમારી ત્વચામાં જાદુઈ ચમક જોવા મળશે. ફાયદા ચહેરાની ત્વચા પર ઘી લગાવવાથી સ્કિન કુદરતી રીતે ચમકવા લાગે છે. ઘીને ચહેરા પર મસાજ કરવાથી બ્લડ સર્કુલેશન વધે છે, જેના કારણે સ્કિન લાંબા સમય સુધી યુવાન દેખાય છે. ત્વચાને કુદરતી રીતે એક્સફોલિએટ કરવા માટે મધ ખૂબ જ ફાયદાકારક છે. મધ ચહેરા પરના પોર્સને સાફ કરવામાં મદદ કરે છે. ચહેરાની ત્વચાને કોમળ રાખવામાં મધ ખૂબ જ મદદગાર સાબિત થાય છે.

# રતાળુના સેવનથી ડાયાબિટીસ જેવી બીમારીઓ કરી શકાય છે નિયંત્રિત



આ એક પ્રાકૃતિક ઔષધિ છે જેને શાકભાજી તરીકે ખાવામાં આવે છે અને તેના સેવનથી ઘણી બીમારીઓ મટે છે. આ છે રતાળુ નામની શાકભાજી. આ શાકભાજીમાં વિટામીન, મિનરલ્સ અને ફાઈબર ભરપૂર માત્રામાં હોય છે. આયુર્વેદના ડોક્ટરે જણાવ્યું કે, રતાળુના સેવનથી ડાયાબિટીસ જેવી બીમારીઓ નિયંત્રિત કરી શકાય છે. જમીનની અંદર ઉગાડવામાં આવેલ રતાળુ ખાવામાં સ્વાદિષ્ટ તો છે જ, પરંતુ તે સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. શિયાળામાં તેનું સેવન કરવાથી ઘણા સ્વાસ્થ્ય લાભ થાય છે.

આયુર્વેદ ચિકિત્સકે જણાવ્યું કે જેઓ નથી જાણતા તેના માટે રતાળુ એક મૂળ છે, જેને શાકભાજી તરીકે ખાવામાં આવે છે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ તેને પ્રાકૃતિક ઔષધિ ગણવામાં આવે છે.તે હાથીના પગ જેવું લાગે છે, તેથી તેને હાથીનો પગ અથવા રતાળુ પણ કહેવામાં આવે છે.

આયુર્વેદ ચિકિત્સકે જણાવ્યું કે રતાળુ અનેક ગંભીર રોગોમાં પણ ફાયદાકારક છે. ડાયાબિટીસ એક એવો રોગ છે જેમાં આહાર નિયંત્રણમાં ખૂબ અસરકારક સાબિત થાય છે. જો ડાયાબિટીસના દર્દીઓ તેના આહાર પર નિયંત્રણ ન રાખે તો લોહીમાં સુગર લેવલ વધવા લાગે છે. ખાંડનું પ્રમાણ વધવાથી શરીરમાં ઘણી બીમારીઓનું જોખમ વધી શકે છે જેમ કે હૃદય, હૃદય અને કિડનીના રોગો. દર્દીઓ અમુક ખાદ્ય પદાર્થોનું સેવન કરીને સુગરને નિયંત્રિત કરી શકે છે. રતાળુ એક મૂળ શાકભાજી છે જે ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક છે.

ડોક્ટરે જણાવ્યું કે રતાળુ જે પોષક તત્વોથી ભરપૂર હોય છે તેનો ગ્લાયસેમિક ઈન્ડેક્સ ઘણો ઓછો હોય છે જે ખાંડને નિયંત્રિત કરવામાં અસરકારક છે. તેનું સેવન કરવાથી વજન નિયંત્રિત કરવામાં મદદ મળે છે. જે લોકોને કોલેસ્ટ્રોલ વધારે છે તેના માટે આ શાકભાજીનું સેવન ખૂબ જ ફાયદાકારક છે. રતાળુનું સેવન કરવાથી હૃદયની બીમારીઓનું જોખમ ઓછું થાય છે. ડાયાબિટીસ અને કેન્સરની સાથે સ્થૂળતા ઘટાડે છે. તેમાં બળતરા વિરોધી અને એન્ટીઑકિસડન્ટ અસરો પણ છે. આ સિવાય વિટામિન B6 એનિમિયા જેવા આ તમામ રોગોને દૂર કરવામાં અસરકારક છે.

# માહી માટે આઈપીએલ 2024 છેલ્લી સિઝન હશે!

■ શિખર ધવન, રિદ્ધિમાન શાહ, દિનેશ કાર્તિક સહિત ખિલાડીઓની અંતિમ સીઝન?

ગુજરાત | વંદન






IPL 2024 ઘણા દિગ્ગજ ખેલાડીઓ માટે છેલ્લી સિઝન સાબિત થઈ શકે છે. આ યાદીમાં ઘણા મોટા નામ સામેલ છે. એવું માનવામાં આવે છે કે IPL 2024 ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની માટે છેલ્લી સિઝન સાબિત થશે. આ સિવાય અમિત મિશ્રા, રિદ્ધિમાન સાહા, પીયૂષ ચાવલા, દિનેશ કાર્તિક અને શિખર ધવન કદાચ છેલ્લી IPL મેચમાં જોવા મળશે.

ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની 42 વર્ષના છે પણ તેમની ફિટનેસે શાનદાર છે, પરંતુ એવા સંકેતો મળી રહ્યા છે કે આગામી IPL બાદ કેપ્ટન કૂલ IPLને અલવિદા કહી દેશે.

આ સિવાય હાલમાં, કેએલ રાહુલની કપ્તાની હેઠળ લખનૌ સુપર જાયન્ટ્સનો એક ભાગ મનાતા 41 વર્ષીય અમિત મિશ્રા છેલ્લી વખત IPL મેચોમાં જોવા મળી શકે છે. તેમજ કોલકાતા નાઈટ રાઈડર્સ સિવાય આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સ જેવી ટીમો માટે રમી ચૂકેલા 39 વર્ષીય રિદ્ધિમાન સાહાનું નામ આ લિસ્ટમાં છે.

મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમી રહેલા પિયુષ ચાવલા IPLમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોમાંથી એક છે. ચાવલાના પ્રદર્શન તેમજ ફિટનેસને જોતા એવું માનવામાં આવે છે કે, તે IPL 2024 પછી લીગનો ભાગ નહીં હોય. IPL ઈતિહાસના સૌથી સફળ બેટ્સમેનોમાંના એક 37 વર્ષીય દિનેશ કાર્તિક હાલમાં RCBનો ભાગ છે. તે પણ આ લિસ્ટમાં છે. આ ખેલાડીઓ સિવાય IPL 2024 સિઝન પણ શિખર ધવન માટે છેલ્લી સિઝન સાબિત થઈ શકે છે. શિખર ધવન ઘણા સમયથી ભારતીય ટીમનો ભાગ નથી. જોકે, તે IPL પંજાબ કિંગ્સનું નેતૃત્વ કરે છે.

# રોજર બિન્ની વિમેન્સ પ્રીમિયર લીગ કમિટીના વડા નિમાયા

ગુજરાત | વંદન



દેશમાં મહિલા ક્રિકેટ લીગના વિકાસ માટે ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ) દ્વારા ગુરુવારે વિમેન્સ પ્રીમિયર લીગ કમિટીની જાહેરાત કરવામાં આવી હતી. આઠ સભ્યો ધરાવતી કમિટીના અધ્યક્ષ પદે બીસીસીઆઈના પ્રમુખ અને પૂર્વ ક્રિકેટર રોજર બિન્નીને નિયુક્ત કરાયા છે. જ્યારે બીસીસીઆઈના સેક્રેટરી જય શાહ તેમના કન્વીનર રહેશે. ડબલ્યુપીએલ કમિટીમાં આઈપીએલરના ચેરપર્સન અરુણ ધુમલ, બીસીસીઆઈના વાઈસ પ્રેસિડેન્ટ રાજીવ શુક્લા, બીસીસીઆઈના ટ્રેઝરર આશિષ શેલાર, બોર્ડના સંયુક્ત સચિવ દેવજીત સાઈકિયા, મધુમતિ લેલે અને પ્રભતેજ ભાટિયાનો સમાવેશ થાય છે.


આ કમિટી હિસ્સેદારો, ખેલાડીઓ અને દર્શકો સાથે સહયોગ દ્વારા ડબલ્યુપીએલ માટે સ્પર્ધાત્મક વાતાવરણ સુનિશ્ચિત કરશે. નોંધનીય છે કે 9 ડિસેમ્બરના રોજ મુંબઈમાં ડબલ્યુપીએલ 2024 માટે ખેલાડીઓનું ઓક્શન યોજાશે. હરાજી દરમિયાન જ ડબલ્યુપીએલની બીજી સિઝનનો તારીખ અને સ્થળ સહિતનો વિસ્તૃત કાર્યક્રમ પણ નક્કી કરી તેની જાહેરાત થવાની શક્યતા છે.

## ગંભીરે શ્રીસંતને કહ્યું-ફિક્સર, વળતો જવાબ મળ્યો-ઝગડાળુ...

# સુરતમાં ચાલુ મેચ દરમ્યાન ગંભીર - શ્રીસંત ઝઘડી પડ્યા

■ મે એને બોલાવ્યો નહોતો છતાં મને ન કહેવાનાં શબ્દો કહ્યા - શ્રીસંત

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ વિસ્ફોટક ઓપનર ગૌતમ ગંભીર હાલમાં લિજેન્ડ્સ લીગ ક્રિકેટમાં ઈન્ડિયા કેપિટલ્સની કેપ્ટનશીપ કરી રહ્યા છે. આ ટૂર્નામેન્ટમાં ગંભીરનું બેટ ધૂમ મચાવી રહ્યું છે. ગુજરાત જાયન્ટ્સ અને ઈન્ડિયા કેપિટલ્સ વચ્ચે રમાયેલી પ્રથમ એલિમિનેટર મેચ ખૂબ જ રોમાંચક રહી હતી. સુરતમાં રમાયેલી

આ મેચમાં ગુજરાત જાયન્ટ્સ તરફથી રમતા ગૌતમ ગંભીર અને ટીમ ઈન્ડિયાના પૂર્વ ફાસ્ટ બોલર એસ. શ્રીસંત વચ્ચે બોલાચાલી થઈ હતી. લાલાભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે એલિમિનેટર મેચમાં ગુજરાત જાયન્ટ્સ અને ઈન્ડિયા કેપિટલ્સની ટીમો આમને-સામને હતી. આ ઘટના મેચની બીજી ઓવરમાં બની જ્યારે ગૌતમ ગંભીર સ્ટ્રાઈક પર હતો. ઝડપી બોલર એસ શ્રીસંત તેની પ્રથમ ઓવર નાખતો હતો. ગંભીરે પ્રથમ બોલ બાઉન્ડ્રીની બહાર સિક્સર ફટકારી. આગળના બોલે ભારતીય ટીમના ભૂતપૂર્વ ઓપનરે ચોગ્ગો ફટકાર્યો હતો.

આ પછી ડોટ બોલ રહ્યો હતો. આ પછી શ્રીસંત આગળ વધ્યો અને ગંભીર તરફ જોવા લાગ્યો. ગંભીરે પણ સામે શ્રીસંતને જડબાતોડ જવાબ આપ્યો. જો કે, મામલો વધુ આગળ વધ્યો નહીં અને બંને અહીં શાંત થઈ ગયા. જોકે ઓવર બાદ બંને વચ્ચે પિચ પર જ બોલાચાલી થઈ હતી. જેનો વીડિયો ફેને પોતાના મોબાઈલમાં રેકોર્ડ કરી લીધો હતો. શ્રીસંતે 3 ઓવરમાં 35 રન આપીને 1 વિકેટ લીધી હતી. મેચ બાદ શ્રીસંતે સોશિયલ મીડિયા પર તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પેજ પર એક વિડીયો રીલીઝ કર્યો.

જેમાં તે કહેતો જોવા મળી રહ્યો છે કે તેને વીરુ વગેરે જેવા વરિષ્ઠ ખેલાડીઓ માટે ઘણું સન્માન છે. તેણે કહ્યું કે, આ મારી ભૂલ નથી પરંતુ ક્રિકેટના મેદાન પર લાઈવ મેચમાં મિસ્ટર ફાઈટર એટલે કે ગૌતમ ગંભીર દ્વારા જે ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો તે સહન કરવા યોગ્ય નથી.

# ICCએ T20 વર્લ્ડકપ 2024 માટે રજૂ કર્યો નવો LOGO

■ T20 વર્લ્ડ કપ 2024નું આયોજન વેસ્ટઈન્ડિઝ અને યુએસમાં કરવામાં આવશે

ગુજરાત | વંદન

T20 વર્લ્ડ કપ 2024નું આયોજન વેસ્ટ ઈન્ડિઝ અને યુએસમાં કરવામાં આવશે. આ ટૂર્નામેન્ટમાં કુલ 20 ટીમો ભાગ લેશે અને આ મેગા ઈવેંટની તૈયારી અત્યારથી જ શરૂ શરૂ કરી દેવામાં આવી છે. દરેક ટીમ હાલ ટી20 મોડમાં આવી ગઈ છે અને ICCએ પણ અત્યારથી તેની તૈયારી શરૂ કરી દીધી છે.

કેરેબિયા અને અમેરિકામાં આવતા વર્ષે ટી20 વર્લ્ડ કપનું આયોજન થવાનું છે એવાં હાલ ICCએ T20I ક્રિકેટના પ્રમુખ આયોજન માટે નવો લોગો લોન્ચ કર્યો છે. આઈસીસીએ આગામી ટૂર્નામેન્ટ સાથે સંબંધિત એક વીડિયો પણ શેર કર્યો છે જેમાં આગામી સિઝનના લોગો વિશે માહિતી આપવામાં આવી છે. આ વીડિયો શેર કરતી વખતે બોર્ડે લખ્યું છે કે, 'બેટ, બોલ અને એનર્જી એ ત્રણ વસ્તુઓ છે જે T20 ઈન્ટરનેશનલ ક્રિકેટને દર્શાવે છે! ICC T20 વર્લ્ડ કપ માટે એક આકર્ષક નવો દેખાવ.

પુરુષ ક્રિકેટ T20 વર્લ્ડ કપનું આયોજન 4 જૂન થી 30 જૂન 2024 વચ્ચે વેસ્ટ ઈન્ડિઝ અને યુએસમાં કરવામાં આવશે અને મહિલા ક્રિકેટ T20 વર્લ્ડ કપનું આયોજન બાંગ્લાદેશમાં કરવામાં આવશે. હજુ સુધી આ T20 વર્લ્ડ કપની તારીખો વિશે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. જો કે ICCએ આજે આ લોગો લોન્ચ કરીને એમ જણાવી દીધું છે કે તેને પણ આ મેગા ઈવેન્ટની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

# અજય જાડેજાની પાકિસ્તાન ક્રિકેટ ટીમનો કોચ બનવાની મોટી ઈચ્છા

■ ગુજરાતી ક્રિકેટર વર્લ્ડકપ દરમિયાન અફગાનિસ્તાનનો હેડ કોચ હતો

ગુજરાત | વંદન



વર્લ્ડ કપ 2023 દરમિયાન પાકિસ્તાનની ટીમનું પ્રદર્શન ઘણું નિરાશાજનક રહ્યું હતું. પાકિસ્તાનની ટીમ લીગ મેચોમાંથી બહાર રહીને પોતાના દેશમાં પરત ફરી હતી, જે બાદ પાકિસ્તાની કેપ્ટન બાબર આઝમે કેપ્ટનશીપ પરથી રાજીનામું આપી દીધું હતું. આ પછી એવું લાગી રહ્યું હતું કે પાકિસ્તાન ક્રિકેટમાં ભૂકંપ આવી ગયો છે. મેનેજમેન્ટથી લઈને કોચિંગ સ્ટાફ સુધી બધું જ બદલાઈ ગયું છે. હાલ પાકિસ્તાનની ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. આ પ્રવાસમાં ટીમને ત્રણ મેચની ટેસ્ટ શ્રેણી રમવાની છે. આ દરમિયાન એક ભારતીય દિગ્ગજ ખેલાડીએ પાકિસ્તાનના કોચ બનવા અંગે મોટી વાત કહી છે

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને ગુજરાતના જામનગર અજય જાડેજાએ કહ્યું હતું કે પાકિસ્તાન ટીમના કોચ બનવામાં તેમને કોઈ વાંધો નથી. એક ઈન્ટરવ્યુ દરમિયાન પાકિસ્તાન ટીમના કોચ બનવા અંગે સવાલ પૂછવામાં આવ્યો ત્યારે અજય જાડેજાએ કહ્યું કે હું પાકિસ્તાની ટીમનો કોચ બનવા તૈયાર છું. મેં અફઘાનિસ્તાન ટીમ સાથે મારો અનુભવ શેર કર્યો અને હું માનું છું કે પાકિસ્તાનની ટીમ પણ અફઘાનિસ્તાન જેવી છે. તમે તમારા પાર્ટનરની સામે જે ઈચ્છો તે કહી શકો છો. જાડેજાએ કહ્યું કે અફઘાનિસ્તાને વર્લ્ડ કપ 2023માં શાનદાર પ્રદર્શન કર્યું હતું. હું અફઘાની ટીમ સાથે મેન્ટર તરીકે જોડાયેલો હતો. અફઘાનિસ્તાને 2023ના વર્લ્ડ કપમાં 9માંથી 4માં જીત મેળવી છે.

1999ના અંતમાં અને 2000ની શરૂઆતમાં, અજય જાડેજાનું નામ મોહમ્મદ અઝહરુદ્દીન સાથે મેચ ફિક્સિંગ કેસમાં ઉછળ્યું હતું. ત્યાર બાદ બીસીસીઆઈએ બંને પર પ્રતિબંધ મૂક્યો હતો જે પછી આ બન્ને ખેલાડીઓ કદી પણ ક્રિકેટમાં પાછા આવ્યાં નહોતા. નિવૃત્તિ બાદ અજય જાડેજા લાંબા સમય સુધી ક્રિકેટ એક્સપર્ટ તરીકે ટીવી પર જોવા મળ્યો હતો. બાદમાં તે કોમેન્ટ્રી કરતો પણ જોવા મળ્યો હતો.

# U14 ક્રિકેટ ટુર્નામેન્ટમાં બોટાદના ખેલાડીનો 334 રનનો રેકોર્ડ...



ગુજરાત | વંદન


સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા ઈન્ટર ડિસ્ટ્રીક્ટ અન્ડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં આજે બુધવારે ભાવનગર રૂરલ અને બોટાદ ડિસ્ટ્રીકટની ટીમ વચ્ચે બે દિવસીય લીગ મેચનો પ્રારંભ થયો હતો. બોટાદની ટીમે બેટીંગ કરી ૫ વિકેટે ૫૫૪ રન બનાવી દાવ ડિકલેર કર્યો હતો, જેમાં કેપ્ટન અને વિકેટ કિપર કાવ્ય પટેલે શાનદાર બેટીંગ કરી અણનમ ૩૩૪ રન ફટકારી રેકોર્ડ કર્યો હતો.

ભાવનગર શહેરના ભરૂચા કલબના મેદાન ખાતે આજે બુધવારથી ઈન્ટર ડિસ્ટ્રીક્ટ અન્ડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટની બે દિવસીય લીગ મેચના પ્રારંભ થયો છે. બોટાદની ટીમે પ્રથમ બેટીંગ કરતા ૮૧ ઓવરમાં ૫ વિકેટ ગુમાવી ૫૫૪ રને દાવ ડિકલેર કર્યો હતો, જેમાં બોટાદના કેપ્ટન વિકેટ કિપર કાવ્ય પટેલે શાનદાર બેટીંગ કરતા ૨૯૯ બોલમાં ૫૮ ફોર મારી અણનમ ૩૩૪ રન ફટકાર્યા હતાં. કાવ્ય પટેલે સુંદર બેટીંગ કરી ભાવનગર રૂરલના બોલરની ધોલાય કરી નાખી હતી અને નવો રેકોર્ડ સ્થાપીત કર્યો છે, કારણ કે અત્યાર સુધીમાં અન્ડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન તરફથી રમાતી ટુર્નામેન્ટમાં આટલા રન કોઈ ખેલાડીએ માર્યા નથી. કાવ્ય પટેલની સિધ્ધી બદલ સાથી ખેલાડી અને રમતપ્રેમીઓએ તેને બિરદાવ્યો હતો. આ ઉપરાંત પ્રિયેન પરમારે ૧૩૧ બોલમાં ૧૮ ફોર મારી ૧૦૦ રન, દિવ્ય પરાલીયાએ ૫૯ અને ઓમ તોગડીયાએ ૪૧ રન નોંધાવ્યા હતા, જ્યારે ભાવનગર રૂરલના બોલર પાર્થ જાની અને યુગ મહેતાએ ૨-૨ વિકેટ ઝડપી હતી.

ભાવનગર રૂરલની ટીમે બેટીંગ કરી લક્ષનો પીછો કરતા દિવસના અંતે ૯ ઓવરમાં ૧ વિકેટ ગુમાવી ૪૧ રન નોંધાવ્યા હતા, જેમાં જીત સોનપાલના અણનમ ૧૮ અને પાર્થ જાનીના અણનમ ૧૦ રન મુખ્ય હતા, જ્યારે બોલર કિર્તન સોલંકીએ ૧ વિકેટ ઝડપી હતી. આવતીકાલે ગુરૂવારે ભાવનગર રૂરલની ટીમ ફરી બેટીંગ કરી રમત આગળ વધારશે.

# ગોલ્ડન બોય નીરજ ચોપડાએ બોલિંગની સ્પીડ વધારવા બુમરાહને આપી ટિપ્સ...

ગુજરાત | વંદન



ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરાને પણ ક્રિકેટમાં ઘણો રસ છે. તાજેતરમાં યોજાયેલ વર્લ્ડ કપની ફાઈનલ જોવા માટે તેઓ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં હાજર રહ્યા હતા. જો કે તે મેચમાં ટીમ ઈન્ડિયાને ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. તે મેચના બે અઠવાડિયા પછી, નીરજ ચોપરાએ ક્રિકેટના ઘણા પાસાઓને લઈને નિવેદન આપ્યું છે.

ટોક્યો ઓલિમ્પિક્સ અને વર્લ્ડ ચેમ્પિયનશિપ ગોલ્ડ મેડલ વિજેતા નીરજ ચોપરાએ જસપ્રિત બુમરાહને પોતાનો ફેવરિટ ફાસ્ટ બોલર ગણાવ્યો છે. નીરજે કહ્યું- મને બુમરાહ ગમે છે. તેની બોલિંગ એક્શન અનોખી છે. મને લાગે છે કે, બુમરાહે તેનો રન અપ લંબાવવો જોઈએ જેથી તેની સ્પીડ વધે. બોલરોને કેવી રીતે ગતિ વધારવાની જરૂર છે તે વિશે આપણે ઘણીવાર વાત કરીએ છીએ. જો તે થોડો પાછળથી દોડે તો તે શક્ય છે. મને બુમરાહની સ્ટાઈલ ગમે છે. હું આ મારા ભાલા ફેંકના અનુભવ પરથી કહી રહ્યો છું.

જો કે, લાંબા રન-અપ દ્વારા બોલની ઝડપ વધારવાનો આ સિદ્ધાંત નવો નથી. મોટાભાગના ઝડપી બોલરો, જેઓ સતત 145-150 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરે છે, તેઓ ઘણીવાર લાંબા રન-અપ કરે છે. આ તફાવત બુમરાહને અન્ય ઝડપી બોલરોથી અલગ બનાવે છે. બુમરાહ માત્ર ટૂંકા રન અપ સાથે આટલી ઝડપ હાંસલ કરી શકે છે. જો કે, તેને આનું પરિણામ ભોગવવું પડ્યું અને તેની પીઠ પર ઈજાઓ થતી રહી. આ કારણે બુમરાહની સ્પીડ પણ ઓછી થઈ ગઈ છે.

# 2023ની ફાઈનલ સહિત ભારતની 5 મેચોની પીચને 'એવરેજ'નું રેટિંગ

ગુજરાત | વંદન

ICCએ વર્લ્ડ કપ 2023ની ફાઈનલ સહિત ભારતની 5 મેચોની પીચને 'એવરેજ' રેટિંગ આપ્યું છે. વર્લ્ડ કપ 2023ની ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 19મી નવેમ્બરના રોજ રમાઈ હતી.

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ વર્લ્ડ કપની ફાઈનલ મેચ સહિત 5 પીચને એવરેજ રેટિંગ આપી છે. ICC દ્વારા અમદાવાદના નરેન્દ્ર મોદી, કોલકાતાના ઈડન ગાર્ડન્સ, લખનઉના એકાના અને ચેન્નઈના ચેપોક સ્ટેડિયમની પીચોને 'એવરેજ' રેટિંગ આપવામાં આવી છે. અહીં આશ્ચર્યની વાત એ છે કે વાનખેડે સ્ટેડિયમમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની વર્લ્ડ કપ સેમિફાઈનલની પીચ એક મોટા વિવાદના કેન્દ્રમાં હતી અને એવો દાવો કરવામાં આવ્યો હતો કે તે છેલ્લી ઘડીએ બદલવામાં આવી હતી તેને 'સારું' રેટિંગ આપવામાં આવ્યું છે.

ICC મેચ રેફરી અને ઝિમ્બાબ્વેના ભૂતપૂર્વ બેટ્સમેન એન્ડી પાઈક્રોફ્ટ દ્વારા ફાઈનલ મેચ માટે પીચ રેટિંગ આપવામાં આવી છે જ્યારે બીજી સેમિફાઈનલ માટે પીચ રેટિંગ પૂર્વ ભારતીય ફાસ્ટ બોલર જવાગલ શ્રીનાથે આપ્યું છે. ભારતે વર્લ્ડ કપમાં 11 મેચ રમી છે જેમાંથી ICCએ પાંચ મેચમાં પિચને 'એવરેજ' રેટિંગ આપ્યું છે. ઉલ્લેખનીય છે કે ભારતીય ટીમના મુખ્ય કોચ રાહુલ દ્રવિડે ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાન સામેની ભારતની મેચો સાથે સંબંધિત બે પીચોની ICCની રેટિંગની ટીકા કરી હતી.

# આઈપીએલ 2024 પહેલા ભાવનગરના ખેલાડી ચેતન સાકરીયાએ કરી સગાઈ

ગુજરાત | વંદન

વિશ્વની સૌથી લોકપ્રિય લીગ પૈકી એક ઈન્ડિયન પ્રીમિયર લીગ(IPL) 2024 માટે 19 ડિસેમ્બરે દુબઈમાં ખેલાડીઓની હરાજી યોજાવાની છે. તે પેહલા ભાવનગરના ક્રિકેટર ચેતન સાકરિયાએ મેઘના જાંબુચા સાથે સગાઈ કરી છે. જેની તસ્વીર સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહી છે.

25 વર્ષીય ચેતન સાકરિયા IPL 2023માં દિલ્હી કેપિટલ્સ તરફથી રમ્યો હતો, પરંતુ તાજેતરમાં જ દિલ્હી કેપિટલ્સે આ ફાસ્ટ બોલરને રિલીઝ કર્યો હતો. હવે ચેતન સાકરિયા IPL ઓક્શન 2024નો ભાગ બનશે.

માનવામાં આવી રહ્યું છે તેના પર પૈસાનું વરસાદ થઈ શકે છે. ચેતન સાકરિયાની સગાઈનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ચેતન સાકરીયાએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે " આગલું કદમ સાથે લઈ છીએ, જીવનભર સાથે રેહશું". સોશિયલ મીડિયા યુઝર્સ કોમેન્ટ કરીને અભિનંદન પાઠવી રહ્યા છે.

# પૂજારા, ભુવનેશ્વર સહિતના ખેલાડીઓના કરિયર પર હવે પૂર્ણવિરામ!

■ છેલ્લા કેટલાક વર્ષોથી આ ખેલાડીઓને ટીમમાં નથી મળી રહી જગ્યા

ગુજરાત | વંદન



હાલ જ ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયા સામેની ટી-20 સીરિઝ પૂરી કરી અને અને આ સીરિઝ 4-1થી જીતી લીધી છે. જો કે ચાહકોમાં આ જીતની ખુશી વર્લ્ડ કપ ન જીતવાનું દુ:ખ હજુ સુધી ભુલાવી શકી નથી. એવામાં હવે ટીમ ઈન્ડિયા આ મહિનામાં સાઉથ આફ્રિકા ટુર પર જઈ રહી છે જ્યાં ટી20, વનડે અને ટેસ્ટ ત્રણેય ફોર્મેટમાં સીરિઝ રમવાની છે.

ટીમ ઈન્ડિયાના બેટ્સમેન શિખર ધવન લગભગ એક વર્ષથી ઈન્ટરનેશનલ ક્રિકેટ રમી નથી. 37 વર્ષીય ધવન છેલ્લે ડિસેમ્બર 2022માં બાંગ્લાદેશ સામેની ઓડીઆઈ મેચમાં રમ્યો હતો. ધવન ટેસ્ટ ટીમમાંથી પાંચ વર્ષથી અને ટી-20 ટીમમાંથી લગભગ અઢી વર્ષથી બહાર છે. ધવનને છેલ્લા 2 ટી-20 વર્લ્ડ કપ અને 2023 ઓડીઆઈ વર્લ્ડ કપ માટે તેને ટીમમાં તક મળી ન હતી. ચેતેશ્વર પૂજારાએ છેલ્લા ઘણા સમયથી ભારતીય ટેસ્ટ ટીમમાં નંબર-3ની જવાબદારી નિભાવી હતી. જોકે, પૂજારાનું બેટ છેલ્લા કેટલાક સમયથી શાંત છે અને ઘણી મેચોમાં તેનું પ્રદર્શન સારું રહ્યું નથી. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2023ની ફાઈનલ મેચમાં ટીમ ઈન્ડિયાને પુજારા પાસેથી ઘણી અપેક્ષાઓ હતી, પરંતુ તે બંને ઈનિંગ્સમાં ફ્લોપ સાબિત થયો હતો.

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ બોલર ભુવનેશ્વર કુમારને ઓસ્ટ્રેલિયા સામેની 5 મેચની શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું નથી. ભુવનેશ્વર કુમારે છેલ્લે વર્ષ 2022માં મેચ રમી હતી. ત્યારથી તેને ટીમ ઈન્ડિયામાં જગ્યા મળી નથી. આ સાથે વર્લ્ડ કપ 2023માં તેના નામને લઈને પણ ચર્ચા ચાલી રહી હતી પરંતુ તેને સ્થાન આપવામાં આવ્યું ન હતું. ભુવનેશ્વર કુમારે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. પરંતુ તેમ છતાં તે ટીમ ઈન્ડિયાની ટીમમાં જગ્યા બનાવી શક્યો ન હતો.

# રોહિતએ બોર્ડને કહ્યું- મને ટી-20 વર્લ્ડકપમાં રમાડવાના છો? ખુલાસો કરો



■ ટીમની પસંદગી કરવા યોજાયેલી આ બેઠકમાં રોહિત શર્મા લંડનથી ઓનલાઇન જોડાયો હતો

ગુજરાત | વંદન

વન-ડે વર્લ્ડકપમાં જબરદસ્ત દેખાવ બાદ ફાઈનલમાં હારેલી ભારતીય ક્રિકેટ ટીમ માટે બોર્ડે આવતા વર્ષે રમાનારા ટી-20 વિશ્વકપની તૈયારી શરુ કરી છે અને તેના ભાગરૂપે કોચ રાહુલ દ્રવિડ, કપ્તાન રોહિત શર્મા સાથે પસંદગી સમિતિએ મેરેથોન બેઠક યોજી હતી.દક્ષિણ આફ્રિકાના પ્રવાસ માટે ટીમની પસંદગી કરવા યોજાયેલી આ બેઠકમાં રોહિત શર્મા લંડનથી ઓનલાઇન જોડાયો હતો. રોહિત દક્ષિણ આફ્રિકાના પ્રવાસમાં ટી-20 કે વન-ડે શ્રેણી રમવાનો નથી. કેટલાંક વખતથી ટી-20 મેચોથી દુર જ રહ્યો છે ત્યારે ટી-20 વર્લ્ડકપમાં પોતે રમવાનું છે કેમ અને રમવાનું હોય તો અત્યારથી જ સુચના આપવાનો આગ્રહ કર્યો હતો.

રોહિત શર્માએ પસંદગી સમિતિને એમ કહ્યું કે ટી-20 વર્લ્ડકપ માટે મને પસંદ કરવાનો હોય તો અત્યારથી જ ચિત્ર સ્પષ્ટ કરી દેવા સુચવ્યું હતું. હેડકોચ રાહુલ દ્રવિડ તથા પસંદગી સમિતિએ સર્વસંમતિપૂર્વક ટી-20 વર્લ્ડકપમાં રોહિતનું નેતૃત્વ જરુરી ગણાવ્યું હતું.

પસંદગી સમિતિએ દક્ષિણ આફ્રિકા પ્રવાસથી જ ટી-20નું બ્રેક જરુરી હોવાનું દર્શાવીને અનિચ્છા વ્યકત કરી હતી અને ત્યારબાદ ટી-20 શ્રેણીનું સુકાન સૂર્યાકુમાર યાદવને તથા વન-ડે ટીમનું નેતૃત્વ કે.એલ. રાહુલને સોંપવાનું નક્કી થયું હતું.

# પાકિસ્તાનની ટીમ માટે સ્ક્રીન પર વંશીય ટિપ્પણી કરાતા ભારે વિવાદ સર્જાયો

ગુજરાત | વંદન

પ્રસારણકર્તાની ભૂલને પગલે પાકિસ્તાનની ટીમ માટે મેદાનમાં ક્રિકેટ મેચ સમયે મુકવામાં આવેલી વિશાળ સ્ક્રીન પર વંશીય શબ્દ 'પાકી'નો પ્રયોગ કરવામાં આવતા ભારે વિવાદ થયો હતો. ફોક્સ ક્રિકેટે ઓસ્ટ્રેલિયન પ્રાઈમ મિનિસ્ટર ઈલેવન સામેની પાકિસ્તાનની ટીમની વોર્મ અપ મેચના લાઈવ સ્કોર સાથે પ્રવાસી ટીમ માટે આ શબ્દ દર્શાવ્યો હતો અને એક ઓસ્ટ્રેલિયન પત્રકારે આનો સ્ક્રીનશોટ લઈને એક્સ પર પોસ્ટ કર્યો હતો. બ્રોડકાસ્ટરની આ ભૂલને લઈને ભારે વિવાદ સર્જાયો હતો. વોર્મમેચમાં આ ઘટના ઘટી હતી અને બાદમાં ક્રિકેટ ઓસ્ટ્રેલિયાને પોતાની ભૂલનો અહેસાસ થતા તેમણે તેને સુધારવા ઉપરાંત પાકિસ્તાન ક્રિકેટ ટીમની માફી પણ માંગી હતી. પાકી એક અપમાજનક જાતિવાદી શબ્દ છે. આ શબ્દ જન્મ અથવા વંશના આધારે પાકિ સ્તાન અથવા દક્ષિણ એશિયન વ્યક્તિ માટે કરવામાં આવે છે. ઓસ્ટ્રેલિયાના પત્રકાર ડેની સઈદે એક્સ પર પોસ્ટ શેર કરીને બ્રોડકાસ્ટર્સની ભૂલ તરફ ધ્યાન દોર્યું હતું.

સાપ્તાહિક
ગુજરાત વંદન
gujaratvandan.com

# અંબાણી, અદાણી, અમિતાભ અને વિરાટ સહિતના સેલીબ્રીટીઓ હાજર રહેશે

**■ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માટે નિમંત્રણ**

ગુજરાત | વંદન



અયોધ્યામાં તા.22 જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે યોજાનારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી માટે વિશ્વ હિન્દુ પરિષદ તેમજ રામ જન્મ ભૂમિ નિર્માણ ટ્રસ્ટ દ્વારા દેશના અનેક જાણીતા ચહેરાઓ સહિત 8 હજાર લોકોને ઉપસ્થિત રહેવા આમંત્રણ અપાયું છે. જેમાં ભાજપની રામજન્મ ભૂમિ ચળવળને વેગ આપનાર તથા સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રા યોજનાર પૂર્વ નાયબ વડાપ્રધાન એલ.કે. અડવાણી, આરએસએસના વડા મોહન ભાગવત ઉપરાંત અયોધ્યામાં બાબરી મસ્જીદ ધ્વંસ સમયે પોલીસ ગોળીબારમાં જે 50 કારસેવકો શહીદ થયા હતા તેમના પરિવારને પણ તા.22 જાન્યુઆરીએ હાજર રહેવા આમંત્રણ અપાયું છે.

આ યાદીમાં દેશના ટોચના ઉદ્યોગપતિ મુકેશ અંબાણી, ગૌતમ અદાણી, રતન ટાટા, અભિનેતા અમિતાભ બચ્ચન અને અક્ષયકુમાર ઉપરાંત ક્રિકેટર સચિન તેંડુલકર અને વિરાટ કોહલીનો પણ સમાવેશ થાય છે. ટીવી પત્રકારો પણ સુધીર ચૌધરી, રજત શર્મા, અર્નબ ગોસ્વામી, સ્વેતાસિંઘ, દૈનિક ભાસ્કરના સુધીર અગ્રવાલ, દૈનિક જાગરણના સીઈઓ સંજય ગુપ્તા આ ઉપરાંત ઈન્ડીયા ટુડેના એડીટર ઈન ચીફ અરૂણ પુરીનો પણ સમાવેશ થાય છે. વિશ્વ હિન્દુ પરિષદના પ્રવકતાએ જણાવ્યું કે અયોધ્યા રામ મંદિર મુવમેન્ટ સાથે જોડાયેલા પત્રકારોને અમે આમંત્રણ અપાયા છે.

તમામ આમંત્રણ પોસ્ટ, વોટ્સએપ દ્વારા અપાયા છે. જેમાં 6 હજાર ધાર્મિકવડાઓ અને બે હજાર સેલીબ્રીટીઓ છે. ખાસ કરીને 50 શહિદ કાર સેવકના પરિવારોને ખાસ વ્યવસ્થા હેઠળ આમંત્રીત કરાયા છે. અયોધ્યામાં તા.22 જાન્યુ.માં યોજાનારા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં દેશ અને વિદેશમાંથી રામભક્તો ઉમટી પડશે અને તેમના માટે અયોધ્યા અને તેની આસપાસની અનેક હોટલો બુક થઈ ગઈ છે. અત્યાર સુધી અયોધ્યામાં ધાર્મિક સ્થળોમાં રહેણાંકની અને નાના ગેસ્ટ હાઉસની વ્યવસ્થા હતી પરંતુ હવે ભવ્ય રામ મંદિર બનતા અનેક પ્રતિષ્ઠીત હોટલ ચેઈન દ્વારા અયોધ્યામાં ફાઈવ સ્ટાર જેવી હોટલો ઉભી કરવા માટે તૈયારીઓ છે અને અનેક ગ્રુપ દ્વારા આ માટે હોટલો ઉભી પણ કરાઈ છે. જેમાં જે.એ.એલ. ગ્રુપ કે જે પાંચ હોટલ બ્રાન્ડ ધરાવે છે તેના દ્વારા 520 રૂમની હોટલો અયોધ્યા અને આસપાસ ઉભી કરવા તૈયારી છે.

## કાશી-અયોધ્યા વચ્ચે હેલિકોપ્ટર સેવા શરૂ થશે

# નમો ઘાટ પર 3 હેલિપેડ બનાવવામાં આવ્યાં, 40-50 મિનિટની મુસાફરી

ગુજરાત | વંદન



કાશી અને અયોધ્યા વચ્ચે ટૂંક સમયમાં હેલિકોપ્ટર સેવા શરૂ થશે. આ માટેની તૈયારીઓ ચાલી રહી છે. વારાણસી સ્માર્ટ સિટી પ્રોજેક્ટે નમો ઘાટ પર 3 હેલિપેડ બનાવ્યા છે. જો બધું બરાબર રહેશે તો હેલિકોપ્ટર સેવા 22 જાન્યુઆરીએ એટલે કે અયોધ્યામાં રામ લલ્લાના પ્રતિષ્ઠા પહેલા શરૂ થશે.

ત્યારબાદ બંને શહેરો વચ્ચેનું 220 કિલોમીટરનું અંતર 40-50 મિનિટમાં કાપી શકાશે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ સાથે જોડાયેલા સૂત્રોએ જણાવ્યું કે કાશીમાં 17 થી 30 ડિસેમ્બર દરમિયાન 'તમિલ સંગમ'નું આયોજન કરવામાં આવ્યું છે. પીએમ નરેન્દ્ર મોદી આમાં ભાગ લઈ શકે છે. આવી સ્થિતિમાં એવી ચર્ચા છે કે પીએમ આ સેવાનું ઉદ્ઘાટન કરી શકે છે. જો કે હજુ સુધી આ વાતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. વારાણસી સ્માર્ટ સિટી પ્રોજેક્ટના જનરલ મેનેજર વી. વાસુદેવને જણાવ્યું કે નમો ઘાટ પર 3 હેલિપેડ લગભગ તૈયાર છે.

અહીં બે કાયમી અને એક ટેમ્પરરી હેલીપેડ છે. એટલે કે એક સાથે 3 હેલિકોપ્ટર લેન્ડ કરી શકશે. હેલીપેડ બનાવવાની છેલ્લી તારીખ 30મી ડિસેમ્બર રાખવામાં આવી હતી, પરંતુ હવે તે 17મી ડિસેમ્બર પહેલા પૂર્ણ કરીને સોંપવાની તૈયારી છે. આ હેલિકોપ્ટર સેવા કેદારનાથ કે ચારધામ જેવી હશે. સૂત્રોના જણાવ્યા અનુસાર હેલિપેડના નિર્માણ બાદ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે. આ પછી કંપની અને ભાડું નક્કી કરવામાં આવશે. બે શહેરો વચ્ચે આ સેવા રાજ્યની પ્રથમ હેલિકોપ્ટર સેવા હશે.

જાન્યુઆરીએ અયોધ્યામાં રામલલાનો પ્રાણ પ્રતિષ્ઠા થશે. આ પછી કાશી અને અયોધ્યા વચ્ચે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની આશા છે. પ્રવાસન વિભાગના જણાવ્યા અનુસાર, કાશીની મુલાકાત લેતા પ્રવાસીઓની સંખ્યા દરરોજ 2 થી 2.5 લાખ છે. રામ લલ્લાના પ્રતિષ્ઠા બાદ દરરોજ 2 થી 2.5 લાખ પ્રવાસીઓ અયોધ્યા આવવાની આશા છે. અયોધ્યા અને કાશીની સાથે પ્રયાગરાજનો વિકાસ કરીને ધાર્મિક સર્કિટ બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સામાન્ય રીતે આ બંને શહેરો વચ્ચે દરરોજ 10 હજારથી વધુ લોકો મુસાફરી કરે છે.

## નીચલા ગૃહમાં પહોંચનારી ભારતીય મૂળની બીજી અમેરિકન મહિલા બની જશે

# USની ચૂંટણીમાં વધુ એક મૂળ ભારતીય દ્વારા ઉમેદવારી જાહેર કરવામાં આવી

**■ આઠ ભાષાઓનું જ્ઞાન ધરાવતી ક્રિસ્ટલ કૌલ બાઈડેનની પાર્ટી તરફથી સંસદની ચૂંટણી લડશે**

ગુજરાત | વંદન

અમેરિકામાં ભારતીય મૂળના મહિલા ક્રિસ્ટલ કૌલે અમેરિકી સાંસદની ચૂંટણી લડવાનું એલાન કર્યું છે. તેઓ વર્જીનિયાથી યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ માટે ચૂંટણી લડશે.

કૌલ મૂળ કાશ્મીરના રહેવાસી છે. તેમના પિતા કાશ્મીરી છે. આગામી વર્ષે અમેરિકામાં યોજાનારી સામાન્ય ચૂંટણીમાં ક્રિસ્ટલ રાષ્ટ્રપતિ બાઈડેનની ડેમોક્રેટિક પાર્ટી તરફથી ચૂંટણી લડશે. જો તેઓ આ સંસદીય ચૂંટણી જીતી જશે તો પ્રમિલા જયપાલ બાદ અમેરિકાના નીચલા ગૃહમાં પહોંચનારી તેઓ ભારતીય મૂળની બીજી અમેરિકન મહિલા બની જશે.પ્રમિલા જયપાલની બહેન સુશીલા જયપાલ પણ ચૂંટણીની રેશમાં સામેલ છે. તેઓ ઓરેગન જિલ્લાથી સાંસદીય ચૂંટણી લડવા જઈ રહી છે.

ક્રિસ્ટલ પહેલા જ સ્પષ્ટ કરી ચૂકી છે કે, ચૂંટણી જીત્યા બાદ તેઓ શિક્ષા, આરોગ્ય અને પબ્લિક સેફ્ટી આ મુદ્દાઓ પર ફોકસ કરશે. તેમનો ચૂંટણી અભિયાન પણ આ જ મુદ્દા પર આધારિત હશે. ક્રિસ્ટલે જણાવ્યું કે, વર્જિનિયાના 10મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટથી ચૂંટણી લડવાનો તેમનો નિર્ણય ડેમોક્રેટિક કોંગ્રેસના સદસ્ય જેનિફર વેક્સટનના નિર્ણય બાદ આવ્યો છે. વર્જીનિયામાં ભારતીય મૂળના અમેરિકન નાગરિકો અને દક્ષિણ એશિયન લોકોની સંખ્યા સૌથી વધુ છે. લાઉડાઉન કાઉન્ટી, ફેયરફેક્સ કાઉન્ટી અને પ્રિન્સ વિલિયમ્સ કાઉન્ટી જેવા વિસ્તારોમાં ભારતીયોની વસ્તી સૌથી વધુ છે.

ક્રિસ્ટલ કૌલનો જન્મ ન્યૂયોર્કમાં થયો હતો. તેમના પિતા કાશ્મીરના રહેવાસી હતા અને 26 વર્ષની ઉંમરે અમેરિકામાં સ્થાયી થઈ ગયા હતા. ક્રિસ્ટલની માતા દિલ્હીના રહેવાસી હતા અને જ્યારે તેઓ સાત વર્ષના હતા ત્યારે તેઓ અમેરિકા જતા રહ્યા હતા. ક્રિસ્ટલ કૌલ અને સુશીલા જયપાલ બંને ડેમોક્રેટિક પાર્ટી તરફથી ચૂંટણી લડશે. 2024ની સામાન્ય ચૂંટણીમાં પાર્ટીના ઉમેદવાર બનવા માટે, તેણે પહેલા પાર્ટીની પ્રાઈમરી ચૂંટણી જીતવી પડશે. ક્રિસ્ટલને હિન્દી, પંજાબી, ઉર્દૂ અને અરબી સહિત કુલ આઠ ભાષાઓનું જ્ઞાન છે. તેઓ વિદેશ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત બાબતોમાં નિપુણ છે.

# પરમાણું વીજમથક બનાવવાની ઝડપમાં ચીને અમેરિકા, જાપાનને પછડાટ આપી

**■ રહસ્યમય ચીને છેલ્લા 10 વર્ષમાં 37 રિએક્ટર બનાવ્યા, જ્યારે અમેરિકા અને ભારતે માત્ર બે રિએક્ટર બનાવ્યાં**

ગુજરાત | વંદન



સમગ્ર વિશ્વમાં ન્યુક્લિયર રિએક્ટર (પરમાણું વીજમથક) બનાવવાની ઝડપમાં ચીને અમેરિકા, જાપાન, જર્મની, ફ્રાન્સ અને ભારતને પણ પાછળ છોડી દીધું છે. એક અહેવાલ અનુસાર, ચીને છેલ્લા 10 વર્ષમાં 37 રિએક્ટર બનાવ્યા છે, જ્યારે અમેરિકા અને ભારતે માત્ર બે રિએક્ટર બનાવ્યા છે. હાલમાં ચીનમાં પરમાણુ રિએક્ટરની કુલ સંખ્યા 55 છે.

છેલ્લા 10 વર્ષમાં ચીને બનાવેલા 37 રિએક્ટર. તેનાથી સ્પષ્ટ થાય છે કે ચીન દર વર્ષે લગભગ 3.7 રિએક્ટર બનાવવામાં સફળ રહ્યું છે. હવે ચીને દર વર્ષે 8 રિએક્ટર બનાવવાનું નક્કી કર્યું છે હવે ચીન આટલી ઝડપથી રિએક્ટર કેમ બનાવી રહ્યું છે? ખરેખર, અહીં લાયસન્સ અને સસ્તી લોન સરળતાથી ઉપલબ્ધ છે.

જો કે, ચીન ઝડપથી રિએક્ટર બનાવી રહ્યું છે. પરંતુ જ્યારે અન્ય દેશોની વાત આવે છે, ત્યારે તેઓ વિરોધમાં બહાર આવે છે, જ્યારે જાપાને ફુકુશિમા રિએક્ટરમાંથી પ્રશાંત મહાસાગરમાં પાણી છોડ્યું ત્યારે તે ચીને જ સૌથી વધુ વિરોધ કર્યો હતો.

જો અમેરિકામાં ન્યુક્લિયર રિએક્ટરની સંખ્યા કુલ 92 ન્યુક્લિયર પ્લાન્ટ છે. આ સિવાય છેલ્લા 10 વર્ષમાં 2 રિએક્ટર બનાવવામાં આવ્યા છે. IAEA અનુસાર, ન્યુક્લિયર એનર્જીની કિંમત પ્રતિ મેગાવોટ કલાકે 5836 રૂપિયા ઘટી છે. પરંતુ અમેરિકામાં આ ખર્ચ 8754 રૂપિયા પ્રતિ મેગાવોટ કલાક છે.

પશ્ચિમી દેશો, ખાસ કરીને અમેરિકામાં રિએક્ટર બનાવવામાં વિલંબ કેમ થાય છે? જ્યારે તેની પાસે પૈસાની કોઈ કમી નથી. વાસ્તવમાં પશ્ચિમી દેશોમાં રિએક્ટર બનાવવાનું લાઈસન્સ મેળવવું સરળ નથી. આ સિવાય રોકાણ અને કાયદાકીય અડચણોને કારણે રિએક્ટર બનાવવામાં વિલંબ થઈ રહ્યો છે.

ભારતમાં કુલ 22 ન્યુક્લિયર પ્લાન્ટ છે. છેલ્લા 10 વર્ષમાં બે નવા રિએક્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે. ભારત સરકારનું કહેવું છે કે આગામી 25 વર્ષમાં ઊર્જાના પરંપરાગત સ્ત્રોતો પર નિર્ભરતા ઘટાડવી પડશે. સરકાર પરમાણુ રિએક્ટર સ્થાપવાની દિશામાં આગળ વધી રહી છે.

# BBC ના નવા વડા તરીકે ભારતીય મૂળના સમીર શાહની પસંદગી

**■ અંગ્રેજોની વર્ષો જૂની ન્યૂઝ સંસ્થા પર ભારતીય બનશે 'બોસ'**

ગુજરાત | વંદન



બ્રિટિશ સરકારે બુધવારે BBCના નવા વડા માટે ભારતીય મૂળના સમીર શાહનું નામ ફાઈનલ કર્યું છે. રિચર્ડ શાર્પને બદલવા માટે સરકારે પીઢ ટીવી પત્રકાર સમીર શાહનું નામ પસંદ કર્યું છે. રિચર્ડ શાર્પને એપ્રિલમાં પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા. શાહની નિમણૂકને સંસદીય સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવશે. સરકારનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે BBC નાણાકીય સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. બીબીસીએ તાજેતરમાં તેના "ન્યૂઝનાઈટ" કાર્યક્રમમાં કાપની જાહેરાત કરી છે.

માહિતી અનુસાર, 71 વર્ષીય સમીર શાહને સરકાર સાથે લાયસન્સ ફીમાં વધારા અંગે વાટાઘાટ કરવાનું કામ સોંપવામાં આવશે, જ્યાંથી બીબીસીને મોટાભાગનું ભંડોળ મળે છે. યુકે મીડિયાએ તાજેતરમાં અહેવાલ આપ્યો છે કે વડા પ્રધાન ઋષિ સુનકે વાર્ષિક ફીમાં નવ ટકાના વધારાને રોકવાની યોજના બનાવી છે, જે હાલમાં કુટુંબ દીઠ :159 (200) છે. સમીર શાહે 40 વર્ષથી વધુ સમયથી ટેલિવિઝનમાં કામ કર્યું છે અને BBCમાં કરંટ અફેયર્સ વડા સહિત ઘણી ભૂમિકાઓ નિભાવી છે. તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સરકારના પસંદગીના ઉમેદવાર તરીકે નામ આપવામાં આવતા તેઓ "આનંદ" અનુભવે છે.

# ગેરકાનુની નિર્ણયથી સરકારને થતુ નુકશાન અધિકારી પાસેથી વસુલાશે: સુપ્રીમની તાકીદ

**■ દેશમાં બેફામ બનેલી બાબુશાહી અને તુમાર જેવા વહીવટમાં મહત્વનો ચૂકાદો**

ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટે એક મહત્વના ચૂકાદામાં જણાવ્યું હતું કે, અધિકારીઓના કોઈ ગેરકાનુની નિર્ણયથી સરકારી તિજોરીને નુકશાન થાય તો તે ભરપાઈ કરવાની જવાબદારી પણ આ નિર્ણય લેનાર અધિકારીની જ રહેશે. દેશમાં બાબુશાહીથી સર્જાતા તુમાર અને ખોટા અથવા કોઈ તર્ક વગરના નિર્ણયથી સરકારી યોજનાઓથી રોજબરોજના કામકાજમાં પ્રજાના જંગી નાણાનો વેડફાટ થાય છે છતાં તેમાં ભાગ્યે જ કોઈ જવાબદાર બને છે.

સુપ્રીમ કોર્ટે તેના એક ચુકાદામાં નિરીક્ષણ વ્યક્ત કર્યુ કે અધિકારીના કોઈ ખોટા કે ગેરકાનુની નિર્ણયથી સરકારી તિજોરીને નુકશાન થવું જોઈએ નહી. જો કે આ નિર્ણય એક અધિકારીને ખોટી રીતે ઉંચા પગાર ધોરણનો આદેશ થયો અને છેલ્લા 24 વર્ષથી તેમાં ઉચ્ચ પગાર ગેરકાનુની રીતે મેળવી રહ્યા હતા.

તે રકમ રીકવર કરવા આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે તેમાં કોઈપણ પ્રકારની હળવાશ સર્જવા ઈન્કાર કર્યો હતો અને બે દશકાથી આ અધિકારી ખોટી રીતે ઉચ્ચ પગાર ધોરણ મેળવતા હતા તેના પર આકરુ વલણ લીધુ હતું. સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ હિમા કોહલી અને રાજેશ બિંદલની ખંડપીઠે મંતવ્ય વ્યક્ત કર્યુ કે આ કોઈ અજાણતા કે ઈરાદા વગરની મળેલી ભુલ નથી પણ ખાસ રીતે નિયમ બદલીને આ તરફેણ કરવામાં આવી છે.

# દિલ્હીમાં તમામ મેટ્રો સ્ટેશન પર ખુલશે કિરાણા સ્ટોર્સ

**■ જીવન જરુરી ચીજવસ્તુઓ સહિત શાકભાજી પણ મળશે**

ગુજરાત | વંદન


દેશમાં મેટ્રો ટ્રેન કલ્ચર વધી રહ્યું છે અને મહાનગરોમાં જોબ તેમજ અન્ય રીતે પ્રવાસ કરતા લોકોને ઘરેલુ શોપીંગમાં સફળતા મળે તે માટે મેટ્રો સ્ટેશન પર જ ડુંગળીથી લઈને કિરાણાની ચીજ ખરીદી શકશે.

દિલ્હીમાં મહત્વના મેટ્રો સ્ટેશન રાજીવ ચોકથી આ વ્યવસ્થા શરુ કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર આ મેટ્રો સ્ટેશન પર રીટેલ સ્ટોર ખોલશે. રિપોર્ટમાં જણાવ્યા મુજબ નેશનલ કોપરેટીવ કન્ઝ્યુમર ફેડરેશન ઓફ ઈન્ડીયા આ રીતે પંદરથી વીશ સ્ટોર ખોલવાની તૈ યારીમાં છે.

જેમાં અત્યંત વ્યાજબી કિંમતે કિરાણા મળશે. અગાઉ દિલ્હીમાં ટમેટાના ઉંચા ભાવ સમયે મેટ્રો સ્ટેશન પર સસ્તા દરે ટમેટા વેચાયા હતા તે અનુભવ પછી હવે ચેન્નઈ, મુંબઈ અને બેંગ્લુરુમાં પણ આ પ્રયોગ કરાશે.

# 16 મહિનામાં 5 વખત હાર્ટ એટેક છતાં જીવિત છે મહિલા: ડોક્ટરો પણ આશ્ચર્યચકિત બન્યા

ગુજરાત | વંદન



દેશભરમાં આજકાલ હાર્ટ એટેકના કેસ ઝડપથી વધી રહ્યા છે. હાર્ટ એટેકના નામથી જ લોકોના મનમાં ડર ઉભો થાય છે કે હવે શું કરવું. હાર્ટ એટેકનો આવો જ એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે, જેમાં મહિલા પૂછે છે કે આખરે મને કઈ બીમારી છે? મુંબઈના મુલુંડમાં રહેતી 51 વર્ષની મહિલાને 16 મહિનામાં 5 વખત હાર્ટ એટેક આવ્યા. તેમની છ વખત એન્જીયોપ્લાસ્ટી અને એકવાર કાર્ડિયાક બાયપાસ સર્જરી થઈ ચૂકી છે. તેઓએ 1-2 ડિસેમ્બરના રોજ લેબમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમણે પૂછ્યું હતું કે, "હું માત્ર એ જાણવા માંગુ છું કે આખરે મને શું થયું છે અને શું ત્રણ મહિના બાદ ફરીથી કોઈ નવી જગ્યાએ બ્લોકેજ સામે આવ્યું છે." તમને જણાવી દઈએ કે જયપુરથી મુંબઈ પરત ફરતી વખતે વર્ષ 2022માં પહેલીવાર ટ્રેનમાં હાર્ટ એટેક આવ્યો હતો. જે બાદ રેલવે તંત્ર દ્વારા તેમને અમદાવાદની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

મહિલાને અત્યારસુધીમાં પાંચ વખત હાર્ટ એટેક આવી ચૂક્યા છે.આ મહિલાને શુગર, હાઈ કોલેસ્ટ્રોલ અને મેદસ્વીતા જેવી અનેક બીમારીઓ છે. સપ્ટેમ્બર 2022માં તેમનું વજન 107 કિલો હતું, પરંતુ પછી તેમનું વજન 30 કિલોથી વધુ ઘટી ગયું છે.

# હમાસના આતંકીઓ પાસેથી એવી એવી ચીજો મળી કે તે જોઇ ઇઝરાયેલી સૈનિકો નવાઇ પામી ગયા

**■ મોબાઈલ ફોન, કોમ્પ્યુટર્સ, ટીપીએસ ડીવાઈસ જાસૂસી કેમેરા, અને નોટબુક્સ ઉપરથી સંપૂર્ણ હુમલાનો પ્લાન મળી આવ્યો**

ગુજરાત | વંદન



યુદ્ધ વિરામ બંધ થતાં ઈઝરાયલે પૂરાં જોરથી ગાઝા પર હુમલા શરૂ કરી દીધો છે. ઈઝરાયલી સેનાના કમાન્ડર જણાવ્યા પ્રમાણે મંગળવારે સૌથી તીવ્ર હુમલા કરાયા હતા. હવે જબાલિયા, રોજાઈયા, અને ખાન-યુનિસમાં ઈઝરાયલી સેના પ્રવેશી ચૂકી છે. વાસ્તવમાં તો સમગ્ર ગાઝા પટ્ટીમાં હમાસના આતંકીઓએ ઠેક-ઠેકાણે અડ્ડા બનાવી દીધા છે. હવે અમે ઉત્તરના પટ્ટીના વિસ્તારોમાંથી દક્ષિણ તરફ આગળવધીએ છીએ.

ખાન- યુનિસમાં હમાસના આતંકીઓ સામે જબરજસ્ત કાર્યવાહી શરૂ કરાઈ છે. ગાઝા સીટી પછીનું આ શહેર બીજા ક્રમાંકે આવે છે. દરમ્યાનમાં, આતંકી સંગઠન હમાસના આતંકવાદીઓ જે ટનલોમાં છુપાયા હતા તે ટનલોમાં ઈઝરાયલે પંપથી સમુદ્રનું પાણી ખેંચી તે ટનલોમાં ભરતાં જીવ બચાવવા આતંકીઓ ત્યાંથી બહાર નીકળી આવ્યા હતા.

સૌથી મહત્ત્વની વાત તો તે હતી કે હમાસનાં કેન્દ્રો ઉપરથી મળી આવેલી ડીજીટલ ડિવાઈસ અને ડોક્યુમેન્ટસથી જાણવા મળ્યું છે કે આતંકીઓ લાંબા સમયથી હુમલાનો પ્લાન બનાવી રહ્યા હતા. તે પૈકી માર્યા ગયેલા આતંકીઓ પાસેથી મળેલા મોબાઈલ ફોન કોમ્પ્યુટર્સ ટીપીએસ ડીવાઈસ જાસૂસી કેમેરા, અને નોટબુક્સ ઉપરથી સંપૂર્ણ પ્લાન મળી આવ્યો છે. એક મૃત આતંકવાદી પાસેથી સેટેલાઈટ તસ્વીરો પણ મળી આવી છે. તેમાં તે જગ્યાઓ દર્શાવવામાં આવી છે કે, ક્યાં ક્યાં હુમલા કરવાના છે.

આતંકીઓની નોટબુક્સમાં જે નોંધો હતી તે પરથી જાણવા મળે છે કે, તેમને લોકોને બંધક બનાવવાની અને મારવાની પૂરી ટ્રેનિંગ અપાઈ હતી. સાથે લખ્યું હતું કે જે બંધક સામો થાય કે તુર્ત જ તેને મારી નાખવો. ઈઝરાયલી સેનાને તે પણ જાણવા મળ્યું કે સમગ્ર ગાઝા પટ્ટીમાં સુરંગોની જાળ પાથરવામાં આવી છે. જ્યાં અગણિત બંધકોને રાખવામાં આવ્યા છે. કેટલીક સુરંગોમાં તેમણે આશ્રય લીધો હતો તે સુરંગોમાં ઈઝરાયલ સેનાએ સમુદ્રમાંથી પંપો દ્વારા પાણી ખેંચી તે સુરંગોમાં ભરતાં તેઓ બહાર આવી ગયા હતા.

બીજી તરફ, યુનોએ તો જણાવી દીધું છે કે ગાઝા પટ્ટીમાં હવે કોઈ સુરક્ષિત સ્થાન રહ્યું જ નથી, અને પરિસ્થિતિ આથી પણવધુ ખરાબ થવા સંભવ છે. બાળકોનાં મૃત્યુ થઈ રહ્યાં છે. ચારે તરફ શબ ધૂળમાં વેરાયેલાં પડયાં છે.

રેડ ક્રોસના પ્રમુખ મિર્ઝાના સ્પોલ ઝેરિકે કહ્યું કે સૌથી વધુ ભયાવહ વાત બાળકોનાં થઈ રહેલાં મૃત્યુની છે. તેમાંએ જેમનાં માતા-પિતાનાં મૃત્યુ થઈ ગયાં હોય તેવાં બાળકોની દેખભાળ કરનારૂં કોઈ નથી. યુનોના કહેવા પ્રમાણે ગાઝાની પોણા ભાગની વસ્તી તો વિસ્થાપિત થઈ ગઈ છે.

## 200 ઉમેદવારો ઉભા રાખ્યા, વીજળીમાં રાહત સહિતના વચનો છતાં બધાની ડિપોઝીટ જપ્ત...

# રેવડી કલ્ચરની ભેટ આપનારની 3 રાજ્યોમાં કોઇએ છીંકણી પણ ના સૂંઘી...!

ગુજરાત | વંદન

ભારતમા ચૂંટણીઓ આવે એટલે મતદારોને અપાતા વચનોમાં ખેડૂતોના દેવા નાબૂદ કરવાનું વચન મોટુ અને મહત્વપૂર્ણ ગણાતું. વીજળીમાં રાહત આપવી એ નવો અભિગમ આપ પાર્ટીના અરવિંદ કેજરીવાલ લઇ આવ્યાં અને તેમનો પ્રયોગ સફળ થતાં તેઓ રેવડી કલ્ચરના જન્મદાતા બન્યા. કેમ કે તેમની રેવડી કલ્ચરથી પ્રેરાઈને કોંગ્રેસ અને ભાજપે પણ એવા જ વચનો આપ્યાં.

જો કે હાલમાં યોજાયેલી પાંચ રાજ્યોમાંથી કેજરીવાલે 3 રાજ્યોમાં 200 ઉમેદવારો ઉભા રાખ્યા અને વીજળીમાં રાહત સહિતના વચનો આપ્યા મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ કારમાં પરાજયનો સામનો કરવો પડ્યો હતો. એટલુ જ નહીં પણ કેજરીવાલના ઉમેદવારોને નોટા કરતા ઓછા મત મળ્યા છે....!

મધ્ય પ્રદેશમાં આપ પાર્ટીએ 65 સીટો પર ચૂંટણી લડી અને 63 સીટો પર પોતાની ડિપોઝીટ ગુમાવી દીધી. મધ્ય પ્રદેશમાં પાર્ટીને કુલ 2,33,458 મત મળ્યા છે. મજા એ છે કે મધ્ય પ્રદેશમાં નોટાને 4,27,710 મત મળ્યા હતા. આમ મધ્ય પ્રદેશમાં નોટાને આમ આદમી પાર્ટી કરતા 1,90,000 વધુ મત મળ્યા છે.

છત્તીસગઢમાં આપ પાર્ટીએ 54 બેઠકો પર ચૂંટણી લડી હતી. આમ આદમી પાર્ટીએ તમામ 54 બેઠકો પર પોતાની ડિપોઝિટ ગુમાવી હતી. છત્તીસગઢમાં પણ આમ આદમી પાર્ટીને નોટા કરતા ઓછા વોટ મળ્યા હતા. રાજ્યમાં આમ આદમી પાર્ટીને 1,44,770 વોટ મળ્યા હતા. જ્યારે નોટાને 1,77,678 મત મળ્યા હતા. આમ નોટાને આમ આદમી પાર્ટી કરતાં લગભગ 53,000 વધુ મત મળ્યા હતા.



ભાજપનો દાવો- સિસોદિયાની જેમ કેજરીવાલનો જેલવાસ નક્કી જ છે, સવાલ સમયનો છે...

રાજસ્થાનમાં આપ પાર્ટીએ 85 વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડી હતી અને તમામ બેઠકો ગુમાવી હતી. સૌથી મહત્વની વાત એ છે કે રાજસ્થાનની 84 બેઠકો પર તેના ઉમેદવારોએ પોતાની ડિપોઝિટ ગુમાવી હતી. ફક્ત એક જ ઉમેદવાર તેની ડિપોઝીટ બચાવવામાં સફળ રહ્યો છે. રાજસ્થાનમાં આમ આદમી પાર્ટીને કુલ 1,48,709 મત મળ્યા છે, જ્યારે નોટાને 3,82,066 મત મળ્યા છે. એટલે કે નોટાને આમ આદમી પાર્ટી કરતા 2,30,000 વધુ વોટ મળ્યા છે.

રાજસ્થાનમાં ભાજપે 115 સીટો પર જીત મેળવી છે. કોંગ્રેસને 69 સીટો પર જીત મળી છે. મધ્ય પ્રદેશમાં ભાજપને 163 સીટો મળી છે જ્યારે કોંગ્રેસને 66 સીટો મળી છે. છત્તીસગઢમાં બીજેપીએ 54 સીટો પર જીતી છે જ્યારે કોંગ્રેસે 35 સીટ જીતી છે.

બીજી તરફ ઈડી દ્વારા કેજરીવાલની પૂછપરછ અને સંભવિત ધરપકડને પગલે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે જનતાને પૂછ્યું છે કે જો તેમની ધરપકડ કરવામાં આવે તો તેમણે મુખ્યમંત્રી રહેવું જોઈએ કે પદ છોડી દેવું જોઈએ.... કેજરીવાલે પોતાના કાર્યકરોને ઘરે-ઘરે મોકલીને લોકોને એ વાત જણાવવી કહી છે કે તેઓએ શું કરવું જોઈએ. તેમણે કહ્યું છે કે જો કથિત દારૂ કૌભાંડમાં તેમની ધરપકડ થાય તો તેમણે તેમના પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ કે જેલમાંથી જ સરકાર ચલાવવી જોઈએ. જો કે ભાજપ તેને કેજરીવાલનું વધુ એક નાટક ગણાવી રહ્યાં છે.

કાર્યકર્તા ઘરે-ઘરે જઇને લોકોનો સંપર્ક કરશે. આ ઉપરાંત તેઓ દરેક વિસ્તારમાં શેરી નાટકો અને પ્રચાર કરશે. સામાન્ય જનતા તેમને પોતાનો અભિપ્રાય આપી શકે છે. પાર્ટીના કાર્યકરો લોકોને ફોર્મ આપશે. આ ફોર્મ ભરીને જનતા પોતાનો અભિપ્રાય આપી શકે છે. જ્યારે આખી દિલ્હીમાંથી આ ફોર્મ પાર્ટી સુધી પહોંચશે ત્યારે જોવામાં આવશે કે જનતાનો અભિપ્રાય શું છે. તે મુજબ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ નિર્ણય લેશે. જનતા જે કહેશે તે તેઓ કરશે. અરવિંદ કેજરીવાલને આશા છે કે જનતા તેમનું સમર્થન કરશે. તેમનું માનવું છે કે મફત વીજળી અને પાણી, સરકારી બસોમાં મહિલાઓને છૂટ, દિલ્હીમાં સરકારી શાળાઓની સારી વ્યવસ્થા જેવા કામોથી જનતા ખુશ છે અને તેઓ તેમને મુખ્યમંત્રી તરીકે રહેવા દેવા માંગે છે. થોડા દિવસો પહેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા દિલ્હી દારૂ કૌભાંડ કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા.

આ કેસમાં દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને સંજય સિંહની ધરપકડ થઈ ચૂકી છે. ઈડી અરવિંદ કેજરીવાલ પાસેથી અનેક પ્રકારની માહિતી માંગે છે.

તો બીજી તરફ જપના નેતા મનજિંદર સિંહ સિરસાએ આરોપ લગાવ્યો કે અરવિંદ કેજરીવાલ પોતાની પત્નીને મુખ્યમંત્રી બનાવવા માંગે છે.



# અભિનેત્રી હુમા કુરેશી પણ નવલકથા લેખક બની ગઈ

અભિનેત્રી હુમા કુરેશી પણ નવલકથાકાર બની ગઈ છે. તેની પહેલી નોવેલ 'ઝેબા એન એક્સીડેન્ટલ સુપર હીરો' બેંગ્લુરુના લિટરેચર ફેસ્ટિવલમાં લોન્ચ કરાઈ હતી. હુમાના જણાવ્યા અનુસાર પોતે ૧૯૯૨ અને ૨૦૧૯ સુધીના કાળખંડને આવરી લેતી વાર્તા રચી છે. આ વાર્તામાં એક કાલ્પનિક સામ્રાજ્ય અને અને તેના દુષ્ટ રાજાની વાત છે. જેનો સામનો કરવા મહાશક્તિઓ ધરાવતી એક યુવતી ઝેબા હિંમત કરે છે.

હુમાના જણાવ્યા અનુસાર કોરોના લોકડાઉન વખતે ફુરસદના સમયે પોતે આ નોવેલ લખવી શરુ કરી હતી. રોજ સવારે તે ચોક્કસ સમયે લખવા બેસી હતી. તેણે કહ્યું હતું કે પોતે ઈચ્છે છે કે આ નોવેલ પરથી ફિલ્મ બને. શક્ય હશે તો હું જાતે જ ફિલ્મ બનાવીશ.

બોલીવૂડમાં તાજેતરની પેઢીમાં અભિનયની સાથે રાઈટિંગ તરફ વળી હોય તેવી હુમા બીજી અભિનેત્રી છે. ટ્વિંકલ ખન્ના દેશની બહુ જાણીતી કોલમિસ્ટ અને લેખક બની ચુકી છે. ખાસ કરીને તેની હાસ્ય વ્યંગની ક્ષમતાઓથી ભલભલા ધુરંધર લેખકો પણ અચંબો અનુભવી રહ્યા છે. તાજેતરમાં ટ્વિંકલનું નવું પુસ્તક લોન્ચ થયું હતું.

# 'એનિમલ' ફિલ્મના પગલે તૃપ્તિના ફેન્સની સંખ્યામાં મોટો ઉછાળો



રણબીર કપૂર અને રશ્મિકા મંદાનાની ફિલ્મ 'એનિમલ'થી તૃપ્તિ ડિમરીને સૌથી વધુ ફાયદો થયો છે. તેને હવે ભારતની નવી હાર્ટ થ્રોબ તરીકે ઓળખાવવામાં આવી રહી છે. તૃપ્તિ એક સારી એક્ટ્રેસ તરીકે પોતાની ક્ષમતા અગાઉ ઓટીટી પર પુરવાર કરી ચુકી છે. 'બુલબુલ' તથા 'કલા' જેવી ફિલ્મોને લીધે તે ઓટીટીની ટોચની હિરોઈન ગણાય છે. હવે મોટા પડદા પર પણ તે પ્રશંસા મેળવી રહી છે. 'એનિમલ' રીલીઝ થયા પછી તેના ચાહકોની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર 'એનિમલ'ની રીલીઝ ડેટના આગલા દિવસે તેના છ લાખ ફોલોઅર્સ હતા તે હવે વધીને ૧૨ લાખ થઈ ગયા છે. તેના લીધે બોલીવૂડમાં સૌનું ધ્યાન તેના તરફ ખેંચાયું છે. માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ 'એક્સ' પર સતત ત્રણ દિવસથી તૃપ્તિ ડિમરી જ ટોપ ટેન ટ્રેન્ડમાં છે. તેના જૂના ફોટા તથા ઈન્ટરવ્યૂઝ સતત અપલોડ થઈ રહ્યા છે. તૃપ્તિ અગાઉ અનુષ્કા શર્માના ભાઈ અને પ્રોડયૂસર કર્ણેશ શર્મા સાથે રિલેશનશિપમાં હતી. બંનેના બેહદ રોમાન્ટિક ફોટા પણ વાયરલ થાય હતા. જોકે, તાજેતરમાં જ તેમનું બ્રેક અપ થઈ ગયું હતું અને બંનેએ સોશિયલ મીડિયા પર એકબીજાને અનફોલો કરી દીધા હતા.

# ફાઇટર ફિલ્મનો પાઈલટ તરીકે હૃતિકનો ફર્સ્ટ લૂક જાહેર




બોલિવૂડનો હેન્ડસમ અભિનેતા હૃતિક રોશન ફરી એકવાર સ્ક્રીન પર પોતાનો ચાર્મ બતાવવા માટે તૈયાર છે. અભિનેતા ફિલ્મ ફાઈટર માટે ઘણા સમયથી ચર્ચામાં છે, જેના કારણે હૃતિક રોશનનો ફર્સ્ટ લુક સામે આવ્યો છે. ચાહકો તેને એરફોર્સના પાયલટ તરીકે જોઈને ઉત્સાહિત છે. 25 જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

હૃતિક રોશન છેલ્લા કેટલાક સમયથી ફિલ્મ 'ફાઈટર'ને લઈને ચર્ચામાં છે. આ દેશભક્તિની મૂવીમાં હૃતિકના અદભૂત અભિનય અને દીપિકા પાદુકોણ સાથેની તેની જોડી જોવા માટે ચાહકો આતુર છે. આ દરમિયાન હૃતિકનો ફિલ્મનો ફર્સ્ટ લુક સામે આવ્યો છે. શમશેર પઠાનિયાના પાત્રમાં અભિનેતા બોક્સ ઓફિસ પર ધમાકો કરતો જોવા મળશે.

સિદ્ધાર્થ આનંદના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ એક્શન અને દેશભક્તિની આસપાસ ફરતી વાર્તા છે. હૃતિક રોશન સ્ક્વોડ્રન પાયલોટ 'શમશેર પઠાનિયા' ઉર્ફે 'પેટી' તરીકે જોવા મળશે. આ પહેલા પણ અભિનેતાનો લુક શેર કરવામાં આવ્યો હતો, પરંતુ હવે તેના ચહેરા અને પાત્રના નામની સાથે તેની સંપૂર્ણ ઝલક બતાવવામાં આવી છે. આ ફિલ્મમાં હૃતિક અને દીપિકા ઉપરાંત અનિલ કપૂર પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે.

# ડેવિડ સાથે લાંબા ગાળાના બ્રેક બાદ ગોવિંદા કમ-બેક કરશે?



બોલિવુડની બેસ્ટ ડિરેક્ટર-એક્ટર જોડીની વાત કરવામાં આવે ત્યારે તેમાં એક જોડી હતી ગોવિંદા અને ડેવિડ ધવન. આ જોડીએ હીરો નંબર વન', 'કુલી નંબર વન' સહિત 18 ફિલ્મો આપી હતી. જોકે, કોણ જાણે જોડીને કોની નજર લાગી ગઈ. બંને વચ્ચે મતભેદ થયા, તેઓ છૂટા પડયા. ગોવિંદા બીજા ડિરેક્ટરો સાથે અને ડેવિડ અન્ય એક્ટરો સાથે ફિલ્મો કરતા થઈ ગયા.

જોકે, તાજેતરમમાં ડેવિડ ધવન અને ગોવિંદા ફરી મીડિયામાં ચમક્યા. તેઓ પ્રોડયુસર રમેશ તૌરાનીની દિવાળી પાર્ટીમાં ભેગા થઈ ગયા હતા. એમને કલાકો સુધી એકબીજાની કંપની એન્જોય કરતા જોઈને બધાને આશ્ચર્ય થયું. એટલું જ નહીં, ગોવિંદાએ બીજા જ દિવસે ડેવિડ ધવન સાથેનો પાર્ટી-ફોટો સોશિયલ મીડિયામાં શેર કરી નીચે કેપ્શન લખી, 'અસ્સી ઔર નબ્બે કે દશક મેં મેરી દો બિવીયાં થી. એક સુનિતા ઔર દૂસરી ડેવિડ.' આ તસવીર અને કેપ્શન જોઈને ચાહકોને મજા પડી ગઈ. તેમણે કમન્ટ્સનો મારો કર્યોઃ પ્લીઝ, તમે બંને જલદી સાગમટે કમબેક કરો!

ડેવિડ સાથે લાંબા ગાળાના બ્રેક બાદ થયેલા પુનર્મિલન વિશે ગોવિંદા કહે છે, 'લોકો હજુ પણ ઈચ્છે છે કે અમારે બંનેએ સાથે કામ કરવું જોઈએ. આ જાણીને ખુશી થઈ. યે ઉનકા પ્યાર હૈ. બાકી, મેરા ઔર ડેવિડ કા પેચ-અપ તો પહેલે હી હો ગયા થા. દિવાળી પાર્ટીમાં અમે બીજી વાર મળ્યા. પાર્ટીમાં મસ્ત ખાધું-પીધું ને મજાની વાતો કરી. બહુ મજા આવી. હું અને ડેવિડ ભૂતકાળ ઉખેડવામાં માનતા નથી. એ જરૂરી પણ નથી, એનો કોઈ અર્થ નથી. જો બીત ગયા સો બીત ગયા. અમે સાથે વીતાવેલી આનંદની પળો મમળાવી હતી. ઘણી સરસ સ્મૃતિઓ તાજી થઈ ગઈ.'

# રણદીપ-લિન મુંબઈમાં વેડિંગ રિસેપ્શન હોસ્ટ કરશે



રણદીપ હુડ્ડાએ તાજેતરમાં મણિપુરના ઈમ્ફાલમાં એક પોતાની લોંગ ટાઈમ ગર્લફ્રેન્ડ લીન લેશરામ મૈતઈ રિતીરિવાજ સાથે લગ્ન કર્યા. 29 નવેમ્બર, 2023 ના રોજ નજીકના મિત્રો અને પરિવારની હાજરીમાં પરંપરાગત રીતે લગ્ન કર્યાં હતા. ત્યારથી નવયુગલ કપલ તેમના લગ્નની તસવીરો ઈન્ટરનેટ પર શેર કરી રહ્યું છે. બીજી તરફ ચાહકો પણ કપલની તસવીરો પર ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે.

એક રિપોર્ટ પ્રમાણે, નવવિવાહિત યુગલ રણદીપ હુડા અને લીન લેશરામ મુંબઈમાં સ્ટાર-સ્ટડેડ વેડિંગ રિસેપ્શન હોસ્ટ કરવાની તૈયારી કરી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, કપલના નજીકના સૂત્ર તરફથી માહિતી મળી છે કે બંને 11 ડિસેમ્બર, 2023ના રોજ રિસેપ્શન પાર્ટી આપશે. સૂત્રએ એમ પણ કહ્યું કે રણદીપ અને લિનના પરિવારના સભ્યો સિવાય, તેમના ઈન્ડસ્ટ્રીના મિત્રો લગ્નના રિસેપ્શનમાં હાજરી આપશે. અહેવાલો અનુસાર, તેમના લગ્નની જેમ, રણદીપ અને લીને તેમના રિસેપ્શન માટે પણ પરંપરાગત વંશીય મણિપુરી પોશાક પહેરવાનું નક્કી કર્યું છે. જોકે, સ્થળ હજુ જાહેર થયું નથી.

રણદીપ-લિન મુંબઈમાં વેડિંગ રિસેપ્શન હોસ્ટ કરવાના છે. આવી સ્થિતિમાં, દરેક વ્યક્તિ જાણવા માંગે છે કે કપલના ગેસ્ટ લિસ્ટમાં કયા સેલેબ્સનું નામ છે. જો કે ગેસ્ટ લિસ્ટ જાણી શકાયું નથી પરંતુ રણદીપે સલમાન ખાનથી લઈને ઐશ્વર્યા રાય અને પ્રિયંકા ચોપરા સુધી બધા સાથે કામ કર્યું છે. આવી સ્થિતિમાં, એવી આશા રાખી શકાય છે કે રણદીપ અને લિનના લગ્નના રિસેપ્શનમાં ઘણા મોટા સ્ટાર્સ હાજરી આપી શકે છે.

# કોફી વિથ કરણમાં હાજરી બાદ શરૂ થયેલા વિવાદથી ક્રિતિ ગુસ્સે ભરાઈ



ક્રિતિ સેનન પાછલા કેટલાક દિવસથી વિવાદમાં ઘેરાયેલી છે. કોફી વિથ કરણના એક એપિસોડ દરમિયાન ટ્રેડિંગ પ્લેટફોર્મનું પ્રમોશન કરવાના આક્ષેપ થઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલી આ પ્રકારની અટકળો મામલે ક્રિતિએ આખરે ચુપકિદી તોડી છે અને ફેક ન્યૂઝ ફેલાવનારા સામે લીગલ એક્શન લેવાની તૈયારી હાથ ધરી છે.

નેશનલ એવોર્ડ વિનગર ક્રિતિ સેનન અંગે પાછલા કેટલાક સમયથી કહેવાય છે કે, તેમણે કરણ જોહરના ચેટ શો દરમિયાન ટ્રેડિંગ પ્લેટફોર્મ્સનું પ્રમોશન કર્યું હતું. પોતાને બદનામ કરવા આ પ્રકારની અફવા ચાલતી હોવાનો દાવો ક્રિતિએ કર્યો છે. ક્રિતિએ ફિલ્મોમાં એક્ટિંગની સાથે બિઝનેસ વૂમન તરીકે પણ ઓળખ મેળવી છે. ક્રિતિ પાછલા વર્ષે કોફી વિથ કરણમાં પહોંચી હતી. તે સમયે ઘણાં મીડિયા રિપોટ્ર્સમાં દાવો થયો હતો કે, ક્રિતિએ ટોક શોમાં ટ્રેડિંગ પ્લેટફોર્મ્સનું પ્રમોશન કર્યુ હતુ. ક્રિતિએ મહિનાઓ બાદ આ મામલે ચૂપકિદી તોડી છે અને ઈન્સ્ટાગ્રામ પર ફેક ન્યૂઝ સામે એલર્ટ રહેવા જણાવ્યું છે. આ ઉપરાંત પોતાને બદનામ કરતાં ફેક ન્યૂઝ ચલાવનારા તત્વોને લીગલ નોટિસ અપાઈ હોવાનું કહ્યું છે. ક્રિતિએ દાવો કર્યો છે કે, તેણ ક્યારેય ટ્રેડિંગ પ્લેટફોર્મની વાત કરી નથી. આ પ્રકારના રિપોટ્ર્ માનહાનિ સમાન છે.

# રશ્મિકા આગામી ફિલ્મમાં એક આઈટમ સોન્ગ કરતી જોવા મળે તેવી સંભાવના



રશ્મિકા મંદાના આગામી ફિલ્મમાં એક આઈટમ સોન્ગ કરતી જોવા મળે તેવો રિપોર્ટ છે. આ ગીતમાં તે વિજય દેવરકોંડા સાથે જોડી જમાવવાની છે.જોકે આ વિશે કોઈ સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી. મળેલી જાણકારીના અનુસાર, મૃણાલ ઠાકુરની આગામી ફિલ્મ ફેમિલિ સ્ટારમાં રશ્મિકા મંદાના જોવા મળે તેવી શક્યતા છે. કહેવાય છે કે, આ ફિલ્મમાં રશ્મિકાનો બન્ને કલાકારો સાથે એક ડાન્સ નંબર હશે. થોડા દિવસો પહેલા રશ્મિકા મદાના, વિજય દેવરકોંડા અને મૃણાલઠાકુરે એક સાથે ઈન્સ્ટાસ્ટોરી પર પોતાની દિલ્હી શૂટિંગની ઓન લોકેશનની જાણકારી આપી હતી. આ પછી લોકો અટકળ બાંધી રહ્યા છે કે, રશ્મિકા, વિજય અને મૃણાલ એક સાથે ફિલ્મમાં જોવા મળશે. અક વાતચીત દરમિયાન રશ્મિકાએ જણાવ્યું હતુ કે, તે જલદીજ વિજય દેવરકોંડા સાથે કામ કરતી જોવા મળશે. એટલું જ નહીં થોડા સોશયલ મીડિયા હેન્ડલ્સે પણ વિજય દેવરકોંડા અને રશ્મિકા સાથે શૂટિંગ કરતા હોવાની એક ક્લિપ વાયરલ થઈ હતી.

# 'ભૂલભૂલૈયા'ના બીજા ભાગના હિરો કાર્તિકને ત્રીજા ભાગમાં રિપીટ કરાયો



'ભૂલભૂલૈયા'ના બંને ભાગની સફળતા બાદ હવે ત્રીજા ભાગની તૈયારી શરુ થઈ ગઈ છે. બીજા ભાગના હિરો કાર્તિકને ત્રીજા ભાગમાં રિપીટ કરાયો છે જ્યારે ભાગ એકના હિરો અક્ષય કુમારની બીજા પછી ત્રીજા ભાગમાંથી પણ હકાલપટ્ટી થઈ ગઈ છે.

અક્ષય કુમારે ભાગ બેનો રોલ મેળવવા માટે પણ આકાશપાતાળ એક કર્યાં હતાં. જોકે, તેની કોઈ કારી ફાવી ન હતી. હવે બીજા ભાગમાં કાર્તિક આર્યનની સફળતા બાદ નિર્માતાઓ અક્ષય જેવા મોટા સ્ટાર પર રોકાણ કરવા ઈચ્છતા નથી. અક્ષય કુમાર હવે સફળતાની ગેરન્ટી પણ આપી શકતો નથી. તેની સરખામણીએ કાર્તિક ઉપરાછાપરી હિટ ફિલ્મો બાદ સેલેબલ સ્ટાર ગણાય છે.

જોકે, ત્રીજા ભાગમાં કામ કરવાનો તબુએ ઈનકાર કરી દીધો છે. બીજા ભાગમાં તબુની એક્ટિંગનાં જ સૌથી વધારે વખાણ થયાં હતાં. નિર્માતાઓ પણ તેને રિપીટ કરવા ઉત્સુક હતા. પરંતુ, બહુ મોટી રકમની ઓફર છતાં પણ તબુએ એકનો એક રોલ ફરીથી ભજવવાની ના પાડી દેતાં હવે ફરી નવી મંજુલિકાની શોધ ચાલી રહી છે. બીજી તરફ કાર્તિકની હિરોઈન તરીકે કિયારા જ રિપીટ થશે કે કેમ તે અંગે અટકળો છે. હાલ ફિલ્મની સ્ક્રિપ્ટ નક્કી થઈ રહી છે. ત્યારબાદ જ કાર્તિકની હિરોઈન તથા અન્ય નવા કલાકારો વિશે નિર્ણય લેવાશે.

# અક્ષય કુમારની 'હાઉસફુલ 5' ફિલ્મની રિલીઝ ડેટ પાછી ઠેલાઈ




'હાઉસફુલ 5' અક્ષય કુમારની મોસ્ટ અવેટેડ ફિલ્મોમાંથી એક છે. હાઉસફુલે તેની દરેક ફિલ્મથી દર્શકોને ખૂબ હસાવ્યા છે. હવે ચાહકો આ ફ્રેન્ચાઈઝીના પાંચમા ભાગની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. જો કે, ફિલ્મ સંબંધિત અપડેટ ચાહકોને ચોંકાવી શકે છે. મનોરંજન અને હાસ્યના ડબલ ડોઝથી ભરેલી મોસ્ટ અવેટેડ ફિલ્મ 'હાઉસફુલ 5'ની રિલીઝ ડેટ મેકર્સ દ્વારા મોકૂફ રાખવામાં આવી છે. અક્ષય કુમારે તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર કેટલીક તસવીરો શેર કરી છે. આ સાથે ખિલાડી કુમારે તરુણ મનસુખાની દ્વારા નિર્દેશિત ફિલ્મ 'હાઉસફુલ 5'ની નવી રિલીઝ ડેટ પણ જાહેર કરી છે. પહેલી તસવીરમાં જાહેરાત કરવામાં આવી છે કે ભારતની સૌથી મોટી કોમેડી ફ્રેન્ચાઈઝી જૂન 2025 માં પરત ફરશે. તમને જણાવી દઈએ કે અગાઉ અક્ષય કુમાર સ્ટારર કોમેડી ફિલ્મ આવતા વર્ષે એટલે કે દિવાળી 2024માં મોટા પડદા પર આવવાની આશા હતી. જોકે, તાજેતરની જાહેરાત બાદ ચાહકો ચોંકી ગયા છે. ફિલ્મની સ્ટાર કાસ્ટની વાત કરીએ તો હાલમાં 'હાઉસફુલ 5' માટે અક્ષય કુમાર અને રિતેશ દેશમુખના નામની પુષ્ટિ થઈ ગઈ છે. એવી અફવા છે કે જોન અબ્રાહમ, અભિષેક બચ્ચન અને બોબી દેઓલ પણ આગામી ફિલ્મનો ભાગ બની શકે છે. આ બધાની વચ્ચે આ ફ્રેન્ચાઈઝી પ્રત્યે ચાહકોના પ્રેમનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે આ પહેલી ફ્રેન્ચાઈઝી હશે જેમાં પાંચ ફિલ્મો હશે. હાઉસફુલ 4, 2019 માં રિલીઝ કરવામાં આવી હતી.

ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ભારતનું બુલેટ ટ્રેન માટેનું પ્રથમ રેલવે સ્ટેશન અમદાવાદમાં બનીને તૈયાર

■ સ્ટેશનના નિર્માણમાં આધુનિક આર્કિટેક્ચર સાથે સાંસ્કૃતિક વારસાનું અનોખું મિશ્રણનો સમાવેશ

ગુજરાત | વંદન



ભારતનું પ્રથમ બુલેટ ટ્રેન માટેનું સ્ટેશન અમદાવાદમાં બનીને તૈયાર છે. રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે ગુરુવારે સાબરમતીમાં તૈયાર થયેલા બુલેટ ટ્રેન ટર્મિનલનો એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં સ્ટેશનનો ભવ્ય દેખાવ જોઈ શકાય છે. જેમાં બુલેટ ટ્રેન સ્ટેશનના નિર્માણ દરમિયાન આધુનિક આર્કિટેક્ચર સાથે સાંસ્કૃતિક વારસાનું અનોખું મિશ્રણ જોવા મળ્યું હતું.

દેશની પ્રથમ બુલેટ ટ્રેન અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડવા જઈ રહી છે. જે જાપાનની મદદથી તૈયાર કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે બુલેટ ટ્રેનની મદદથી અમદાવાદથી મુંબઈનું અંતર માત્ર બે કલાક અને સાત મિનિટમાં કાપવામાં આવશે. આવી સ્થિતિમાં ટ્રેન મહત્તમ 350 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે.

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ 508 કિલોમીટર લાંબો ટ્રેક નાખવામાં આવી રહ્યો છે. આ ટ્રેન ટનલ અને દરિયાની નીચેથી પસાર થશે. આ પ્રોજેક્ટ પાછળ 1.08 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થવાની સંભાવના છે.

વીડિયોમાં રેલવે મંત્રીએ બુલેટ ટ્રેન ટર્મિનલની અદ્ભુત ઝલક બતાવી છે. વીડિયો ટ્વીટ કરીને રેલવે મંત્રીએ લખ્યું, 'ભારતનું પ્રથમ બુલેટ ટ્રેનનું ટર્મિનલ! સાબરમતી મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ, અમદાવાદ.' રેલ્વે મંત્રી દ્વારા શેર કરાયેલ આ વિડિયોમાં એક મનમોહક ઝલક રજૂ કરવામાં આવી છે. જેમાં એક ટર્મિનલ બતાવે છે જે આધુનિક આર્કિટેક્ચરને ભારતના સાંસ્કૃતિક વારસા સાથે એકીકૃત રીતે જોડે છે.

## ટેન્કરમાંથી ઝડપાયો 400 પેટી દારૂનો જથ્થો



ગુજરાત | વંદન

થર્ટી ફર્સ્ટ પહેલા જ ગુજરાતમાં દારૂ ઘૂસાડવાના બુટલેગરના નવા કિમીયોનો અમદાવાદ પોલીસે પર્દાફાશ કર્યો હતો. મળતી જાણકારી અનુસાર, અમદાવાદ પ્રિવેન્શન ઓફ ક્રાઈમબ્રાંચને માહિતી મળી હતી કે બાવળાથી પસાર થતા ટેન્કરમાં દારૂની હેરાફેરી કરવામાં આવી રહી છે. આ માહિતીના આધારે પોલીસે બાવળા પોલીસને સાથે રાખી બાવળા નજીકથી પસાર થતા ટેન્કરને રોક્યુ હતું. ટેન્કરની તપાસ કરતા ટેન્કરની અંદરથી 400 વિદેશી દારૂની બોટલનો જથ્થો હાથ લાગ્યો હતો. પોલીસ 2 આરોપીઓની પણ અટકાયત કરી હતી.

## રાજકોટમાં ફાયર વિભાગની મંજૂરી વિના 11 માળની સરકારી હોસ્પિટલ બની ગઈ!

■ ફાયર માટે જરૂરી રિફ્યૂઝ એરિયા જ ના છોડાયા, ચાર માળમાં હવે કરવી પડશે તોડફોડ...

ગુજરાત | વંદન



રાજકોટમાં નિર્માણ પામેલી જનાના હોસ્પિટલના બાંધકામમાં ગંભીર ભૂલ બહાર આવી છે. હોસ્પિટલના ૧૧ માળના બાંધકામ વખતે ફાયર સેફ્ટી માટે જરૂરી રિફ્યુઝ એરિયા મુકવાનું ભુલી જવાયું છે. આથી ફાયર વિભાગે હવે એનઓસી આપવાની ના પાડી દેતા એરિયા મુકવા માટે ચાર માળમાં મોટીભાંગફોડ કરી 40 લાખનો ખર્ચ કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. મળતી માહિતી મુજબ, હોસ્પિટલના ૧૧ માળના બિલ્ડીંગ માટે પ્લાન રાજકોટ કોર્પોરેશનમાં મુકવામાં આવેલો. જેમાં ફાયર વિભાગની મંજુરી લીધા વગર ટાઉન પ્લાનીંગ વિભાગમાંથી મંજુરી મેળવીને બાંધકામ કરી લેવાયું હતું. આથી હવે ટાઉન પ્લાનીંગ વિભાગની લાપરવાહી કે સરકારી ઈમારત હોવાના કારણે બાંધછોડ કરવામાં આવી છે, તે મુદ્દે કોર્પોરેસનમાં નવાજૂની થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

શહેરમાં ૧૫ મીટરથી વધુ ઉંચાઈની ઈમારત બનાવવા માટે આર્કિટેક દ્વારા લેઆઉટ પ્લાન મુકવામાં આવે તે પ્રથમ ફાયર વિભાગને આપવાનું હોય છે. જેમાં ફાયર વિભાગ ફાયર એનઓસી અંતર્ગત ક્યા પ્રકારનું બાંધકામ કરવામાં આવશે તેનો અભ્યસા કરી જરૂરી સુધારા-વધારા કરે છે. ત્યારબાદ ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા ઈમારતને બાંધકામની મંજુરી મળે છે. પરંતુ જનાના હોસ્પિટલના લેઆઉટ પ્લાનમાં આ નિયમનો ઉલાળીયો કરવામા આવ્યો હોવાનું ખુલવા પામ્યું છે. જનાના હોસ્પિટલો લેઆઉટ પ્લાન ફાયર વિભાગને મંજુરી અર્થે આપવાના બદલે ટાઉન પ્લાનીંગ વિભાગમાં રજૂ કરી મંજુરી મેળવી લેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. અને ટાઉન પ્લાનીંગ વિભાગે ફાયર વિભાગની મંજુરી વગર કેવી રીતે બાંધકામની મંજુરી આપી દીધી તે પણ તપાસનો વિષય બન્યો છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

# હિરાસર એરપોર્ટનાં ઉદ્ઘાટન પાછળ થયેલા11.46 કરોડના ખર્ચની ઉઘરાણી કરાઈ

■ મુખ્ય ડોમ પાછળ જ 87 લાખનો ખર્ચ : ડેકોરેશન-સજાવટ અને ડીજીટલ ખર્ચ ધરખમ

ગુજરાત | વંદન

રાજકોટની ભાગોળે રૂા.1405 કરોડનાં તોતીંગ ખર્ચે નિર્માણ કરાયેલ આંતર રાષ્ટ્રીય હિરાસર એરપોર્ટનાં પ્રથમ ફેઈઝનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ ગત તા.27 જુલાઈના કરવામાં આવેલ હતું.આ લોકાર્પણ પાછળ 11.46 કરોડનો ભારેખમ ખર્ચ થવા પામેલ છે. જેની ઉઘરાણી હવે કલેકટર તંત્ર દ્વારા કેન્દ્ર સરકારનાં સીવીલ એવીએશન ડીપાર્ટમેન્ટ પાસે શરૂ કરવામાં આવી છે.

હિરાસર ખાતે રૂા.1405 કરોડના ખર્ચે આ ગ્રીન ફીલ્ડ એરપોર્ટનું નિર્માણ થતા રાજકોટ સહિત સૌરાષ્ટ્રના નાગરીકોને આંતર રાષ્ટ્રીય વિમાની મથકની ભેટ મળી છે.3.4 કિલોમીટરનો રન-વે તેમજ એક સાથે 14 વિમાનો પાર્ક કરી શકાય તેવી અદ્યતન સુવિધા ધરાવતા આ એરપોર્ટનું નિર્માણ કરવામાં આવેલ છે.

આ એરપોર્ટનાં લોકાર્પણ પાછળ વિજળી, મંડપ, ડેકોરેશન, ફૂડ પેકેટ, સાંસ્કૃતિક કાર્યક્રમ, સહિત કાર્યક્રમો માટે વહીવટી તંત્રને 11.46 કરોડનો ભારેખમ ખર્ચ થવા પામેલ છે.એરપોર્ટનાં લોકાર્પણ માટે રાજકોટનાં મહેમાન બનેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટમાં માત્ર જુજ કલાકોનું જ રોકાણ કર્યું હતું. આ દરમ્યાન હિરાસર એરપોર્ટની લોકોને ભેટ આપી હતી તેની સાથોસાથ રેસકોર્ષ ગ્રાઉન્ડમાં જંગી જાહેરસભાને સંબોધી હતી.




જેમાં વડાપ્રધાનનાં આ કાર્યક્રમ માટે મુખ્ય ડોમ પાછળ રૂા.27 લાખનો ખર્ચ થયો હોવાનું સીવીલ એવીએશન ડીપાર્ટમેન્ટનાં સુત્રોએ જણાવી ઉમેર્યું હતું કે વડાપ્રધાનનાં આ કાર્યક્રમ માટે ડેકોરેશન, સજાવટ, ડીજીટલ ખર્ચ, પણ લાખોની રકમના આંકડામાં થવા પામેલ છે. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ગીતા રબારીને રૂા.4 લાખ, ધીરૂભાઈ સરવૈયાને 1.50 લાખ રકમ ચુકવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.આ ઉપરાંત લોકલ સેંકડો કલાકારોને માત્ર મામુલી ખર્ચ આપેલ. દુપટ્ટાના 15000 અને ફૂડ પેકેટનાં 20 લાખના બીલો મુકવામાં આવેલ છે.

## એસીપી જીતેન્દ્ર યાદવ બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં વગાડશે ભારતનો ડંકો

■ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગુજરાતના પોલીસ અધિકારી પણ ભાગ લઈ રહ્યા છે...

ગુજરાત | વંદન



ગુજરાત પોલીસના અધિકારી વિદેશમાં બેડમિન્ટનની ગેમમાં ભારતને રિપ્રેઝેન્ટ કરશે. એસીપી જીતેન્દ્ર યાદવ વિદેશ પ્રવાસ કરી રહ્યા છે. જે ભારત માટે પ્રતિનિધિત્વ કરનાર પોલીસ સુપર કોપની સાથે સારા સ્પોર્ટ્સમેન પણ છે. જેઓ વિયેતનામ ખાતે યોજાનારી એશિયા સીનીયર ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં ભાગ લઈ ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

આગામી 12 ડિસેમ્બરથી 17 ડિસેમ્બર વિયેતનામ ખાતે રમાનારી એશિયા ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગુજરાતના પોલીસ અધિકારી પણ ભાગ લઈ રહ્યા છે. અમદાવાદમાં મદદનીશ પોલીસ કમિશનર તરીકે સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં હાલમાં ફરજ બજાવતા જીતેન્દ્ર યાદવ પ્રથમ પોલીસ કોપ છે, જે ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટ માટે વિદેશ પ્રવાસ કરી રહ્યા હોય. પોલીસ અધિકારી જીતેન્દ્ર યાદવ છેલ્લા ઘણા સમયથી બેડમિન્ટન ક્ષેત્રે અલગ અલગ ટુર્નામેન્ટો જીતીને હાલમાં વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશનની નંબર વનની પોઝિશન પર છે. ત્યારે વિયેતનામની ડબલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પણ ગોલ્ડ મેડલ જીતવા જિતેન્દ્ર યાદવ અને પાર્ટનર સમીર અબ્બાસ ખૂબ જ મહેનત કરી રહ્યા છે. મહત્વનું છે કે અગાઉ રાજસ્થાનના ઉદયપુર ખાતે રમાયેલી બેડ મિન્ટનમાં જીતેન્દ્ર યાદવ રેન્કિંગ નંબર 1 પર પણ પહોંચ્યાં હતા. તો ગુજરાત પોલીસ પણ સ્પોર્ટસ માટે 3 થી 5 લાખની સ્કોલરશિપની સાથે પ્લેયર્સને સ્પેશિયલ લીવ આપતા હોય છે જેનો લાભ લેશે. પોલીસ અધિકારી જીતેન્દ્ર યાદવ છેલ્લા ઘણા સમયથી બેડમિન્ટન ક્ષેત્રે અલગ અલગ ટુર્નામેન્ટો જીતીને હાલમાં વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશનની નંબર વનની પોઝિશન પર છે. ત્યારે વિયેતનામની ડબલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પણ ગોલ્ડ મેડલ જીતવા જિતેન્દ્ર યાદવ અને પાર્ટનર સમીર અબ્બાસ ખૂબ જ મહેનત કરી રહ્યા છે. મહત્વનું છે કે અગાઉ રાજસ્થાનના ઉદયપુર ખાતે રમાયેલી બેડ મિન્ટનમાં જીતેન્દ્ર યાદવ રેન્કિંગ નંબર 1 પર પણ પહોંચ્યાં હતા. તો ગુજરાત પોલીસ પણ સ્પોર્ટસ માટે 3 થી 5 લાખની સ્કોલરશિપની સાથે પ્લેયર્સને સ્પેશિયલ લીવ આપતા હોય છે જેનો લાભ લેશે.

### આ પ્લાન્ટ ફૂલી ઓટોમેટિક હશે જેમાં રોબોટિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે

# અમદાવાદ નજીક કોકા કોલા દ્વારા 3000 કરોડ ના ખર્ચે બોટલિંગ પ્લાન્ટ આકાર લેશે

■ સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ કેટેગરીમાં લગભગ 1000 લોકોને રોજગારી મળશે

ગુજરાત | વંદન

ગુજરાતની ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી નીતિના કારણે એક પછી એક ઉદ્યોગો રાજ્યમાં આવી રહ્યા છે. ઓટો મોબાઈલ અને સેમી કન્ડક્ટર ઈન્ડસ્ટ્રીને આકર્ષ્યા પછી ગુજરાતમાં અમેરિકન મલ્ટિનેશનલ કંપની કોકા કોલા જંગી રોકાણ કરવાની છે. અમદાવાદમાં સાણંદ નજીક કોકા કોલા 3000 કરોડ રૂપિયાના ખર્ચે પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે. કોકા કોલા કંપની દ્વારા ઈન્ટરનેશનલ રિફ્રેશમેન્ટ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ મારફત આ ઈન્વેસ્ટમેન્ટ કરવામાં આવશે.

સાણંદની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ-2માં Coca Cola પ્લાન્ટ સ્થાપવા માટે 1.60 લાખ ચોરસ મીટરનો એક પ્લાન્ટ ફાળવવામાં આવ્યો છે. એક સરકારી અધિકારીએ જણાવ્યું કે કોકા કોલાએ ગુજરાતમાં પોતાના બોટલિંગ પાર્ટનર્સ દ્વારા પહેલેથી બે મોટા રોકાણ કરેલા છે. ગુજરાત સરકારે ફટાફટ મંજૂરીની પ્રક્રિયા કરી દીધી છે અને કંપનીને જમીનની ફાળવણી પણ કરી દેવામાં આવી છે. કોકા કોલા અમદાવાદથી 33 કિલોમીટર દૂર ગોબલેજ પાસે પહેલેથી એક ફેસિલીટી ધરાવે છે જેમાં તેની બોટલિંગ પાર્ટનર હિંદુસ્તાન કોકા કોલા બેવરેજ લિમિટેડ કામ કરે છે. જ્યારે કોકા કોલાની બીજી ફેસિલિટી સાણંદ ખાતે આવેલી છે. આ બંને માટે કોકા કોલાએ કુલ મળીને 18 કરોડ ડોલરનું રોકાણ કરેલું છે.



સરકારના સૂત્રોએ જણાવ્યું કે આ પ્લાન્ટ ફૂલી ઓટોમેટિક હશે જેમાં રોબોટિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ ફેસિલિટી ઈન્ટરનેટ ઓફ થિંગ્સ પર આધારિત હશે અને તેમાં મશીન લર્નિંગ ટેક્નોલોજી એનેબલ્ડ ડિવાઈસ કામ કરશે જેથી ઉત્પાદન પ્રક્રિયા પર રિયલ ટાઈમ મોનિટરિંગ થઈ શકશે. કોકા કોલાના આ પ્લાન્ટમાં ઓટોમેટેડ સ્ટોરેજ અને રિટ્રિવલ સિસ્ટમ પણ હશે.

આ પ્લાન્ટનું બાંધકામ થશે ત્યારે ત્યારે સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ કેટેગરીમાં લગભગ 1000 લોકોને રોજગારી મળશે. આ પ્લાન્ટ તૈયાર થઈ જશે ત્યારે તેમાં એન્જિનિયર અને ઓપરેશનલ જોબ માટે લગભગ 400 માણસો કામ કરતા હશે.

સૂત્રોએ જણાવ્યું કે કોકા કોલાએ અત્યાર સુધીમાં ગુજરાતમાં લગભગ બે લાખ રિટેલર્સ દ્વારા રોજગારીની તક પેદા કરી છે. આ ઉપરાંત 1000 લોકોને પરોક્ષ અથવા પ્રત્યક્ષ રીતે રોજગારી આપી છે. કોકા કોલાના નવા પ્લાન્ટના કારણે ગુજરાતમાં તેને સંલગ્ન બીજા ઉદ્યોગોનો પણ વિકાસ થવાની શક્યતા છે. તેમાં પેકેજિંગ સપ્લાયર્સ, ફ્લેવર ઉત્પાદકો, એન્જિનિયરિંગ સર્વિસિસ, કેપિટલ ગુડ્સ, ઓટોમેશન સેક્ટરને ફાયદો થવાની ધારણા છે.

### સાત લોકોના જીવ લેનારી નકલી કફ સિરપ દુર્ઘટનાની તપાસમાં મોટો ખુલાસો


# હેન્ડ વોશ સેનેટાઇઝર મિક્સ કરીને તૈયાર કરવામાં આવ્યો હતો નશીલો સિરપ

■ આરોપીઓએ કોરોના દરમિયાન નકલી હેન્ડ સેનિટાઈઝર બનાવવાનો બિઝનેસ પણ કર્યો હતો

ગુજરાત | વંદન

ગુજરાતમાં ગયા અઠવાડિયે ખેડામાં સાત લોકોના જીવ લેનારી નકલી કફ સિરપ દુર્ઘટનાની તપાસમાં એક મોટો ખુલાસો થયો છે. કેવી રીતે રૂપિયા કમાવવાની લાલચમાં આરોપીઓએ લોકોના જીવ જોખમમાં મૂક્યા છે. આ તપાસમાં જાણવા મળ્યું છે કે જીવલેણ નકલી કફ સિરપ બનાવવા માટે 50%-60% મિથેનોલ યુક્ત હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નકલી કફ સિરપના માસ્ટર માઈન્ટ નીતિન કોટવાણીએ કોરોના રોગચાળા દરમિયાન નકલી હેન્ડ સેનિટાઈઝર બનાવવાનો બિઝનેસ કર્યો હતો. હવે તેણે અને તેના સાથીઓએ મળીને હર્બલ સિરપની આડમાં દારૂ વેચવાના ગેરકાયદેસર વ્યવસાયમાં પ્રવેશ કર્યો હતો, તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.





સામાન્ય રીતે આ ગેરકાયદેસર કફ સિરપ બનાવવા માટે ઈથેનોલનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ આ કિસ્સામાં આરોપીઓએ કોવિડ દરમિયાન તેમના દ્વારા બનાવવામાં આવેલા ડુપ્લિકેટ હેન્ડ સેનિટાઈઝર્સનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું હતું. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, એક આરોપીએ લગભગ ત્રણ વર્ષ પહેલાં ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન (FDCA) પાસેથી જરૂરી પરમિટ મેળવ્યા બાદ ડભાણના એક ગોડાઉનમાં નકલી હર્બલ સિરપની બેચ તૈયાર કરી હતી.

આ કેસની તપાસમાં અત્યાર સુધીમાં સામે આવ્યું છે કે યોગેશ સિંધીએ યોગી ફૂડ એન્ડ બેવેજીસ પ્રાઈવેટ લિમિટેડના નામે FDCAની પરમિશન લીધી હતી. બાદમાં કોવિડની પ્રથમ લહેર

...અનુસંધાન પેજ નં. 6 પર

## મતદારોને આકર્ષવા ગુજરાત સહિત દેશમાં 'સેલ્ફી વિથ લાભાર્થી' અભિયાન શરૂ કરાશે

■ ત્રણ રાજ્યોમાં સૌથી વધુ મહિલાઓએ ભાજપને વોટ આપ્યા હતા

ગુજરાત | વંદન

ચૂંટણી પછી પોતાની મહિલા લાભાર્થીની વોટ બેંકને મજબૂત કરી રહેલી ભાજપ લોકસભા ચૂંટણીમાં સતત ત્રીજીવાર જીત મેળવવા માટે એક વ્યૂહરચના પર કામ કરી રહી છે. હકીકતમાં, સમગ્ર પાર્ટી સંગઠન વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે સંપર્ક અને વાતચીત કરવામાં વ્યસ્ત છે. આ સાથે મહિલા મોરચાએ ખાસ કરીને મહિલા લાભાર્થીઓના મત એકત્ર કરવાના અભિયાનની કામગીરી તેજ કરી છે.

આ માટે દરેક સંસદીય સીટ માટે ટાર્ગેટ નક્કી કરતી વખતે આવી મહિલાઓ સાથે સેલ્ફી લેવામાં આવી રહી છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં મહિલાઓએ સૌથી વધુ મતો ભાજપને આપ્યા હતા. ત્યારબાદ હવે મહિલા મતદાર તરફ સંસદીય ચૂંટણી માટે ભાજપની નજર છે.

ભાજપ પોતાની યોજનાઓ વડે વિવિધ વર્ગોના દિલ જીતીને લાભાર્થીઓની મજબૂત વોટબેંક બનાવવાનો સતત પ્રયાસ કરી રહી છે. તેની અસર ત્રણ રાજ્યોના ચૂંટણી પરિણામો પર પણ જોવા મળી હતી, જ્યાં મહિલાઓએ ખુલ્લેઆમ ભાજપની તરફેણમાં મતદાન કર્યું હતું અને તેને જંગી જીત અપાવી હતી. આ રણનીતિ સાથે ભાજપ પણ મિશન-2024 તરફ આગળ વધી રહ્યું છે.



...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009

## પ્રદેશ પ્રમુખે10 જિલ્લા પ્રમુખોની નિમણૂંક કરી, હિંમતસિંહ પટેલ શહેર પ્રમુખ બન્યા

■ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ દ્વારા પક્ષના માળખામાં ફેરફાર....

ગુજરાત | વંદન



લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાત કોંગ્રેસ સાથે જોડાયેલા સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. વિધાનસભાની ચૂંટણીમાં ખરાબ પ્રદર્શન બાદ ફરીથી બેઠી થવાનો પ્રયાસ કરી રહેલી કોંગ્રેસે જિલ્લા સંગઠનમાં મોટા ફેરફાર કર્યા છે. કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં નવી ટીમ શક્તિસિંહ ગોહિલની જાહેરાત કરવામાં આવી છે. જેમાં પૂર્વ ધારાસભ્યો સહિતના નેતાઓને 10 જિલ્લાની જવાબદારી સોંપવામાં આવી છે.

### ટીમ શક્તિસિંહ ગોહિલમાં કોણ-કોણ?

પ્રતાપ દૂધાત અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, હિંમતસિંહ પટેલ અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ, લલિત વસોયાને રાજકોટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, ભરત, અમીપરા જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, ચેતનસિંહ પરમાર પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, ચંદ્રશેખર ડાભી ખેડા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, વિનુ સોલંકી આણંદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, જશપાલસિંહ પઢીયાર વડોદરા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, પ્રફુલ પટેલ નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને મુકેશ પટેલને ડાંગ જિલ્લા કોંગ્રેસ પ્રમુખની જવાબદારી સોંપાઈ છે.

## છેલ્લાં 10 વર્ષથી નકલી ડિગ્રી પર નોકરી કરતા 11 હેલ્થવર્કર ઝડપાયા

■ DDOએ હેલ્થ વર્કરોને નોટીસ આપી કેમ છૂટા ન કરવા 15 દિવસમાં ખુલાસો માંગ્યો

ગુજરાત | વંદન

મહેસાણામાં હવે નકલી ડિગ્રી કૌભાંડ સામે આવ્યું છે. , અહીં છેલ્લા 10 વર્ષથી 11 હેલ્થ વર્કર ખોટી ડિગ્રી પર નોકરી કરતાં હોવાનું સામે આવ્યું છે. માર્ચ 2023માં શરૂ કરવામાં આવેલ તપાસમાં આ કૌભાંડ સામે આવતા ખળભળાટ મચી ગયો છે.

પ્રાથમિક વિગતો મુજબ આ લોકોએ અન્ય રાજ્યોની યુનિવર્સિટીના નામથી નકલી ડિગ્રી મેળવી નોકરી મેળવી હતી. આ તરફ જિલ્લા વિકાસ અધિકારીએ તમામને નોટિસ આપી ખુલાસ માંગ્યો છે. આ સાથે હવે આ તમામ 11 હેલ્થ વર્કરને નોકરીમાંથી છૂટા કરવામાં આવશે.

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં એક મસમોટું અને ચોંકાવી દે તેવું કૌભાંડ સામે આવ્યું છે. મહેસાણા જિલ્લામાં ખોટી ડિગ્રી પર નોકરી કરતા હેલ્થ વર્કર ઝડપાયા છે. આ ઈસમો 10 વર્ષથી નકલી ડિગ્રી પર નોકરી કરતા હોવાનું સામે આવ્યું છે. જેને લઈ હવે તમામ 11 હેલ્થ વર્કરને નોકરીમાંથી છૂટા કરાશે. મહત્વનું છે કે,

...અનુસંધાન પેજ નં. 6 પર